
કુમાર

પૂરા પરિવારનું સર્વલક્ષી
સુરુચિપૂર્ણ સામયિક
વર્ષ : ૬૮મું
ડિસેમ્બર ૧૯૯૫
સળંગ અંક ૮૧૫

સંસ્થાપક : રવિશંકર મ. રાવળ
તંત્રી : ધીરુ પરીખ
સંપાદક : બિહારીલાલ ટાંક



હસ્તી અને યોદ્ધો : ઈ. ૧૨૪૦ થી ૧૨૮૦ દરમિયાનના કોણાર્કના સૂર્યમંદિરના ઉત્તર દરવાજા પાસેના આ શિલ્પમાં હાથી તેની સૂંઢમાં રણભૂમિમાંથી યોદ્ધાને ઉઠાવીને લઈ જાય છે તેમાં પશુની અનુકમ્પા કંડારાઈ છે.



મડોના અને શિશુ : માઈકલેન્જેલોએ આ વિખ્યાત શિલ્પમાં માતા મેરી અને પુત્ર ઈસુને પરંપરાથી જુદાં પડીને કંડાર્યાં છે. ખુલ્લાં નેત્રે માથું સહેજ ઝુકાવીને ખોળામાં બાળ ઈસુ તરફ સ્મિતભર્યું નિહાળતી મેરી અહીં નિમીલિત નેત્રે આંતરાભિમુખ બનેલી અને શિશુ ઈસુને ખોળામાં નહિ, પણ બે ઘૂંટણની વચ્ચે દર્શાવી, ચહેરા પરની ગંભીરતાને ઓછી બતાવી પોતાના જમણા પગથી જાણે પોતાનું અવતારકાર્ય પાર પાડવા પૃથ્વી પર અવતરણ કરવા માગતા હોય તેમ કંડાર્યા છે. આગળ સ્ટૅન્ડ પરની મીણબત્તી આવનાર પ્રકાશનું સૂચન કરે છે. □

કેટલાંક નોંધપાત્ર પ્રકાશનો

Mridula Sarabhai : *Rebel with a Cause (Arpana Basu)*: 'એકસો મૃદુલા જ, બસ, મારી પડખે હોય ને, તો ભારતભરમાં સમૂળી એક સામાજિક ક્રાન્તિ સરજી દેખાડું, 'આવો પ્રશસ્તિ-ઉદ્‌ગાર ઝટ નહિ રીઝતા મહાત્મા ગાંધીના મુખેથી કઢાવનાર મૃદુલા સારાભાઈનું આ છે જીવનચરિત્ર. મીઠાના સત્યાગ્રહમાં ઝંપલાવ્યું ત્યારે મૃદુલાએ પહેલી વીસી પણ હજી વટાવી નહોતી. પ્રથમ એ પરાક્રમે જ એણે દાખવેલ હિંમત તથા સાહસિકતાની વાતો વેગભેર ફેલાઈ, અને જોતજોતામાં એનું નામ ગુજરાતના ઘરઘરમાં ગુંજતું થઈ ગયું. ઊંચો સામાજિક દરજ્જો ધરાવતા કુટુંબના સભ્ય તરીકેના સાનુકૂળ સંજોગોએ ગાંધી–નેહરુ સાથે નિકટનો ઘરોબો કંઈક વહેલો બાંધી આપ્યો. નેહરુ એને 'અતિ બહાદુર બેટી' કહેતા. સરોજિની નાયડુ લડાવતાં એને 'ગુજરાતની જોન ઓફ આર્ક' તરીકે ઓળખાવીને. અને જનરલ થિમૈયા તો એક વાર બોલેલા કે, 'ભારતીય સેનાનો એ છે સૌથી જવાંમર્દ સૈનિક !' દારૂની દુકાનો પર 'પિકેટિંગ' કરતી એને જોઈને ચકિત, પ્રભાવિત થયેલા ખુદ એ દુકાનદારોએ એને 'પઠાણ'નું બિરુદ આપેલું ! આયુના ત્રીજા દાયકા દરમિયાન અનેક વાર જેલવાસ વેઠ્યો. નેહરુના સમાજવાદ તથા બિનસાંપ્રદાયિકતા અંગેના વિચારોથી પ્રભાવિત મૃદુલાબહેન મહિલાઓના સમાનતા માટેના તેમ જ બીજા હક્કો ખાતર જીવનભર ઝઝૂમ્યાં, તો કોમી રમખાણો દરમિયાન નીડરપણે - જાનને જોખમે સુધ્ધાં - ઉદાહરણીય કામ કર્યું. દેશના ભાગલા વખતે છેક પંજાબ પહોંચી જઈને અપહૃત અસહાય અબળાઓને પાછી મેળવવા બાબતે એમણે કરેલી કામગીરી આજે પણ અજોડ ગણાય છે. સ્વતંત્ર વિચારો સાથે પોતાનો અલગ મત ધરાવવાના વ્યક્તિના અધિકારવાળી નેહરુ-પ્રેરી વાત એવી તો પચાવી કે વખત આવ્યે ખુદ ગાંધી–નેહરુથી નોખો સૂર કાઢવામાં લગીરે ખચકાટ ન અનુભવ્યો એમણે. અનાકર્ષક, અને સામાન્ય રીતે રસ ન પડે તેવી, એક યા બીજી બાબત નિમિત્તે જીવનના, અંત પર્યંત લડતાં રહેનાર આ વીરાંગનાએ રાષ્ટ્રિય સરકારમાં એમને આપવા ધારેલા ઊંચા હોદ્દાઓને સતત ઠુકરાવતા રહી, નિષ્કામ ભાવે, બસ, કામ કર્યા જ કર્યું - પોતે પોતાનું માનેલું કામ. આધુનિક ભારતના રાજકીય-સામાજિક ઇતિહાસના એક પૃષ્ઠ સરખી આ જીવનીમાં અભ્યાસી જેટલો જ રસ જનસામાન્યને પણ પડશે. લેખિકા છે એક સનદી બંગાળી અફસરનાં ઇતિહાસવિદ્ ગુજરાતી પત્ની. પુરોવચન લખેલ છે ખ્યાતનામ ખુશવન્ત સિંહે.

xvi + 275 પાનાં : આર્ટ કાગળ પર છબિઓનાં આઠ પાનાં બીજાં : રૂ. 425

United Nations at 50 : An Indian View *(Edited by Satish kumar)* : લોકશાહી અને આર્થિક ન્યાય જેમાં પ્રવર્તમાન હોય તેવાં સ્વતંત્ર રાષ્ટ્રોના બનેલા શાંતિભર્યા વિશ્વની રચનાના હેતુથી સંયુક્ત રાષ્ટ્રસંઘ 'યુનો'ની સ્થાપના ૧૯૪૫માં થઈ. ઠંડા યુદ્ધના અંત પછી, દુનિયાની સઘળી પ્રજાઓનો સહિયારો અવાજ તેમાં બુલંદ બનશે એવી જે એક આશા જન્મેલી તે ઠગારી નીવડી. વર્ગવર્ચસવાળાં રાષ્ટ્રોની મેલી રાજરમતનો અખાડો જ આ વિશ્વસંસ્થા હતી, એ સ્થિતિ ચાલુ જ રહી. આ સંજોગોમાં સાચી લોકશાહી સંસ્થામાં, તેનું પરિવર્તન શી રીતે થઈ શકે ? સરસાઈ દ્વારા નહિ પણ સહકાર વડે જ ઊકલી શકે તેવા આજની દુનિયાના સલામતીના પ્રશ્નોના નિરાકરણ માટે કાર્યરત તેને કેવી રીતે કરી શકાય ? અણુશસ્ત્રોને ગેરકાયદેસર ઠરાવવા માટેની હિલચાલ સંદર્ભે શો ભાગ તે ભજવી શકે ? નવા કયા પડકારો તેનાં શાંતિદળોની કામગીરી સામે આવીને ઊભા છે આજે ? સમાન વિશ્વ અર્થવ્યવસ્થાની સિદ્ધિ માટે મુખ્ય મધ્યસ્થ ભૂમિકામાં તેને કાર્યાન્વિત કરવા શું થઈ શકે ? સામાજિક મુદ્દાઓ ઉપરાંત પર્યાવરણની જાળવણી અને માનવીય હક્કોની રક્ષા જેવા પ્રશ્નો સંદર્ભે તેની સિદ્ધ કેવીક છે ? અને, સૌથી વિશેષ તો, ૨૧મી સદીના પડકારો ઝીલવા જેટલી સક્ષમ તેને બનાવવા સારુ તેની સલામતી સમિતિના લોકશાહીકરણથી આરંભીને બીજા કયા કયા સુધારા સવેળા તેમાં લાવવા ઘટે ? આવા આવા પ્રશ્નો, વિશ્વસંસ્થાની સ્થાપનાને, ૫૦ વર્ષ આ સાલ પૂરાં થાય છે તે પ્રસંગે પ્રકાશિત આ પુસ્તકમાં જ્ઞાન અને અનુભવ થકી પોતપોતાનાં ક્ષેત્રમાં વિખ્યાત એવા અગિયાર નિષ્ણાતોએ ઊંડાણથી તપાસ્યા છે. મુખ્યત્વે, સ્વાભાવિક, ભારતીય દૃષ્ટિકોણ રજૂ કરતું સમયોચિત પ્રકાશન, જેના સંપાદક દિલ્હીની જ. નેહરુ યુનિવર્સિટીમાં રાજનીતિના પ્રાધ્યાપક હોવા ઉપરાંત એ વિષયના અધિકારી જ્ઞાતા તરીકે જાણીતા છે.

xvi + 257 પાનાં : રૂ. 295

ડિસેમ્બર **કુમાર** ૧૯૯૫

કુમાર સળંગ અંક ૮૧૫

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
ડિરેક્ટરો : હીરાલાલ ભગવતી (ચેરમેન), બિહારીલાલ પો. શાહ, ભાલચંદ્ર શાહ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર,
અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ,
અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૫૫૦૫૬૫૦)
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડોલર ૨૫ અથવા રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

જિંદગી એટલે શું?
અંધારું કે અજવાળું? સુખ કે પુણ્ય?
જિંદગી એટલે રાત્રિ કે દિવસ?
નિવૃત્તિ કે પ્રવૃત્તિ? વસંત કે ગ્રીષ્મ?
જિંદગી એટલે શ્રેય કે પ્રેય?
— જિંદગી એટલે કલ્યાણયાત્રા.

ન્હાનાલાલ
('જયા-જયંત'માંથી)

મારાં ગીત

મારાં તો માનવીનાં ગીત રે.
કાચી તે કાયા કેરી
મમતા બાંધ્યાની એવી રીતે રે - મારાં તો૦
માળા બાંધીને એ તો બેસે જૈ ઝૂલવા રે,
હૈયાનાં હેતમાં આ દુનિયાને ભૂલવા રે,
ભવભવના વેરી સંગે
મનડું માંડે છે મોંઘી પ્રીત રે - મારાં તો૦
મનખાની એ મુજ માયા કેમે ના છૂટશે રે,
દોરી આ આયખાની ક્યારે ના તૂટશે રે,
ઘડીપલના ઘટમાં જાણે
જુગ જુગ માણ્યાની એની જીત રે - મારાં તો૦

પિનાકિન્ ઠાકોર

વાચકો લખે છે

'રસિકપ્રિયા' પરથી ચિત્રાવલિ

'કુમાર', મે, ૧૯૯૫ના મૃખપૃષ્ઠની પાછળની બાજુ રંગીન ચિત્ર સંદર્ભે વિધાનો છે :

'ઓરછાના રાજા ઇન્દ્રજિતના રાજકવિ કેશવદાસ (ઈ. ૧૫૫૫-૧૬૧૭) હિંદી કાવ્યસાહિત્યમાં ઋતુકાવ્યોના પ્રણેતા મનાય છે. મુખ્યત્વે નાયક-નાયિકા અને તેના પ્રકારને અનુલક્ષીને ઇ. ૧૫૯૧માં એણે રચેલી 'રસિકપ્રિયા' નામક એક વિખ્યાત કૃતિ છે.... 'રસિક પ્રિયા'માંથી જ પ્રેરણા પામી ઈ. ૧૬૫૦ના અરસામાં રાજસ્થાનની મેવાડશૈલીના આ ચિત્રમાં મૂળ તો બે ભાગ છે, જેમાંનો આ એક અહીં દર્શાવ્યો છે... રાજસ્થાનની અન્ય ચિત્રશૈલીઓ પર આ મેવાડશૈલીનો ઠીક ઠીક પ્રભાવ રહેલો છે.' આના અનુસંધાને...

૧૫૬૬-૬૭ : અકબરના શાસન દરમિયાન.

(૧૫૫૬-૧૬૦૫) શાહી મુગલ ચિત્રશૈલીનાં મંગલાચરણ જેમાંથી પેટા શાહી મુગલ ચિત્રશૈલી અને લોકપ્રિય (પૉપ્યુલર) મુગલ ચિત્રશૈલી ફંટાઈ.

૧૮ જૂન, ૧૫૭૬ના હલદી ઘાટીના યુદ્ધ પછી રાણા પ્રતાપે ૧૫૮૫માં અરવલ્લી ગિરિમાળામાં ચાવંડમાં પોતાની રાજધાની સ્થાપી. ૧૯૫૭માં રાણા પ્રતાપનું અવસાન.

૧૫૯૭-૧૬૨૨ : રાણા પ્રતાપના સુપુત્ર અમરસિંહ (૧)નું ચાવંડમાંથી શાસન, ૧૬૧૫થી ઉદેપુરમાંથી શાસન.

૧૫૯૭-૧૬૦૦ : મેવાડી ચિત્રશૈલીનો ઉદ્‌ભવ. બારમી સદીના ઉતરાર્ધમાં કવિ જયદેવ કૃત સંસ્કૃત કાવ્ય 'ગીતગાવિંદ' આધારિત ચિત્રાવલીના કેટલાક નમૂના નવી દિલ્હીના રાષ્ટ્રિય મ્યૂઝીઅમમાં છે.

૧૬૦૫ : ઉત્તર પ્રદેશના ચિત્રકાર નિસારડી (નસીરુદ્દીન) દ્વારા ચાવંડ મધ્યે રચાયેલ 'રંગમાલા' ચિત્રાવલી.

૧૬૨૦ : 'ઢોલામારુ' ચિત્રાવલી ઉદેપુર નજીક અધારપુરમાં રચાઈ જે શ્રી કાર્લ ખંડાલાવાલાએ નવી દિલ્હીના રાષ્ટ્રિય મ્યૂઝીઅમ માટે ખરીદી.

(ઈ. ૧૬૧૦માં અકબરના સૈન્યે 'ચાવંડ' પર કબજો જમાવ્યો. ૧૬૧૫માં રાણા અમરસિંહે (૧) અકબર સાથે સમાધાન કર્યું. રાણાની રાજધાની ઉદેપુર મધ્યે સ્થપાઈ.)

૧૬૨૫ : રાણા કરણસિંહના શાસન દરમિયાન 'રાસમંજરી' ચિત્રાવલી રચાઈ.

૧૬૨૮-૧૬૫૨ : રાણા જગતસિંહ(૧)નું શાસન.

૧૬૨૮ : ઉત્તરપ્રદેશના ચિત્રકાર સાહિબદિન (સાહેબદિન)નું ઉદેપુરમાં આગમન.

૧૬૨૮-૧૬૫૫ : સાહિબદિનના હસ્તે અને તેના માર્ગદર્શન હેઠળ મેવાડી ચિત્રશૈલીનો પ્રશસ્ય વિકાસ, વિવિધ ચિત્રાવલીઓની રચના.

૧૬૨૮ : સાહિબદિન કૃત 'રામમાલા' ચિત્રાવલી.

૧૬૨૯ : સાહિબદિન કૃત 'ગીતગોવિંદ' ચિત્રાવલી.

(૧) A COLLECTOR'S DREAM - કાર્લ ખંડાલાવાલા, ૧૯૮૭ પૃ. ૧૨૨-૧૩૫

(૨) LALIT KALA (A JOURNAL OF ORIENTAL ART, CHIEFLY INDIAN), ક્રમાંક ૨૪, ૧૯૯૦ જેમાં શ્રી કાર્લ ખંડાલાવાલાના બે વિસ્તૃત લેખો છે. પહેલા લેખમાં (પૃ. ૧૫-૪૬) શ્રી ખંડાલાવાલા અગાઉની પોતાની 'હિમાલય શી' ભૂલોનો એકરાર કરે છે, પોતાની ભૂલો સુધારે છે, પોતાનાં મંતવ્યોની ફેરવિચારણા કરે છે. અન્યોની ગંભીર ભૂલોની ખબર લઈ નાખે છે. બીજા લેખમાં (પૃ. ૪૭-૫૬) શ્રી ખંડાલાવાલા શ્રી શ્રીધર અંધારેના CHRONOLOGY OF MEWAR PAINTINGS, 1987) ની સમાલોચના કરે છે.

પરંતુ ત્રણ વર્ષો બાદ શ્રી ખંડાલાવાલા પોતાના મંતવ્યની ફેરવિચારણા કરે છે અને ૧૯૯૦ના 'લલિત કલા'માંના લેખમાં (પૃ. ૫૪), શ્રી શ્રીધર અંધારે સાથે સહમત થતાં, એમનું કથન છે કે સાહિબદિન કૃત 'રસિકપ્રિયા' ચિત્રાવલી સંભવતઃ ઈ. ૧૬૩૫-૧૬૪૦ દરમિયાન રચાઈ.

'A COLLECTOR'S DREAM'માં 'રસિકપ્રિયા' ચિત્રાવલીઓમાંથી ત્રણ રંગીન ચિત્રો પ્રકાશિત થયેલ છે.

(૧) ૧૬૩૪ : રાજસ્થાની, માલવા ચિત્રશૈલી, બુદેલખંડમાં ઓરચામાંની રચના, પૃ. ૧૧૧ (કવિ કેશવદાસ ઓરચાના રાજકવિ).

સાહિબદિન કૃત 'રસિકપ્રિયા' ચિત્રાવલી ૧૬૩૫-૧૬૪૦ દરમિયાન રચાયેલ હોય તો અમારી પાસેના સાહિત્યમાં ઇ. ૧૬૩૪ની 'રસિકપ્રિયા' ચિત્રાવલીનું આ ચિત્ર પ્રથમ સ્થાન પામે છે.

(૨) ૧૬૫૦ : રાજસ્થાની મેવાડ ચિત્રશૈલી, STYLE OF THE ARTIST SAHEBDIN, પૃ. ૯૯ અહીં વિધાન છે. કલાકાર સાહેબદિનની શૈલીમાં, નહિ કે કલાકાર સાહિબદિન કૃત. પરંતુ ચિત્ર સુરેખ, સચોટ, ધારદાર છે.

(૩) ૧૬૮૦ : રાજસ્થાની, માલવા ચિત્રશૈલી, નરસિંહગઢ, પૃ. ૧૧૫.

ઉપરોક્ત ચિત્રો 'કુમાર'ના કથનને સાર્થ કરે છે કે રાજસ્થાનની અન્ય ચિત્રશૈલીઓ પર આ મેવાડશૈલીનો ઠીકઠીક પ્રભાવ રહેલો છે.

ઈ. ૧૫૦૧માં રચાયેલ કવિ કેશવદાસ કૃત 'રસિકપ્રિયા'

કાવ્ય પરથી ચારેક દાયકાની અંદર 'રસિકપ્રિયા' ચિત્રાવલી રચાવા લાગી.

'કુમાર'માં ચિત્રના બંને ભાગ પ્રકાશિત કર્યા હોત તો ચિત્ર અધિક માણી શકાત. - વી. બી. ગણાત્રા (મુંબઈ)

* * *

આપના તરફથી 'પ્રસંગપરાગ' મળ્યું છે. સાચા માણસ દ્વારા જીવન જીવવાનું ભાથું એમાં સભર ભર્યું છે. આજે આવા 'પરાગ'ની તાતી જરૂર છે. ઊગતી પેઢીને જો સાચે રાહે લેવી હોય તો એક આ જ સાચો માર્ગ છે. સરસ બાઈન્ડિંગ, સુંદર છપાઈ અને દરેક વિચાર એક સરસ ચોકઠામાં બાંધીને આપે વાચકવર્ગને સુંદર લહાણી કરી છે.... ધન્યવાદ...

- દેવજીભાઈ વાજા (પોરબંદર)

* * *

૧) શ્રી ત્રિભુવન વીરજીભાઈ હેમાણીનું મુંબઈનું સરનામું કોઈને મળે ખરું ? મોકલશો ?

૨) 'કુમાર'માં ૧૯૭૩માં (મેનો અંક ૫૯૩, અને ઑગસ્ટનો ૫૯૬) મેઘાણીના 'વિલાયતથી પાછા વળતાં' નામે લેખવાળા જૂના એક સામયિક 'પુરુષાર્થ'ના અંકો - કે અંક - પોતાને ત્યાં હોવાનું જણાવેલું. એ લેખની 'ઝિરોક્સ'-નકલ એમનાં કુટુમ્બીજનો તસ્દી લઈને મને મોકલશે તો મોટો ઉપકાર થશે.

૩) આ શોધમાં 'કુમાર'ના વાચકો પણ મને મદદ ના કરે ? મારું સરનામું : ૬ - ઘોષા સોસાયટી, થલતેજ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૫૨. - કનુભાઈ જાની

* * *

નખ-શિખ સુંદર એવો 'કુમાર'નો અંક ૮૧૩ મળ્યો. આનંદિત થવાયું. આ અંકની છપાઈ પણ વ્યવસ્થિત છે. પૃ. ૫૧૭ પરનું ઉ.જો.નું રેખાચિત્ર જે બારીકાઈથી છપાયું છે એ એક ઉદાહરણ. અંકમાં વૈવિધ્ય પણ છે. બે નવી લેખમાળાઓ આકર્ષક રહેશે. 'આબુમાં સવાર' ચિત્ર પણ રંગદાર છપાયું છે... દિવાળી અંકનાં પાનાં ફેરવતા હોઈએ એવું લાગ્યું ! આપની જહેમત પણ પાને પાને સંકલનમાં વરતાઈ આવે છે.

* * *

૨૦૫૧ના વર્ષમાં 'કુમાર'ને તમારા તરફથી અનન્ય જુસ્સો પ્રદાન થયો છે એવું પાછળના અંકો ફરી જોતાં દેખાઈ આવે છે. નવું વર્ષ અને હવે પછીનાં વર્ષોમાં 'કુમાર' તમારે હાથે ખૂબ ખૂબ 'શણગારાય' અને વધુ લોકભોગ્ય બને એવી અભિલાષા.

* * *

મારા જીવનમાં 'કુમાર'નું સ્થાન અનન્ય છે. છેક સન. ૧૯૫૦ થી (મારી વય ૧૩ વર્ષ) 'કુમાર' સાથે નાતો બંધાયો છે. મહિને મહિને મળતું 'કુમાર'નું વાચન મનમાં અને હૃદયમાં એકરસ થતું રહ્યું છે. આજ દિવસ સુધી એમાં રજમાત્ર ફેર પડ્યો નથી.

'કુમાર'નો મારા પરનો આ પ્રભાવ મને જીવનમાં જેટલો ઉપયોગી રહ્યો છે તેટલો જ વ્યવસાયમાં પણ રહ્યો છે. છેલ્લાં તેત્રીસ વર્ષ ટેક્ષ્ટાઈલ પ્રિન્ટર તરીકે એકધારો વ્યવસાય કર્યો. એમાં 'કુમાર'નું શિક્ષણ જ મદદરૂપ રહ્યું છે. ધંધો એટલે હરીફાઈ હોય જ. પરંતુ, જ્યાં જ્યાં કામ કર્યું છે એ બધે જ કાપડ પર અનન્ય છાપકામ કરી મારી એક આગવી છાપ ઊભી કરી શક્યો. વેપારીઓ સાડી પરની છાપ જોઈને કહેતા, 'આ તો શાહસાહેબે છાપ્યું છે.' આવું આગવું છાપકામ કરવાની સુધ-બુધ 'કુમાર'ના શિક્ષણ દ્વારા જ મળી છે. 'કુમાર'માં છપાતાં ચિત્રો સાથે જે ચિત્ર-પરિચય અપાય છે એ દ્વારા ચિત્રસંયોજન, રંગછટા આ બધું કોઈ કલાશાળામાં પણ આટલું વિશદ વિવરણ સમજવા ન મળે; આ બધું 'કુમાર'માંથી મળ્યું અને વ્યવસાયમાં એનો ઉપયોગ કરી અન્યથી જુદા તરી આવવાનો કસબ મળ્યો.

આજે પણ મારા ખંડમાં 'કુમાર'ની લગભગ બધી જ ફાઈલો હાથવગી રહે છે. વળી, દરેક ફાઈલમાં છેલ્લે અપાતા વાર્ષિક સાંકળિયાની અલગ ઝેરોક્ષ કરાવી ફાઈલ બનાવી છે, જેથી પચીસ-ત્રીસ હજાર પાનાંઓમાંની જોઈતી માહિતી ક્ષણવારમાં મેળવી શકું.

જેને જીવનભર 'કુમાર'નો સ્પર્શ રહ્યો હોય એવા મારા જેવા ઉત્સુક વાચકોને મારી પાસેની આ વિપુલ સામગ્રીનો લાભ આપવા પણ ઇચ્છું છું. 'કુમાર'માં તો લગભગ બધું જ છપાયું છે, જેમ એન્સાઈક્લોપીડિયામાં હોય તેમ. કોઈ પણ વાચકને જરૂરી લેખ કે અન્ય માહિતી જે 'કુમાર'માં આવી છે એની ઝેરોક્ષ નકલ કરી આપી શકીશ. આ માટે મને જવાબી પત્ર લખી પૃચ્છા કરવા વિનંતી.

એક વિનંતી : 'કુમાર'નો લગભગ પૂરો સંગ્રહ છે. એમાં ખૂટતા અંકો મને કોઈ આપી શકે (કિંમત લઈને) તો મારો સંગ્રહ સંપૂર્ણ થઈ શકે, અને ઉપરોક્ત સેવા હું વધુ સારી રીતે આપી શકું. મારી પાસે વર્ષ ૧-૨-૩-૧૨-૧૫ના બધા જ અંકો ખૂટે છે. મારું સરનામું : ૭૦૩, નૂતનનિવાસ, ભટાર રોડ, સુરત-૩૯૫૦૦૧ - રમેશ શાહ (સુરત)

* * *

મારી પાસે 'કુમાર'ની જૂન ફાઈલો તથા છૂટક અંકો કાઢી નાખવાનાં છે. જરૂર હોય તેમણે સંપર્ક સાધવો : દિનકરરાય કે. ભટ્ટ, માણેકવાડી, સ્ટેશન પાસે, ઝવેરીના બંગલા સામે, કૃષ્ણનગર, ભાવનગર - ૩૬૪ ૦૦૧

ચોમાસા પછીનો ટ્રેનપ્રવાસ / ઉશનસ્

(શિખરિણી - સૉનેટ)

ગયું છે ચોમાસું અહીંથી હમણાં તાજું જ હજી,
ખીલ્યો છે લીલેરો ઉભય ભણી પટ્ટો તૃણતરુ -
તણો પૃથ્વીછેડા લગી, જ્યહીં લગી જાય નજરું
ધરા ભીની ભાસે હરિતવરણો વૈભવ સજી;

અને એ વચ્ચેથી મુજ વહી રહી ટ્રેન નીક-શી,
વિસર્વી વેગીલી, સીટ મુજ હતી બારીની કને,
અને તેયે ખુલ્લી, લીલી ભીની હવા સ્પર્શતી મને;
વીત્યો છે બપ્પોરી સમય, હતી સંધ્યા નજીક શી;

સરે ભીનો પટ્ટો દૃગ જરીક, ત્યાં પાંખ તીતલી-
સમાણા લ્હેકામાં લય મહીં કૂદાકૂદ કરતી
ઘડીમાં તો જાણે તૃણ પરની કો માખ, સ્ફુરતી
નથી, પાંખો ભીની ઊઘડતી ન, છે પોપચું-ઢળી !

પડે રાત્રિ, ગાઢે તિમિર પડદે લીન સઘળું:
દૃગો ઊડે થૈને જુગનુ, દ્યુતિરેખે દિશ કળું.

કૂહેણ / પ્રીતિ સેનગુપ્તા

(ગાન)

આવડું અમથું હૈયું એમાં અઢળક હરખ સમાય,
વાત-વિચારે હરખપદુડાં, થનગન થનગન કાય.
અલ્લક મલ્લક ઝાંઝર ઝલ્લક - ફરતે દીવા થાય,
પ્રેમકુંવરને કૂહેણ આવ્યાં તે ગરબે રમવા જાય.

ઉંબર, આંગણ, પાટ-હિંચકો, ખરો ઢોલિયો,
બંધ બારણે એક ઓરડો, ઊંચો મેડો,
બારી નાની, જોતાં તો યે આભનો છેડો,
કેવો એમાં લાગ્યો તમને દૂરનો નેડો.
સોનું ઝરતા દહાડા, રાતો રૂપેરી રંગાય,
પ્રેમકુંવરનાં નેણ ખૂલ્યાં તે મેઘધનુષ દેખાય.

નડે કોયડો કોઈ ખૂણે છાનો છાનો -
મન તૂટ્યાની હોનારતનો જવાબ માગે;
પણ પગલાં વિશ્વાસે લાંબો રસ્તો તાગે,
બે પળનો વિસામો તમને ઘર-શો લાગે.
તેડાં આવે, માલમ વ્હાણે વિલાત્યું લઈ જાય,
પ્રેમકુંવરની લેણ-દેણમાં સઘળું સરભર થાય.

આશ્લેષોમાં... / દેવેન્દ્ર દવે

(મંદાક્રાન્તા - સૉનેટ)

'ગોઠે ના કૈં....' ખતથી નીતરે ડુસકાતો અજંપો,
ઊભો ઊભો વિરહ ચગળે આ ફળી મધ્ય ચંપો !
ડેલી થાકી નિજ દૃગ બિછાવી જુએ 'વાટ' કોની ?
જે બંધાણી નિત ઝણકતાં ઝાંઝરોના સ્વરોની;
ઊગે ઝાંખો દિનકર, દીસે પાંડુવર્ણો શશાંક
એકાકીલો 'દીન' નસીબને ભાંડતો મૂક - રાંક !

આવી પાછી પિયરથકી તું - થાય કેવું સજીવ !
ટી.વી., સોફા, કિચન ગમતાં એ જ પાછાં અતીવ !
ટૌકે તારા કુસુમ મલક્યાં ઓશિકાના ગલેફે !
એની એ સૌ જણસ - પણ શી ઝૂમતી મસ્ત કેફે !

ધીરેથી જ્યાં નજીક સરકી ફૂલ-શી મ્હેક ઘૂંટી
લ્યો. ઓચિંતી પતઝડ વળાવી, વસંતો અનૂઠી
બેઠી ડાળે... ! રુધિર નસમાં ઓગળ્યું ઘી સમાણું,
આશ્લેષોમાં સમદર રહ્યાં ઊછળી - શેં વખાણું ?!

ઘડીમાં તો / ગીતા પરીખ

(ઇન્દ્રવજ્રા- મુક્તક)

આ 'આવ'ના અક્ષર 'આવજે'માં
ના જાણ્યું ત્યાં તો પલટાઈ ચાલ્યા;
ને સંગની સૌ 'અનુભૂતિ' મારી
ક્યાંથી બની ગૈ સ્મૃતિમાત્ર હૈયે!

ન સ્હેજ જ્ઞાન / કૃષ્ણ દવે

(ગાન)

અર્થ-સભર મૌન ગાન
કલરવ નહીં બેજુબાન.

ડગર ડગર દૃશ્યમાન
પણ પ્રિયજન આસમાન.


ક્ષણભર સડકો અભાન
ભગદડ મચવે મકાન.

અવ અલખ્ ન સ્હેજ જ્ઞાન
અગન-જલ લગે સમાન.

ક્ષણ ક્ષણ ક્ષણ ઘૂંટ ઘૂંટ
ભર ભર કર કાલપાન.

લહર લહર આરપાર
જળ પર જળ બેસુકાન.

ચોમાસા પછીનો ટ્રેનપ્રવાસ • પ્રકૃતિના સહજ વર્ણનની ભૂમિકામાં કાવ્યનાયકના ચિત્તે અનુભવેલો આનંદ અંતે જતાં દૃગોને જુગનુનું રૂપક આપવામાં ચરમસીમાએ પહોંચે છે. દિવસના પ્રકાશમાં માણેલી લીલીછમ પ્રકૃતિને સ્મરણના ટેકે રાત્રિના અંધારામાં પણ ચિત્ત માણી રહે છે. **કૂહેણ** • કાવ્યનાયિકાના હૃદયમાં પ્રેમનાં કૂહેણ ગુંજી રહે છે અને તે ગરબે રમવા નીસરી પડે છે તેમાં કોઈ મનનો માલમ એને ઠેઠ વિલાયત લઈ જતો ન હોય તેવો રોમાન્સ પ્રકટ થયો છે. અહીં ગ્રામબાનીમાં નિરૂપાયેલું વાતાવરણ આસ્વાદ્ય બને છે. **આશ્લેષમાં...** • પ્રિયતમા પત્નીની ગેરહાજરીમાં ઘરનું પરિચિત વાતાવરણ જાણે અપરિચિત બની સૂનકાર સર્જતું હતું તે પત્નીના આગમને આનંદથી હિલ્લોળાઈ રહે છે અને થીજેલા આનંદને પ્રવહમાણ થતો દર્શાવવા કવિ 'રુધિર નસમાં ઓગળ્યું ઘી સમાણું' કહી તળપદ નાવીન્યપૂર્ણ ઉપમા પ્રયોજી હરખને પવિત્ર અને શાન્તસંયમી બનાવે છે. **ન સહેજ જ્ઞાન** • કોઈ અદીઠના આકર્ષણની ઊંડી અનુભૂતિ 'અર્થ-સભર મૌન ગાન' જગવે છે અને એ ભરતીને દ્રુત લયમાં અભિવ્યક્ત કરી કવિ સમગ્ર અનુભૂતિને ઓપ આપી કાવ્યબાનીનો કસબ દાખવે છે. - ધી.પ.



ઇઝરાયલના મુક્તિજંગમાં મહત્ત્વનો ફાળો આપનાર અને એ સ્વાતંત્ર્યને સમૃદ્ધ બનાવનારાઓમાંના એક તથા શાન્તિના સેનાની અને શહીદ એવા ઇઝરાયલના મુખ્યપ્રધાન

યાત્ઝેક રબિન

— ડૉ. જયકુમાર ર. શુક્લ —

આજથી ૪૦૦૦ વર્ષ પૂર્વે સંગઠિત સ્વરૂપે જીવતી જગતની એક પ્રાચીનતમ પ્રજાનું જીવન, વીસમી સદીના પૂર્વાર્ધ પર્યંત રાષ્ટ્રત્વ વિહોણું, ભટકતું, દેશદેશથી હિજરત કરતું હતું. એ યહૂદી પ્રજાનો ઇતિહાસ જટિલ છે, ભારે પેચીદો છે. ૨૦મી સદીમાં જર્મનીમાં હિટલર અને સોવિયેત સંઘમાં સ્તાલિનના શાસન દરમિયાન એ લોકોની સામૂહિક કતલો થઈ છે. આમ છતાં એ પ્રજામાંથી અબ્રાહમ, મોસેસ, ડેવિડ, સૉલૉમન, કાર્લ માર્ક્સ, આઇન્સ્ટાઈન, સ્વાઇત્ઝર વગેરે પેગંબરો તથા મહામાનવો પેદા થયા છે, એ ખાસ નોંધપાત્ર બાબત છે. ખુમારી, કુનેહ, દક્ષતા, ચાલાકી, કરકસર, વ્યાપારી સૂઝ વગેરે એ લોકોનાં મુખ્ય લક્ષણો છે. અનેક દેશોમાંથી એ પ્રજાની હકાલપટ્ટી કરવામાં આવી છે. તેમ છતાં પોતાના આદિ પવિત્ર ધામ જેરૂસલેમમાં પુનઃ સ્થાપિત થઈને, સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે ઉન્નત મસ્તકે, સ્વાવલંબી તથા સંસ્કારી જીવન જીવવાની આ પ્રજાની ઉત્કટ ભાવનામાં કદી ઓટ આવી નહોતી.

ઇઝરાયલ એશિયા, આફ્રિકા અને યુરોપ એ ત્રણ ભૂમિખંડોને ત્રિભેટે અને રાતા તથા ભૂમધ્ય સમુદ્રની વચ્ચે આવેલો નાનકડો દેશ છે. તેની સીમાઓ લેબેનોન, સિરિયા, જોર્ડન અને ઇજિપ્ત સાથે નક્કી કરવામાં આવેલી છે. તેની ૬૫ ટકા ભૂમિમાં રણ છે. આધુનિક યુગમાં અલગ યહૂદી રાષ્ટ્રની કલ્પના કરનાર ઑસ્ટ્રિયન યહૂદી પત્રકાર થિઓડોર હર્ઝલ હતો. તેણે જર્મની, રશિયા, ફ્રાન્સ, પૉલૅન્ડ વગેરે દેશોમાં યહૂદીઓ પર આચરાતા અમાનવીય અત્યાચારો જોઈને ઈ.સ. ૧૮૯૫માં 'જ્યૂઈસ સ્ટેટ' નામે પુસ્તક પ્રગટ કરી તેમાં યહૂદી રાજ્ય સ્થાપવાની માગણી કરી. પોતાના વિચારને ટેકો મળવાથી હર્ઝલે દુનિયાના દેશોના યહૂદી પ્રતિનિધિઓનું વિશ્વસંમેલન ઈ.સ. ૧૮૯૭માં સ્વિત્ઝર્લૅન્ડના બાસલે નગરમાં યોજ્યું. તેમાં પૅલેસ્ટાઈનમાં યહૂદી રાષ્ટ્ર સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો. જિયોનિઝમ નામથી ઓળખાતી તે ચળવળ યહૂદીઓમાં જોર પકડવા લાગી. વિવિધ દેશોના યહૂદીઓને પૅલેસ્ટાઈનમાં જઈને વસવાટ કરવા પ્રોત્સાહન આપવામાં આવ્યું. પ્રથમ વિશ્વયુદ્ધમાં યહૂદીઓનો સહકાર મેળવવા ઇન્ગ્લન્ડે પૅલેસ્ટાઈનમાં અલગ યહૂદી રાજ્ય સ્થાપવાની જિયોન ચળવળને ટેકો આપ્યો. ઈ.સ. ૧૯૩૦ બાદ, પૅલેસ્ટાઈનમાં યહૂદીઓનું સ્થળાન્તર ખૂબ વેગીલું બન્યું. દ્વિતીય વિશ્વયુદ્ધ બાદ યુનાઈટેડ નેશન્સની સામાન્ય સભાએ પૅલેસ્ટાઈનમાં સ્વતંત્ર યહૂદી રાજ્ય અને આરબ રાજ્ય સ્થાપવાનું ઠરાવ્યું. તદનુસાર મે ૧૯૪૮માં ઇન્ગ્લન્ડે પૅલેસ્ટાઈનમાંથી પોતાનું સૈન્ય પાછું ખેંચી લેતાં, ઇઝરાયલના સ્વતંત્ર રાજ્યની ઘોષણા કરવામાં આવી. બેન ગુરિયન તેના પ્રથમ વડા પ્રધાન અને વિશ્વ જિયોન સંસ્થાના વડા ડૉ. વિઝમેન પ્રમુખ બન્યા.

ઇઝરાયલ ૧૯૪૮માં સ્વતંત્ર રાષ્ટ્ર થયું ત્યારે માત્ર ૪ લાખ યહૂદીઓ સહિત કુલ ૧૦ લાખની વસતી હતી. ૧૯૭૧માં કુલ ૩૦ લાખની વસતીમાં ૨૭ લાખ યહૂદીઓ હતા, જ્યારે ૧૯૯૩માં કુલ ૫૪,૫૧,૦૦૦ની વસતીમાં ૮૨ ટકા યહૂદીઓ અને ૧૮ ટકા આરબો સહિત બીજા લોકો વસ્યા છે. દુનિયાના અનેક દેશોની સરખામણીએ અહીં કામદાર અને કંપની ડિરેક્ટરની ચોખ્ખી આવક વચ્ચેનું અંતર ઘણું અલ્પ છે. ઇઝરાયલની નોંધપાત્ર સિદ્ધિ છે, કિબુત્ઝ એટલે કે સામૂહિક

માલિકીવાળા ગ્રામ પ્રદેશનાં કમ્યૂન; અને સહકારી સંઘજીવનનો આદર્શ સેવતા શહેરોનાં 'મોશાવ.' ઇઝરાયલની સ્વાતંત્ર્ય-પ્રાપ્તિમાં યાત્ઝેક રબિને પોતાના જાનના જોખમે પ્રશંસનીય ભાગ ભજવ્યો હતો.

* * *

ઇઝરાયલના શૂરવીર સ્વાતંત્ર્ય સૈનિક, લશ્કરના લોકપ્રિય વડા અને દેશની રાજનૈતિક લગામ સંભાળનાર યાત્ઝેક રબિનનો જન્મ ૧ માર્ચ, ૧૯૨૨ના રોજ જેરૂસલેમમાં થયો હતો. તેના ચાર મહિના બાદ રાષ્ટ્રસંઘે પેલેસ્ટાઈન માટે બ્રિટિશ વાલીપણાનો સ્વીકાર કર્યો. તે દ્વારા યહૂદીઓના વતનની સ્થાપનાનો પણ બ્રિટને સ્વીકાર કર્યો. રબિન ભવિષ્યમાં એક ખેડૂત બનીને દેશની શ્રેષ્ઠ સેવા કરવા ઉત્સુક હોવાથી તે કાંદૂરીની ખેતીવાડીની હાઈ-સ્કૂલમાં જોડાયા. દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન તે 'હગનાહ' એટલે કે સંરક્ષક, યહૂદી ભૂમિદળમાં જોડાયા. તરત જ યુવા સેનાપતિ મોશે દયાને પાલમેચ દળમાં જોડાવા રબિનને આમંત્રણ આપ્યું. ભાંગફોડની પ્રવૃત્તિઓ કરવા માટે પાલમેચ પ્રસિદ્ધ દળ હતું. તે દળના હિંમતભર્યા હુમલામાં રબિને ભાગ લઈને પ્રશંસા મેળવી. સિરિયામાં ટેલિફોનના તાર કાપી નાખવાની કપરી કામગીરી તેમને સોંપવામાં આવી. તેમની કાર્યકુશળતાની કદર કરીને ૧૯૪૪માં તેમને બઢતી આપી બટાલિયનના નાયબ સેનાપતિપદે નીમવામાં આવ્યા અને લશ્કરની વ્યૂહરચનામાં યુક્તિબાજ તરીકેની તેમને પ્રતિષ્ઠા મળી. સીનિઅર અધિકારીઓ પણ વિવિધ કામગીરી માટે રબિનની સલાહ લેતા હતા.



૧૯૬૭ના છ દિવસના યુદ્ધમાં ઈઝરાયલે જીતેલા વિસ્તાર સહિતનો ઈઝરાયેલનો નકશો.

અગાઉની પેઢીના ઇઝરાયલીઓ સાદા, પ્રામાણિક, નિરાડંબરી તથા નિખાલસ હતા. રબિન આવા ગુણ ધરાવતા હતા. તેઓ જેમાં માનતા તે જ બોલતા અને જે બોલતા તેનો અમલ કરતા. તેમણે એક વાર ઇચ્છા પ્રગટ કરી હતી કે ગાઝા પટ્ટી અદૃશ્ય થઈ જશે. રબિન વ્યવહારમાં પણ નિષ્કપટ નીતિનો અમલ કરવામાં માનતા હતા. આરબો સામે લડાઈ થતી ત્યારે, સંરક્ષણ મંત્રી તરીકે ૧૯૮૭માં પૅલેસ્ટાઈનના દેખાવકારોનાં હાડકાં ભાંગી નાખવા તેમણે લશ્કરને સૂચના આપી હતી. પરંતુ શાન્તિના પ્રયાસોમાં પણ પ્રામાણિકતાથી જ બધું કરી છૂટવામાં રબિન માનતા હતા. ઓસ્લો સમજૂતી પર સહી કરતી વેળાએ તેમણે પૅલેસ્ટાઈનના લોકોને સંબોધીને કહ્યું હતું કે, 'તમારી જેમ, અમે પણ એવા લોકો છીએ જે માનવીઓ તરીકે, સ્વતંત્ર લોકો તરીકે, મોભો જાળવીને ઘર બાંધવાં, વૃક્ષો વાવવાં, સૌને ચાહવાં તથા તમારી સાથે સહકારથી રહેવા માગીએ છીએ. આ હેતુ સિદ્ધ કરવાના તેમના પ્રયાસો જ તેમને પોતાની કબર તરફ લઈ ગયા !

યુવાન વયે સફળ હુમલાખોર તરીકે રબિનની પ્રતિષ્ઠા વધવાથી, ૧૯૪૫ના અંતમાં, એથ્લીટ કૅમ્પમાં અંગ્રેજોએ કેદ કરેલા ૨૦૦ યહૂદી નિરાશ્રિતોને છોડાવવા માટેની નાટકીય રેડમાં તેમને અગત્યની જવાબદારી સોંપવામાં આવી હતી. અંગ્રેજોને આઠ મહિના સુધી રબિન હંફાવતા રહ્યા. જૂન ૧૯૪૬માં તેમની ધરપકડ કરીને ૫ મહિના સુધી તેમને ગાઝાની અટકાયતી છાવણીમાં ગોંધી રાખવામાં આવ્યા. આ દરમિયાન પૅલેસ્ટાઈનની સમસ્યા સંયુક્ત રાષ્ટ્રો સમક્ષ લઈ જવાનો અંગ્રેજોએ નિર્ણય કર્યો હતો. સંયુક્ત રાષ્ટ્રોએ ૧૯૪૭માં નિર્ણય કર્યો કે પૅલેસ્ટાઈનનું વિભાજન કરીને આરબ તથા યહૂદીઓના રાજ્યની રચના કરવી. તદનુસાર મે ૧૯૪૮માં ઇઝરાયલનું અલગ રાજ્ય સ્થપાયું.

ઇઝરાયલના સ્વતંત્ર રાજ્યની ઘોષણા થઈ કે તરત જ ઇજિપ્ત, ઇરાક, સિરિયા, જૉર્ડન અને લેબેનોન એ પાંચ આરબ રાજ્યોએ આક્રમણ કરવાથી આરબ-ઇઝરાયલ યુદ્ધ (૧૯૪૮) શરૂ થયું. આ યુદ્ધમાં રબિને રણમેદાનમાં અનેક મહત્ત્વની જવાબદારીઓ નિભાવી. જેરૂસાલેમનો આરબોનો ઘેરો હઠાવવા તેમણે શૂરવીરતાથી લડત આપી. તેમની બ્રિગેડે ૭૦ ટકા સૈનિકો ગુમાવવા છતાં, તેલ અવીવનો માર્ગ ખુલ્લો રાખ્યો.

સ્વતંત્ર ઇઝરાયલનાં આરંભનાં વર્ષોમાં તેમણે લશ્કરને સુસજ્જ કરી તેને અદ્યતન તાલીમ આપી. તેમની આવડત, હોશિયારી, કાર્યકુશળતા, રાષ્ટ્રભક્તિ તથા આરબોનો સતત સફળતાપૂર્વક સામનો કરવાની આત્મસૂઝને ધ્યાનમાં લઈને તેમને ૧૯૬૪માં ઇઝરાયલના લશ્કરના વડા તરીકે નીમવામાં આવ્યા. તે હોદ્દાએ રબિનને દેશના રાજકીય નેતૃત્વમાં પ્રવેશ





કુમારવયે રબિન



પત્ની લીહુ રબિન

(ડાબી બાજુ) રબિન યુવાન સૈનિક તરીકે

કરાવ્યો. સિરિયનો પ્રત્યેનું તેનું અતિ આક્રમક વલણ ટીકાપાત્ર બનતું. અગાઉ 'પાલમેચ' દળમાં એ રીત સારાં પરિણામો આપતી. પરંતુ રાજકારણમાં તે યુવાન સેનાપતિ ધરાવતા તેનાથી વધારે ઝીણવટપૂર્વકની વિચારણા જરૂરી હતી. તેમના વિરોધીઓ તથા શુભેચ્છકો પણ એવો આક્ષેપ કરવા લાગ્યા કે તેમનો લડાયક સ્વભાવ તેમના નાનકડા રાષ્ટ્રને વારંવાર યુદ્ધ ભણી ખેંચી જાય છે.

ઈજિપ્ત, ઈરાક, જૉર્ડન અને સિરિયા સહિત કુલ અગિયાર કરોડની વસતી ધરાવતા ચૌદ જેટલા આરબ દેશો સામે ૧૯૬૭માં નાનકડા ઈઝરાયલને યુદ્ધ લડવું પડ્યું. તેમાં ઈઝરાયલે માત્ર છ દિવસમાં આરબોને સંપૂર્ણ શિકસ્ત આપીને જ્વલંત વિજય પ્રાપ્ત કર્યો ત્યારે સમગ્ર વિશ્વના લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. તેમાંય લડાઈના પ્રથમ આઠ કલાકમાં જ દુશ્મનોની ૮૦ ટકા હવાઈ તાકાતનો વિનાશ કર્યો. માત્ર આઠ હજાર ચોરસ માઈલનો વિસ્તાર ધરાવતા ઈઝરાયલે દસ લાખની વસતી ધરાવતો ૨૬,૫૦૦ ચોરસ માઈલથી વધુ વિસ્તાર કબજે કર્યો. ઈઝરાયલના પ્રદેશોમાં ત્રણ ગણો વધારો થયો. તેથી લશ્કરના વડા યાત્ઝેક રબિન સમગ્ર દેશમાં અતિ લોકપ્રિય બન્યા.


આ યુદ્ધ અગાઉ રબિને પોતાને યુનાઈટેડ સ્ટેટ્સમાં ઈઝરાયલના રાજદૂત તરીકે નીમવા વડાપ્રધાન લેવી એશકોલ સમક્ષ સૂચન કર્યું હતું. જેરૂસલેમના રાજદૂત તરીકે ૧૯૬૮માં તેમને વૉશિંગટન મોકલવામાં આવ્યા. યુનાઈટેડ સ્ટેટ્સ સાથે ગાઢ સંબંધો વિકસાવવા તેમણે પાંચ વર્ષ પર્યંત પ્રયાસો કર્યા. તેમણે પોતાના દેશ વાસ્તેવે વિપુલ આર્થિક અને લશ્કરી સહાય મેળવી. રાજદૂતની મુદત પૂરી કરીને રબિન ૧૯૭૩માં વૉશિંગ્ટનથી સ્વદેશ પાછા ફર્યા તેના થોડા સમય બાદ ઑક્ટોબરમાં ઈજિપ્ત અને સિરિયાએ એકાએક હુમલો કરવાથી લડાઈ શરૂ થઈ. ઈઝરાયલે તે લડાઈમાં જીત મેળવી. ત્યાર બાદ રબિને સંસદ (knesset)ની ચૂંટણીમાં 'લેબર' પક્ષની બેઠક પર જીત મેળવી.

થોડા મહિના બાદ મજૂર પક્ષના વડાપ્રધાનપદ માટે રબિને ઉમેદવારી કરી. તેનો હરીફ ઉમેદવાર શિમોન પીરીઝ હતો. પીરીઝ અને રબિન વચ્ચે કદી રાજકીય કે વૈચારિક મતભેદો નહોતા અને તેલ અવીવના પરાવિસ્તારમાં તેઓ નજીકમાં રહેતા હતા; છતાં તેઓની વચ્ચેનો વૈરભાવ એટલો બધો હતો કે તેઓ એકબીજાનું નામ પણ ઉચ્ચારતા નહિ. તેઓ બન્ને ઈઝરાયલના સૌથી વધુ આશાસ્પદ નેતાઓ બન્યા હતા. તેમની રાજકીય હરીફાઈની રાષ્ટ્રના રાજકારણ ઉપર બે દાયકા પર્યંત અસર પડી હતી.

પક્ષના નેતૃત્વ માટે રબિને પીરીઝને પરાજિત કરીને ઈઝરાયલના સૌથી નાની વયના અને સબ્રા જાતિના સૌપ્રથમ વડાપ્રધાન બન્યા. તેમનો વિજય પાતળી બહુમતીથી થવાથી, તેમણે ભારે હૈયે, પ્રધાનમંડળમાં સંરક્ષણ મંત્રી તરીકે પીરીઝને લેવાની ફરજ પડી. વડાપ્રધાનપદની તેમની પ્રથમ મુદત દરમિયાન કેટલાક મહત્ત્વના બનાવો બન્યા. તેમાં ઉઠાવાઈ ગયેલા કેટલાક ઈઝરાયલીઓને છોડાવવા માટે ૧૯૭૬માં એન્ટેબી (યુગાન્ડા) પર કરવામાં આવેલ નાટકીય હુમલાને મંજૂર કરવામાં આવ્યો હતો. રબિન અને તેમનાં પત્ની વૉશિંગ્ટનની વિદેશી બૅન્કમાં પોતાનું ખાતું ધરાવે છે તેમ જાહેર થયું અને તે દ્વારા ઈઝરાયલના ચલણ અંગેના નિયમોનો ભંગ થતો હોવાથી, તે યુવાન વડાપ્રધાને બીજે વર્ષે એપ્રિલમાં સત્તા ગુમાવી.

રબિનને, તે પછીનાં સાત વર્ષ સુધી વિરોધ પક્ષની પાટલીએ

બેસવું પડ્યું. ૧૯૮૪માં 'રાષ્ટ્રિય એક્તા' સરકારની રચના થઈ, તેમાં તે સંરક્ષણ મંત્રી બન્યા. કબજે કરેલા પ્રદેશોમાં ઈઝરાયલી રાજ્યની વિરુદ્ધ ૧૯૮૭માં થયેલા પેલેસ્ટીનીઅનોના બળવાને કડક હાથે દબાવી દેવાના નિર્ણયમાં રબિન પાષાણહૃદયી પુરવાર થયા. તેમના હુકમ મુજબ હદપારી તથા મારઝૂડ બિન-અસરકારક નિવડ્યાં ત્યારે, રબિને નિર્ણય કર્યો કે બંધનમાં રહેલાં ૧૭ લાખ લોકો ઉપર બળ દ્વારા રાજ્ય કરી શકાશે નહિ. તેથી તેમણે શાંતિની મંત્રણાનો વિચાર કર્યો. શાંતિ સ્થાપવા માટે તેમણે મતદારોને કહ્યું કે રાજ્યની સ્થાપનાથી મહત્ત્વનો બન્યો હતો તે ઘેરી લેવાનો સ્વભાવ ઇઝરાયલે છોડવો પડશે.




ઈઝરાયેલના ૪૭મા સ્વાતંત્ર્ય દિને પ્રવચન કરતા યાત્ઝેક રબિન. ↑




હત્યા પહેલાં વિશાળ મેદનીને સંબોધતા રબિન →

રબિનનું હૃદયપરિવર્તન મુખ્યત્વે સાદો વ્યાવહારિક લાભ મેળવવાના ઉદ્દેશથી થયું હતું. તે પ્રદેશો ઉપરના લશ્કરી શાસનનો અર્થ નિરન્તર યુદ્ધ એવો થાય, જ્યારે તેનો એકમાત્ર ઉપાય મંત્રણા દ્વારા શાન્તિ સ્થાપવાનો હતો. રબિને સ્વીકાર્યું હતું કે તેમની માનવતાની ભાવના સાથે તે વધુ બંધ બેસતું હોવાથી તેમણે શાંતિની પસંદગી કરી હતી.

(નીચે) જનતાએ મીણબત્તીઓ સળગાવી ભાવાંજલિ અર્પી હતી તે દૃશ્ય. • (બાજુમાં) હત્યા થયા પછી ખિસ્સામાંથી નીકળેલી રક્તરંજિત શાન્તિની પ્રાર્થના.





જુલાઈ ૧૯૯૨માં સંસદમાં વડાપ્રધાન તરીકેના મંગલ પ્રવચનમાં તેમણે દલીલ કરી કે બીજા લોકોને તાબામાં રાખવા તે યહૂદીઓની લોકશાહી પરંપરાઓની વિરુદ્ધ છે. આ ઉપરાંત તેમણે પેલેસ્ટાઈનના લોકોને સીધું સંબોધવાનું તથા તેમની સાથે વાતચીત કરવાનું અસાધારણ પગલું ભર્યું. તેમણે કહ્યું, 'જમીનના એક જ વિસ્તારમાં આપણે સાથે રહીએ છીએ; અમે તમારી સાથે જીવન જીવીએ છીએ. પરંતુ તમે કે અમે માગીએ છીએ એ બધું કદી મેળવી શકીશું નહિ.'

વડાપ્રધાન બન્યા બાદ, રબિને તેમની આલંકારિક ભાષાને વાસ્તવિક સ્વરૂપ આપવા માંડ્યું. પોતાની ચૂંટણીને શાંતિની સમજૂતી માટે આગળ વધવાનો આદેશ તેમણે માન્યો. નૉર્વેમાં ૧૯૯૩ની શરૂઆતમાં, પેલેસ્ટાઈન સાથે ખાનગી મંત્રણા કરવામાં આવી. તે પછી રબિને યાસેર અરાફતને લખી જણાવ્યું કે પી.એલ.ઓ.ને માન્યતા આપવા અને તેની સાથે મંત્રણા કરવા તેઓ ઉત્સુક છે. મંત્રણાના ફલસ્વરૂપે વૉશિંગ્ટનમાં વ્હાઈટ હાઉસની સાઉથ લૉન પર ૧૩ સપ્ટેમ્બર, ૧૯૯૩ના રોજ પેલેસ્ટાઈન સાથે ઐતિહાસિક શાંતિ-

સમજૂતી કરવામાં આવી. આ સાહસિક પગલા માટે રબિન ઇતિહાસમાં કાયમ યાદ રહેશે. યહૂદી સ્ત્રીઓ, પુરુષો તથા બાળકો પર સેંકડો હુમલાનું આયોજન, આર્થિક સહાય તથા પ્રોત્સાહન આપવા માટે યાસેર અરાફતની દાયકાઓ સુધી નિંદા કરવામાં આવતી હતી. રબિને કડવો ઘૂંટડો પીને, વૈરભાવ ગળી જઈને, ગમગીનીથી, ઢચુપચુ મનથી, નાખુશીથી અરાફત સાથે હસ્તધૂનન કર્યું. એ વખતે તેઓ દેશનો ઇતિહાસ સર્જતા હતા. શાંતિની સ્થાપના માટે 'ઝેરનો કટોરો' પણ પીવો પડે, એ વાત તેમને ગળે ઊતરી હતી.

ઉપર્યુક્ત સમજૂતીની દુનિયાના રાજપુરુષોએ નોંધ લીધી. રબિનને ૧૯૯૩ના વર્ષનું શાંતિ માટેનો વિશ્વવિખ્યાત નોબેલ પુરસ્કાર પૅલેસ્ટાઈનના નેતા યાસેર અરાફત સાથે અડધે હિસ્સે એનાયત કરવામાં આવ્યો. બીજે વરસે તેમણે જોર્ડન સાથે ૪૬ વર્ષની યુદ્ધારૂઢ સ્થિતિ બાદ સંધિ કરી હતી.

ઇઝરાયલના પાટનગર તેલ અવિવમાં ચોથી નવેમ્બર, ૧૯૯૫ ને શનિવારે શાંતિની ઉજવણી કરવા અને રબિનની નીતિને ટેકો આપવા મળેલી એક લાખ માણસોની વિશાળ સભામાં, ૭૩ વર્ષના ઇઝરાયલના વડાપ્રધાન રબિને કહ્યું : 'શાંતિની પ્રક્રિયાના કેટલાક દુશ્મનો છે, અને તેઓ આપણને નુકસાન કરવા પ્રયાસ કરે છે; પરંતુ હિંસા લોકશાહીનો પાયો ખોદી નાખે છે અને આપણે તેને વખોડી કાઢીને અલગ પાડી દેવી જોઈએ.' મોટી સંખ્યામાં સભામાં ભેગા થયેલા લોકોના સમર્થન અને સદ્‌ભાવથી રબિનની હિંમત સારી પેઠે ટકી રહી હતી. સભા પૂરી થયા બાદ, રાત્રે ૯-૪૦ વાગ્યે માત્ર ૨૫ વર્ષની વયના ઉગ્રવાદી યહૂદી હત્યારા ઇગલ અમીરે વડાપ્રધાન રબિન પર ગોળીબાર કર્યો. રબિનનો જીવનદીપ થોડી વારમાં બુઝાઈ ગયો.

ઇઝરાયલના સંક્ષિપ્ત ઇતિહાસમાં આ પ્રથમ રાજકીય હત્યાથી લોકોને કારમો આઘાત લાગ્યો. પ્રત્યેક યહૂદીનું જીવન અમૂલ્ય મનાય છે, ત્યાં વડાપ્રધાનની હત્યા અતિશય આઘાતજનક ઘટના લેખાય. શાંતિ સ્થાપવાની તેમની સાહસિક નીતિએ લોકોને બે વિભાગોમાં વહેંચી નાખ્યા. રબિનને લીધે જ સુલેહ શક્ય બની હતી. તે પ્રક્રિયા અટકાવી દેવા તેમને દૂર હઠાવી દેવા એ પૂરતું છે? ન્યાયી છે? યોગ્ય છે?

સપ્ટેમ્બર ૧૯૯૩માં રબિને પૅલેસ્ટાઈન સાથે કરેલી શાંતિ માટેની સમજૂતી અવશ્ય વિવાદાસ્પદ બની હતી. ત્યાંના જમણેરી ઉગ્રવાદીઓ અતિ ક્રૂર, નિર્લજ્જ બન્યા હતા. રબિનનાં પોસ્ટરો નાઝી ગણવેશમાં, લોહીવાળા હાથ સહિત વિરોધી રેલીઓમાં બતાવવામાં આવતાં. દેશમાં સર્જાયેલા આવા દુરાચારી વાતાવરણે રબિનની હત્યા કરવા હત્યારાને પ્રોત્સાહિત કર્યો. રબિન દેશદ્રોહી કાર્યો કરી રહ્યો છે - એવા પ્રચારને લીધે હત્યારાએ માની લીધું કે રબિનની હત્યા દ્વારા શાંતિની પ્રક્રિયા અટકાવીને પોતે બહાદુર વિજેતાની જેમ પૂજાશે. તેણે રબિનનું ખૂન કરવાનું કેટલાક મહિના અગાઉ આયોજન કર્યું હતું. રબિનને બુલેટ પ્રૂફ જાકીટ પહેરવા તથા પોતાની આસપાસ રક્ષણાત્મક વર્તુળ રાખવા જણાવવા છતાં, તેમણે તેનો ઇનકાર કર્યો હતો. હત્યારા અમીરે પોલીસને જણાવ્યું કે તેણે 'વડાપ્રધાન રબિનની હત્યા કરવાની સૂચના ઈશ્વર પાસેથી મેળવી હતી.'

પૅલેસ્ટાઈનના નેતા યાસેર અરાફતે તેમને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું, 'ઇઝરાયલના બહાદુર નેતાઓમાંના એક અને શાંતિ-સ્થાપક સામેના આ ગંભીર અને ભયંકર ગુનાથી મને સખત આઘાત લાગ્યો છે.'

યુનાઇટેડ સ્ટેટ્સના પ્રમુખ બિલ ક્લિન્ટને જણાવ્યું, 'જગતે એક મહાપુરુષ, તેના રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સૈનિક અને હવે તેના રાષ્ટ્રની શાંતિનો શહીદ ગુમાવ્યો છે.'

આજના વિશ્વના ટોચના નેતાઓ બિલ ક્લિન્ટન, જ્યોર્જ બુશ આદિની નોંધપાત્ર ઉપસ્થિતિમાં રબિનના નશ્વર દેહને ઇઝરાયલના વીરપુરુષોની સ્મશાન ભૂમિમાં માઉન્ટ હર્ઝલ ખાતે સદાને માટે દફનાવવામાં આવ્યો ત્યારે એક સમાચાર પ્રમાણે શોકકાળની મીણબત્તીઓનો ઇઝરાયલી જથ્થો ખૂટી ગયો હતો, એટલી બધી મીણબત્તીઓ લોકોએ પોતાનો શોક અને પ્રેમ પ્રકટ કરવા જલાવી હતી. આવા વીર નાયકના ક્ષર દેહના પતન સાથે શાન્તિ માટેનું અક્ષર કામ સદા ઉન્નત બન્યું છે. □



મદારી

મૂળ લેખક : આનાતોલ ફ્રાંસ
રૂપાંતર : હરિત પંડ્યા

ફ્રાંસના રાજા લૂઈના વખતમાં એક ગરીબ મદારી કોમ્પેઈનમાં રહેતો. એનું નામ બાર્નાબસ હતું. તે એક ગામથી બીજે ગામ જતો ને અંગકસરતના ખેલો બતાવી પેટિયું રળતો.

હાટ ભરાવાને દિવસે એ એની ફાટેલ-તૂટેલ ચાદર ચોગાનમાં બિછાવી દેતો ને પછી સૌને સાંભળવી ગમે એવી લઢણમાં બોલીને એ બાળકો તથા આળસુના પીરોને એના ખેલ જોવા બોલાવતો. બોલવાની આ લઢણ એ એક વૃદ્ધ મદારી પાસેથી શીખેલો, ને વર્ષો થયાં છતાં એમાં એણે લેશમાત્રેય ફેરફાર કર્યો નો'તો. લોક ભેગું થાય એટલે એ જાતજાતના અંગમરોડના ખેલ શરૂ કરી દેતો. એ નાક પર થાળી ટેકવતો. શરૂશરૂમાં એના તરફ કોઈ ખાસ ધ્યાન આપતું નહીં, પણ જ્યારે એ હાથ પર આખા શરીરનું વજન ટેકવીને ઊંધે માથે હવામાં અધ્ધર થતો, ને સૂર્યના તાપમાં ઝગારા મારતા અડધો ડઝન ગોળાઓને હવામાં ઉછાળીને પગ વડે ઝીલવા માંડતો, ને પછી પગની એડીઓ બોચીએ અડે એ રીતે કમાન વળીને એના શરીરને પૈડા જેવું ગોળ બનાવીને, એ સ્થિતિમાં ડઝન જેટલી છરીઓથી ખેલ કરી બતાવતો ત્યારે ટોળે વળેલાં સૌ તાળીઓના ગડગડાટથી એના ખેલોને વધાવી લેતા. ને એ સાથે જ નાના-મોટા સિક્કાઓનો વરસાદ એની જૂની-પુરાણી ચાદર પર વરસવા માંડતો.

આમ છતાં તનતોડ મજૂરી કરીને જીવતા અન્ય લોકની જેમ બાર્નાબસનેય બે ટંકના રોટલા જેટલું રળતાં નવ નેજાં પાણી ઊતરતું. ને છતાં એ એની ધારણા મુજબના ખેલો કરી શકતો નહિ. વૃક્ષને સૂર્યપ્રકાશ અને ગરમી મળે ત્યારે જ એને ફળ-ફૂલ બેસે છે, એ જ રીતે બાર્નાબસને પણ પોતાના ખેલ બતાવવા સૂર્યની ઉષ્મા અને ઉજાસની જરૂર પડતી. એટલે શિયાળામાં એ પાનખરના વૃક્ષ જેવો થઈ જતો. ઠંડીમાં ઠરી ગયેલી જમીન કસરતના દાવ બતાવવા માટે મદારીને કઠણ પડતી. શિયાળાની ઋતુમાં આમ એ ભૂખ અને ઠંડીથી પીડાતો રહેતો, પણ એ ભલો-ભોળો આદમી હતો ને આવી પડેલા દુઃખને એ ધીરજથી સહી લેતો.

ધન-સંપત્તિનો ઉદ્‌ભવ શી રીતે થયો, ને માણસોની સ્થિતિમાં અસમાનતા કેમ છે એવા અટપટા પ્રશ્નો વિષે એ કદી વિચારતો નહીં. એ દઢપણે માનતો કે જો આ દુનિયા ખરાબ છે, તો હવે પછીની દુનિયા પણ ખરાબ જ હશે. બસ આ જ ખ્યાલ એને જીવન ટકાવી રાખવામાં સહાયભૂત થતો. ને ઈશ્વરથી નહિ ડરનાર ચોરલૂંટારુનું અનુકરણ કરતાં એને અટકાવતો.

હકીકતમાં ઐહિક સુખો તરફ એનું મન ઓછું વળેલું હતું. સ્ત્રીઓનો ત્યાગ કરવા કરતાં, મદિરાનો ત્યાગ કરવાનું એને વિશેષ કઠિન લાગતું. આમ એ શાંત પ્રકૃતિનો હતો, પણ ક્યારેક એકાદ પ્યાલી લગાવી લેવાનું એને મન થઈ જતું. એ ભલો આદમી હતો, ને ભગવાનનો ડર રાખતો. મધર મેરીનો એ પરમ ભક્ત હતો.

જ્યારે જ્યારે એ દેવળમાં જતો ત્યારે ત્યારે મધર મેરીની મૂર્તિને નમન કર્યા વિના એનાથી રહેવાતું નહીં. નમન કરતાં કરતાં એ મનોમન પ્રાર્થના કરતો, 'મધર, પ્રભુ મને ઉપર બોલાવી ન લે ત્યાં સુધી તું મારી સંભાળ રાખજે, ને મરું ત્યારે મને સ્વર્ગમાં સ્થાન આપજે.'

એક સાંજે વરસાદ વરસતો બંધ થઈ ગયા પછી બાર્નાબસ એની વાટે જઈ રહ્યો હતો. એના ચહેરા પર ઉદાસી છવાઈ ગઈ હતી. એ કેડમાંથી વાંકો વળી ગયો હતો. એણે એના દડા બગલ નીચે દબાવ્યા હતા ને છરીઓને એની જૂની ચાદરમાં લપેટી લીધી હતી. એણે સવારનું કશું ખાધું નો'તું. ભૂખ્યા પેટે રાત્રે પડી રહેવા એ એકાદ ઘરની શોધમાં હતો, ત્યાં એક પાદરીને એણે એના તરફ આવતા જોયા. પાદરી નજીક આવ્યા એટલે એણે વિવેકથી પાદરીને નમન કર્યું. બન્ને એક જ દિશામાં જઈ રહ્યા હતા એટલે થોડી વાર બેય વાતે વળગ્યા : 'ભાઈ, તેં લીલા રંગનો પોશાક કેમ પહેર્યો છે? કોઈ પૌરાણિક નાટકમાં વિદૂષકનું પાત્ર ભજવવાનો છું કે શું?' પાદરીએ બાર્નાબસને પૂછ્યું.

'ના ફાધર, હું મદારી છું. મારું નામ બાર્નાબસ. મદારીનો ધંધો સૌથી સારો જો એમાંથી બે ટંકના રોટલા મળી રહે તો.' બાર્નાબસે કહ્યું.

'ભાઈ બાર્નાબસ, જરા વિચાર કરીને બોલ !' પાદરીએ

કહ્યું, 'પાદરીના કામ કરતાં જગતમાં બીજું કોઈ કામ ચઢિયાતું નથી. અમે પાદરીઓ, પ્રભુનાં, મધર મેરીનાં ને સંતોનાં ગુણગાન ગાઈએ છીએ. અમારા જેવા ધાર્મિક માનવીઓનું જીવન એ તો પ્રભુની પ્રાર્થના સમાન છે.'

'ફાધર માફ કરજો. હું અબુધ વગર વિચાર્યે બોલી ગયો, એ વાત હું કબૂલ કરું છું. તમારી વાત સાચી છે. તમારું જીવન ક્યાં ને મારું ક્યાં? જો કે દોરડા પર નાચવું, નાક પર લાકડી ટેકવીને એના પર સિક્કો સમતોલ રાખવો - એવા બધા ખેલ 'ખાસ્સા અઘરાં છે, છતાં મારા જેવા મદારીનું જીવન તમારા જીવનની તોલે કદી ન આવે. તમારી જેમ મને પણ દેવળમાં રહીને મધર મેરીનાં ગુણગાન ગાયાં કરવાનું ગમે. મને મધર મેરીમાં અખૂટ શ્રદ્ધા છે. આમ તો મદારી તરીકે આજુબાજુનાં છસ્સો ગામોમાં હું જાણીતો છું, પણ તમારી જેમ મનેય સાધુઓના મઠમાં રહેવાનું મળે તો અબઘડી આ ધંધો છોડી દેવા હું તૈયાર છું.'

બાર્નાબસની નિખાલસતાથી પાદરી પ્રભાવિત થયા. એ માણસપારખુય હતા. બાર્નાબસની વાતમાં સત્યનો રણકો એ પામી ગયા હતા. બાર્નાબસ જેવા ભલા-ભોળા માણસો માટે પ્રભુ ઈસુએ કહ્યું છે, 'આ પૃથ્વી પર એ બધાંનું જીવન શાંતિથી ગુજરો' તેથી પાદરીએ બાર્નાબસને કહ્યું :

'ભાઈ બાર્નાબસ, તું મારી સાથે ચાલ. હું જે મઠનો અધિપતિ છું, તે મઠમાં હું તને પ્રવેશ આપીશ. જેણે ઇજિપ્તની રાણીને રણમાં સાચો રાહ ચીંધ્યો'તો, એણે તારા ઉદ્ધાર માટે મને તારે માર્ગે મોકલ્યો છે.'

ને આમ બાર્નાબસ પાદરીના મઠમાં રહેવા આવી ગયો.

મઠમાં રહેતા અન્ય સૌએ બાર્નાબસને ઉમળકાથી આવકાર્યો. અહીં રહેતા બધા મધર મેરી માટેનો પોતાનો ભક્તિભાવ વ્યક્ત કરવા એકબીજાની હરીફાઈ કરતા, ને ઈશ્વરે બક્ષેલી બુદ્ધિ-શક્તિ મધર મેરીની સેવામાં સમર્પિક કરવા હંમેશાં તત્પર રહેતા.

દેવળના મુખ્ય પાદરી મધર મેરીનાં સ્તુતિગાન-સભર ગ્રંથો લખતા રહેતા. ફાધર મોરીસ આ ગ્રંથોની સારા અક્ષરે નકલ કરવામાં પ્રવૃત્ત રહેતા. ફાધર ઍલેક્ઝાંડર આ ગ્રંથોને સરસ મઝાનાં નાનાંમોટાં ચિત્રોથી સુશોભિત કરતા. એક ચિત્રમાં ફાધર ઍલેક્ઝાંડરે સ્વર્ગની સામ્રાજ્ઞીને સમ્રાટ સૉલૉમનના સિંહાસન પર આરૂઢ થયેલી દર્શાવેલી. એ સિંહાસનના ચાર પાયાઓ પાસે સિંહાસનની રક્ષા કરતા ચાર સિંહોય એમણે ગોઠવી દીધેલા. આભામંડળથી સુશોભિત સામ્રાજ્ઞીના મસ્તકની આસપાસ સાત કબૂતર ફડફડાટ કરતાં ઊડતાં ચિત્રકારે બતાવેલાં; આ કબૂતરો તે ઈશ્વરે અર્પેલ સાત આશીર્વાદો ભય, પવિત્રતા, જ્ઞાન, શક્તિ, શાંતિ, બુદ્ધિ અને શાણપણ. સામ્રાજ્ઞીની સમીપમાં એમની સાત સહેલીઓ પણ હતી. એ સૌના વાળ સોનેરી હતા. આ સાત સહેલીઓ તે નમ્રતા, રક્ષા, એકાંત, આદર, બ્રહ્મચર્ય, આજ્ઞાપાલન તથા વિવેકબુદ્ધિ.

અરજ ગુજારતી હોય એવી મુદ્રામાં બે આકૃતિઓ નગ્નાવસ્થામાં સામ્રાજ્ઞીનાં ચરણોમાં ઊભેલી હતી. એ આકૃતિઓ બે આત્માની હતી. બેય આત્માઓ મોક્ષ માટે પ્રાર્થના કરી રહ્યા હતા. એમની પ્રાર્થના એળે જવાની નો'તી.

ફાધર ઍલેક્ઝાંડરે ગ્રંથના બીજા પાન પર મધર મેરીની સામે ઈવને ગોઠવી દીધી હતી, જેથી જોનાર પતન અને ઉદ્ધારને એકસાથે જોઈ શકે. ઈવ નત મસ્તક ઊભેલી હતી. મધર મેરીનું મસ્તક ઉન્નત હતું. આ ચિત્રમાં નિર્મળ જળનો કૂવો પણ જોઈ શકાતો હતો. ઉપરાંત ઝરણું, પોયણું, સૂર્ય, ચંદ્ર, ને ભક્તિગીતોમાં જેનો ઉલ્લેખ કરવામાં આવે છે તે ઉદ્યાન પણ હતો. આ બધાં મધર મેરીનાં પ્રતીકો હતાં.

ફાધર મારબોડ તો મધર મેરીનાં સૌથી કોમળ સંતાનોમાંના એક હતા. તેઓ પાષાણની મૂર્તિઓ ઘડવામાં એટલા રત રહેતા કે પાષાણની ઊડતી રજથી તેમની દાઢી, ભ્રમરો ને માથાના વાળ સુધ્ધાં સફેદ થઈ ગયેલા. એમની આંખો સૂઝી ગયેલી ને એમાંથી નિરંતર પાણી ટપકતું રહેતું. પણ પાકટ વયેય



એમનું સ્વાસ્થ્ય સારું હતું. તેઓ હંમેશાં ખુશખુશાલ રહેતા. એમની વૃદ્ધાવસ્થામાં મધર મેરી એમની સંભાળ લેતી. ફાધર મારબોડે મધર મેરીને સિંહાસન પર આરૂઢ થયેલાં કંડારેલાં. મધરના મુખારવિંદ ફરતે મોતીનું આભામંડળ શોભતું હતું. મધરે પરિધાન કરેલ વસ્ત્ર એમના પગને બરાબર ઢાંકી દે એનું ધ્યાન પણ શિલ્પકારે રાખેલું. સ્વર્ગની સામ્રાજ્ઞી વિષે પ્રભુ ઈસુએ કહેલું, 'મારાં પ્રિયજન સ્વર્ગીય ઉદ્યાન જેવાં છે.'

ફાધર મારબોડ ઘણી વાર સ્વર્ગની સામ્રાજ્ઞીને કમનીય બાળકના સ્વરૂપમાં કંડારતા. આ બાળસ્વરૂપમાં એ જાણે આપણને કહેતી હોય : 'હે પ્રભુ ! તમે જ મારા માલિક છો. માતાના ગર્ભમાં હતી ત્યારથી રટતી આવી છું કે તમે જ મારા માલિક છો.'

મઠમાં ઘણા કવિઓય હતા. તેમણે લૅટિન ભાષામાં સ્તુતિગાનનાં પદો રચ્યાં ને મધર મેરીનાં ગુણગાન ગાતી ગદ્ય રચનાઓ પણ કરી. એક કવિએ તો પોતાની માતૃભાષામાં જ, મધર મેરી વિષે પ્રાસયુક્ત જોડકણાં જોડી કાઢેલાં.

મધર મેરીને ચરણે ધરાતી આવી ભવ્ય અંજલિઓ ને ઉત્કૃષ્ટ કલાકૃતિઓ જોઈને બાર્નાબસ પોતાનાં અજ્ઞાન અને અબુધપણા બદલ મનોમન શોક કરતો રહેતો.

મઠના ઉદ્યાનમાં આમથી તેમ આંટા મારતો એ નિસાસો નાખીને કહેતો, 'અરે રે, જેની મેં સાચા દિલથી ભક્તિ કરવાનું પણ લીધું છે તેની યોગ્ય રીતે ભક્તિ કરવાની આવડત મારામાં નથી. બીજા પાદરીઓ એમનો ભક્તિભાવ કેવી સરસ રીતે પ્રગટ કરે છે ! હું કેવો કમભાગી ! હું એક જ માત્ર અબુધ અને અણઘડ છું. હે મા ! તારે ચરણે ધરવા માટે નથી મારી પાસે તારાં ગુણગાન ગાતી કવિતાઓ કે ગ્રંથો. નથી તને ભેટ ધરવાલાયક ચિત્રો કે પથ્થરની મૂર્તિઓ.' આમ બળાપો કાઢતો એ ઉદાસ બની ગયો.

એક વાર બધા ફાધર ચર્ચા કરી રહ્યા હતા, ત્યારે એને સાંભળવા મળ્યું કે એક અબુધ ગામડિયો માત્ર, 'ઓ મધર મેરી !' એટલું જ બોલી શકતો હતો એટલે અન્ય સંતોએ એને ઠપકાર્યો. પણ જ્યારે તે મૃત્યુ પામ્યો ત્યારે એના મુખમાંથી પાંચ ગુલાબ ખીલી નીકળ્યાં હતાં. એ પાંચ ગુલાબ એની પવિત્રતા અને અનન્ય ભક્તિભાવનાં પ્રતીક હતાં.

આ વાત સાંભળતાં જ બાર્નાબસ મધર મેરીની અપાર કરુણાની પ્રશંસા કરતો રહ્યો. પણ એટલાથી એને સંતોષ થયો નહીં. એની ઇચ્છા હવે મધર મેરીની સેવામાં લાગી જવાની હતી.

મધર મેરીની અનન્ય ભક્તિ કરવા એ જરૂરી સાધન-સામગ્રીની શોધમાં લાગી ગયો. પણ એને કશું હાથ લાગ્યું નહિ, આથી એની ઉદાસીમાં દિવસે દિવસે વધારો થતો ગયો.

એક દિવસ સવારમાં એ ખુશમિજાજમાં ઊઠ્યો. ઊઠતાંવેંત એણે દેવળ તરફ દોટ મૂકી. એ કલાક સુધી દેવળમાં એકલો ગોંધાઈ રહ્યો. ભોજન લીધા પછી ય એ પાછો દેવળમાં ગયો.

બસ તે દિવસથી એ કોઈ ન હોય ત્યારે દેવળમાં જતો ને એનો મોટા ભાગનો સમય ત્યાં વિતાવતો. એ દેવળમાં ગોંધાયેલો હોય ત્યારે બીજા ફાધરો સાહિત્ય, સંગીત, શિલ્પ જેવી કલાના સર્જનમાં પ્રવૃત્ત રહેતા. હવે બાર્નાબસની ઉદાસી ચાલી ગઈ હતી ને એણે શોક કરવાનું ય છોડી દીધું હતું.

બાર્નાબસમાં આવેલા પરિવર્તનથી સૌ ફાધરોને એનું કારણ જાણવાની જિજ્ઞાસા જાગી. તેઓ અંદરોઅંદર એકબીજાને પૂછતા : 'બાર્નાબસ રોજ એકલા દેવળમાં ગોંધાઈને શું કરે છે ?'

મુખ્ય પાદરીની જવાબદારી સૌ ફાધરોની વર્તણૂક પર નજર રાખવાની હતી. તેથી બાર્નાબસ દેવળમાં એકલો શું કરે છે તે જાણવાનું એમણે નક્કી કર્યું, એટલે જ્યારે બાર્નાબસે દેવળમાં પ્રવેશીને દેવળનું દ્વાર વાસી દીધું ત્યારે મુખ્ય પાદરી બીજા બે વયોવૃદ્ધ પાદરીઓ સાથે દેવળના દ્વાર પાસે આવીને ઊભા રહ્યા, ને અંદર શું ચાલી રહ્યું છે તે જાણવા બારણાની તિરાડમાંથી જોઈ રહ્યા.

તેઓએ બાર્નાબસને મધર મેરીની મૂર્તિ સમક્ષ છ દડા અને ડઝન છરીઓથી ખેલ કરતો ભાળ્યો. જે ખેલો સૌથી વધારે વખણાયા હતા, એ જ ખેલો બાર્નાબસ મધર સમક્ષ રજૂ કરી રહ્યો હતો. તે ખેલોમાં આ મદારી એની બધી આવડત-હોશિયારી રેડી રહ્યો હતો.

મધર મેરીનાં સ્તુતિગાન ગાવાને બદલે, બાર્નાબસને એના અણઘડ ખેલો મધર સમક્ષ રજૂ કરતો જોઈને પેલા બે વયોવૃદ્ધ પાદરીઓ બોલી ઊઠ્યા, 'અધર્મ અધર્મ, હળાહળ અધર્મ !'

મુખ્ય પાદરી જાણતા કે બાર્નાબસ ભલો - ભોળો માણસ છે, એટલે એમને લાગ્યું કે બિચારાનું કદાચ ચસકી ગયું પણ હોય. તેઓ દેવળનું બારણું ઉઘાડીને એ અબુધ મદારીને બહાર તગડી મૂકવાની પેરવીમાં હતા ત્યાં એમણે મધરને પીઠિકા પરથી નીચે ઊતરીને પોતાના વસ્ત્રથી મદારીનો પરસેવે રેબઝેબ થઈ ગયેલો ચહેરો લૂછતાં ભાળ્યાં.

એ સાથે જ મુખ્ય પાદરીએ જમીન પર મસ્તક અડાડીને મધરને નમન કર્યું ને બોલ્યા : 'જે લોકો નિર્મળ, નિખાલસ દિલના છે તે લોકો પરમ સુખી છે, કારણ તેમને જ દેવદેવીનાં દર્શન થાય છે.'

પેલા બે પાદરીઓ પણ શિશ નમાવીને આ અલૌકિક દૃશ્ય જોઈ રહ્યા. □

ફિલ્મનું અનુભાવન [૩]

હસમુખ બારાડી

કથા : નિરક્ષરતાનો વારસો


ફિલ્મ એટલે ચલિત ચિત્ર દ્વારા થતું પ્રત્યાયન, એની એકેએક ફ્રેમમાં દશ્યમાહિતી હોય, એ કંઈ ને કંઈ અર્થ વ્યક્ત કરતી હોય; એની સાથે ધ્વનિ હોય અને ના પણ હોય; એનાં ચિત્રો (અને હોય તો ધ્વનિઓ) પસંદ કરેલાં હોય અને સુયોજિત રીતે ગોઠવેલાં હોય; ચિત્રોના જકસ્ટાપોઝિશન (સહોપસ્થિતિ)થી એને વિશેષ રીતે અર્થભર બનાવવામાં આવ્યાં હોય.


અલબત્ત, એકંદર લોકોને મન તો ફિલ્મ એટલે કથા, મનોરંજન; અને મનોરંજન એટલે થોડાં ગીતો-નૃત્યો અને સંવાદોની રમઝટ, સનસનાટી અને અંતે પોલીસ હાથકડી પહેરાવીને વિલનની ધરપકડ કરે, કે નાયક-નાયિકા ગીત ગાતાં પ્રેક્ષકોને 'ટાટા' કરે - મોટે ભાગે, મોટા ભાગની ફિલ્મોમાં.

કથા એટલે ઘટનાઓની હારમાળા; પાત્રો સાથે ઘટે તે, પાત્રો જે કરે તે; એને આદિ-મધ્ય-અંત હોય, તર્કબદ્ધ રજૂઆત હોય, લાગણીના ઊભરા હોય, જાતજાતનાં ગીતો (પ્રેમ, વિરહ, ક્લબ ડાન્સ, ફરી પ્રેમ) માટે અવકાશ હોય, ઍક્શન કહેતાં ઢીશૂમ-ઢીશૂમ અને વાહનોની દોડાદોડીનાં દશ્યોની શક્યતા હોય; રહસ્યો, ગેરસમજો, રહસ્યઉદ્ઘાટનો (માદળિયાં, તસવીરો, પત્રો, જન્મજાત નિશાનીઓ, કબૂલાતો વગેરે), સનસનાટી, હૃદય-પરિવર્તનો અને ટિપિફાઈડ પાત્રાલેખનો વગેરે માટે જગ્યા હોય, એ કથા. એકંદરે, મહદ્અંશે.

વ્યાસોચ્છિષ્ઠમ્ જગત્ સર્વં । એટલે કે ભગવાન વ્યાસે મહાભારતમાં બધી જ કથાઓ કહી નાખી છે અને જે કંઈ બાકી રહ્યું છે તે એમનું અજીઠું છે. એમાં મહાભારતનો મહિમા અલબત્ત છે, પરંતુ માનવજાતે સર્જેલી સઘળી કથાઓને એ જ માપદંડે સંપૂર્ણપણે માપી શકાય એમ નથી, કારણ કે કથનશૈલી, પ્રસ્તુતિરીતિ, રૂપ, રચના, દૃષ્ટિકોણ, માધ્યમ વગેરે અનેક દૃષ્ટિએ દરેક કથા એના સંસ્કૃતિ-સંદર્ભે આગવી બને - બની છે. કારણ કે માત્ર 'શું બને છે' એટલુ ંજ જાણવું આપણા નિંદારસ અને ઉત્સુક્તા માટે કાફી નથી. એને જે તમતમાટ જોઈએ છે એ તો 'એ કેવી રીતે બન્યું' એમાંથી જ મળે. સર્જકોને એમાં જ રસ હોય, એ પાત્રોને જે રીતે ચલાવે, એના આલેખનમાં જે 'કાકુ' ભેળવે, એને બહેલાવે, ચડાવે, પછાડે, રમાડે એની રીતમાં, પ્રસ્તુતિમાં, એના ખેલમાં લોકોને રસ હોય છે. બીબાંઢાળ પાત્રાલેખન હોય કે મ્હોર મારેલો નટ ભલે નાયક, ખલનાયક, કોમિક કોઈ પણ પાત્ર ભજવતો હોય તો પણ ભાવક એમાંય કશુંક અવનવીન, અપરિચિત, અણધાર્યું અપેક્ષે.

(નીચે) ૧૯૧૭માં 'હાઉ ફિલ્મ્સ આર મેડ'માં દાદસાહેબ ફાળકે • (બાજુમાં) ૧૯૬૮માં ફિલ્મ 'ગૂપી ગાયને બાઘા બાયને'નું દિગ્દર્શન કરતા સદ્ગત સત્યજિત રાય





પરંતુ સાવેસાવ અણધાર્યું ન ચાલે. તદન અપરિચિત રોકડેથી 'મનોરંજન' ખરીદવા નીકળેલા પ્રેક્ષકને અસલામત બનાવી દે. અંધારે બેઠેલો પ્રેક્ષક વન-ટુ-વન એટલે કે એકંદરે વ્યક્તિગત પ્રત્યાયનની એ પરિસ્થિતિમાં માનવકદથી મોટાં દ્વિપરિમાણીય ચિત્ર/ધ્વનિઓથી સર્જાતી સાવેસાવ અપરિચિત સૃષ્ટિને કદાચ સાંખી શકતો

નથી. અને એટલે એમાં બહુ જ નાનો-શો તફાવત જ એ ઝંખતો હોય છે અને એને એ મળી જાય તો એને સંતોષ થઈ જતો હોય છે. એટલે તો આપણે ત્યાં યુવાન રૂપાળાં નટ-નટીઓ જ ફક્ત નાયક-નાયિકાઓ બને છે. એ ફિલ્મમાં દેખાતા ખલનાયક - પોલીસો, જજો, ક્લબ ડાન્સરો, વકીલો નજીવાં જ પાત્રાલેખન / પોષાક / સંવાદ / રીતભાતથી જુદાં પડે છે. ક્યારેક તો અમુક-તમુક નટના પ્રવેશથી જ કેટલાક ભાવકો એટલે તો એમના સંવાદો પણ બોલી શકતા હોય છે. કેટલાક કહે છે હિન્દી-ગુજરાતી મોટા ભાગની ફિલ્મોમાં કૅરૅક્ટર-ઍક્ટરો છે, એટલે કે ઍક્ટરો જ કૅરૅક્ટર બની ગયાં છે, ઍક્ટરો વિવિધ 'કૅરૅક્ટરો' બનતાં નથી !





(ડાબેથી) 'જંગલ ક્વીન' (૧૯૫૬)માં નાદિયા, 'નાગદેવતા' (૧૯૬૩)માં શશિકલા →


જેવી રીતે ભાવકોનું, એવી જ રીતે વેપારી ગણતરીથી થતાં એનાં મોટા ભાગનાં નિર્માણોનું. પ્રેક્ષકોની આ માનસિકતા મુજબ નાનાં નાનાં પરિવર્તનોનું પુનરાવર્તન કરવાનું નિર્માતાઓને પણ સલામત લાગતું હોય છે. એટલે થોડે થોડે વખતે ધીમી ગતિએ કશુંક નવું આવે, બહુ મોટો તફાવત થયો હોય એવો એનો પ્રચાર થાય, અને પછી એ બીબાએ જાતજાતના ઢાળો ઢળ્યા કરે. પરિણામે આ સામુદાયિક, સામૂહિક, સામાજિક કલા સ્ટેટસ ક્વો (status quo) જૈસે થેની સલામતિનું સાધન બની જતી હોય છે અને એટલે માત્ર ભગવાન વ્યાસનું અજીઠું જ નહિ, પરંતુ ફેશનપરસ્તીના નામના જ અહીં સિક્કા પડતા હોય છે.

આમ તો કથા એટલે પ્રત્યાયનને પ્રસ્તુત કરવા માટેનું ઉદાહરણ, ફ્રેમ, ઍંગલ, જીવનદર્શન. પાત્રો એના વાહકો હોય છે. એમની સાથે જે કંઈ ઘટે એનો સાક્ષીભાવ પણ બોધક / શિક્ષણપ્રદ / મનોરંજક રીતે ભાવકની ભાગીદારી સર્જતો હોય છે. પ્રક્રિયાની ચક્કીમાં દળાઈને કથાવળાંકો આવે, પાત્રો ક્રિયા કરતાં કરતાં નિર્ણયો લે અને એમ સત્ય પ્રગટ થતું રહે. પ્રાકટ્યનાં એ પરાક્રમોને પ્રેક્ષકો નાણે-પ્રમાણે અને એ રીતે એ પોતાનેય પામે. એમાં માદળિયા દ્વારા થતા રહસ્ય-ઉદ્ઘાટનને જે સ્થાન હોય, એ કરતાં જીવનના છેક અંતિમ બિંદુએ કોઈ પાત્ર માત્ર માથું હલાવે કે પછી આછા ઉચ્છ્વાસેય હકાર ભણે તોય એ અર્થભર બનતું હોય છે. કારણ કે માદળિયાં કે પત્રો કે ફિલ્મને અંતે દેખાડાતી જન્મજાત નિશાનીઓથી થતાં રહસ્યનાં ઉદ્ઘાટનો તો ફક્ત આંચકાઓ જ છે, સનસનાટીઓ છે, એ ક્ષણજીવી પ્રભાવ માટેના પ્રયત્નો છે ! આવાં હૃદયપરિવર્તનો પ્રેક્ષકોના અનુભવક્ષેત્રની બહાર હોય છે અને છતાં, અને કદાચ એટલે જ, એને ચમત્કારો ગમે છે. પ્રક્રિયા દ્વારા કેળવાતી સમજણ કે પુખ્તતા માટે એનામાં ધીરજ નથી હોતી. કોઈ જાદુઈ લાકડી ફરે, ક્યાંયથી ખજાનો હાથ લાગે, કોઈ રૂપાળો રાજકુમાર આવે અને 'જય-સંતોષીમા'ની હથેળીમાંથી ત્રણ કિરણોની કલી મુડદાં બેઠાં કરે... અને એ જ રીતે ખલનાયકે જ્યારે નાયકને બરાબર સપડાવ્યો હોય ત્યારે જ પોલીસની સાયરન વાગે કે પછી કોઈ સાવ સામાન્ય પાત્ર આવીને એમ કહી દે કે 'તમે તો બેય જોડિયા ભાઈઓ છો,' એટલે કથા વિશેની આપણી બધી અપેક્ષાઓ જાણે સંપૂર્ણ સિદ્ધિને પામે છે !

આ ફોર્મ્યુલા પણ કદાચ એટલા જ માટે વિકસી છે કે એનું ચિત્રીકરણ અને સંકલન સનસનાટી સર્જવા થયું હોય છે અને ત્યારે એના નિર્ણાયક - દિગ્દર્શકે જીવનની કારમી વાસ્તવિકતામાં પોતે જીવે છે એવું માનતા પ્રેક્ષકની સનસનાટી ભૂખને નજર સમક્ષ રાખી હોય છે. ફિલ્મના માધ્યમનો વિકાસ થયો એ પહેલાંની આપણી જૂની રંગભૂમિનો અનુભવ પણ એ માટે એટલો જ જવાબદાર છે. આપણી લોકકથાઓનાં એકધાર્યાં વીરપાત્રો કે ધર્મકથાઓના ચમત્કારોએ પણ એમાં પૂરું પ્રદાન કર્યું છે. પેઢીઓની પેઢીઓએ છેલ્લા સૈકામાં જે મોટે ભાગે જોયું છે એણે આ 'નિરક્ષરતાનો વારસો' પોતાનાં સંતાનોને આપ્યો છે, થોડા અપવાદો સિવાય. સત્યજિત રે આણિ પાર્ટી, બિમલ રૉય આણિ કંપની, ગુરુદત્ત આણિ મંડળી સિવાય.

કથા એટલે ફ્રેમ. જગતની વાસ્તવિક્તા, એની ઘટનાઓ, એનાં પાત્રો, એની પ્રક્રિયાઓ વગેરેને કલાકાર પોતાના પ્રત્યાયન અનુસાર પેલી ફ્રેમમાં જે પૂરે તે. એને જે દૃષ્ટિકોણ, જે રંગ, જે રૂપ, જે આકાર આપે તે. આવી કથાઓ એકધારી / બીબાંઢાળ /

(અનુસંધાન પૃ. ૬૦૯ ઉપર)



ઘર મારામાં ધબકે છે...

- પ્રફુલ્લ રાવલ

મારા જ ઘરમાં મારે જાતે તાળું ખોલીને દાખલ થવાનું ભાગ્યે જ બને છે - માંડ બે-પાંચ વર્ષે. પણ જ્યારે હું તાળું ખોલું છું ને બારણું ધકેલીને પ્રવેશ કરવા જાઉં છું ત્યારે હું ઝટ દઈને દાખલ થઈ શકતો નથી. કોઈક જાણે મારું બારણું રોકીને બેઠું હોય છે ! કોઈ જ દેખાતું નથી, છતાં ય મને ભ્રમ થયા કરે છે - કોઈક છે, કોઈક છે, મારું કોઈક છે. આંખ મીંચકારીને હું પુનઃ જોવા મથું છું. છતાં ય કશું જ જોઈ શકતો નથી ને દાખલ થવાનું પણ ક્ષણભર ભૂલી જાઉં છું. ખૂલેલાં બારણાંમાંથી એક પ્રકારની ખુશબૂ આવે છે. હું એ ખુશબૂના આકર્ષણે ઘરમાં પ્રવેશી જાઉં છું. અત્યારે એમ જ ઘરમાં દાખલ થયો છું. આજુબાજુથી ઊડીને આવેલી ધૂળ પડી છે. ભોંયતળિયા પર પડેલી ધૂળમાં મારા પગની છાપ પડી છે. હું એ છાપ જોઉં છું ને શોધું છું એ તાં મારી ગઈ કાલ. હું તાળું ખીંટીએ લટકાવીને પાટ પર પડેલા કપડા વડે પાટને સાફ કરું છું. હવામાં ધૂળ ઊડે છે. હું ઊડતી ધૂળ જોઉં છું. એમાંથી સ્મૃતિની સુવાસ પામું છું. ઘરમાં એકલો છું. જરા ય ઘોંઘાટ નથી છતાં ય અનેક રવ કાને અથડાય છે. જાણે મારું ઘર મારી સાથે વાતે વળગ્યું છે ! એ જ મને કહ્યા કરે છે અતીતની વાતો.

આજનું મારું ઘર પરિવર્તનના ત્રણ તબક્કા વટાવીને ઊભું છે. પણ જૂનું-પુરાણું મારું ઘર હજુ ય પ્રત્યક્ષ થતું અનુભવું છું. નળિયાંવાળું છાપરું તૂટુંતૂટું થતું રહેતું. કોહવાઈ ગયેલી વંજી પર સાંઠીઓ મૂકીને છાપરું સંચાવાતું, છતાં ય ચૂતું રહેતું. વરસાદ આવતો અને બાનો જીવ ઊંચો થઈ જતો. વર્ષા વિફરેલી વાઘણ જેવી લાગતી. બા વરસાદ ન આવે તેવું મનમાં કહ્યાં કરતી. આવતી સાલ તો ગમે તેમ કરીને છાપરું સમું કરાવીશું જ - એમ બાપા સંકલ્પ કરતા. છતાં ય દર વર્ષે છાપરું ચૂયા કરતું જ. આજે નળિયાંવાળું એ છાપરું ય રહ્યું નથી ને એ બાપા ય રહ્યા નથી. ક્યારેક રાત્રે મોટાં ફોરાં પતરાં પર પડે છે તો એનો રવ સાંભળ્યા કરું છું ને સંભાળ્યા કરું છું પેલું ચૂતું છાપરું સાથે બાપાનો ચિંતિત ચહેરો. ! જોઉં છું પાણી ઉલેચી ઉલેચીને ફુગાઈ ગયેલાં બાનાં આંગળાંનાં ટેરવાં ! હવે એ બા ય નથી રહી અને નથી રહ્યું એ ઘર.

અમારા ઘરમાં ઓશરી સિવાય બધે જ લીંપણ હતું. ગારવાળા ઓરાડાઓમાં તાજું લીંપણ કર્યું હોય ત્યારે છાણની જે વાસ આવતી તે અત્યારે અનુભવું છું. લીંપણ સુકાય નહીં ત્યાં લગી ઓરડામાં દાખલ ન થવાતું, ન થવાનું ફરમાન રહેતું. બા કહેતી કે પગલાં પડી જાય, છતાં ય ચોરીછૂપીથી હું પગલું પાડી આવતો. બીજી વાર ગાર થાય ત્યાં લગી મારું પાદચિહ્ન યથાવત્ રહેતું. ! એક વાર સખીને પણ બતાવેલું મારું પાદચિહ્ન ! એણે જોડે જ પગલું મૂક્યું પણ સુકાઈ ગયેલી ગાર પર પાદચિહ્ન પડતું નથી. કાયમ ગાર સુકાયા પછી જ એ આવતી ને પછી મોડા પડ્યાનો અફસોસ કર્યા કરતી. એમ જ ક્યારેય ન પાડી શકીએ પગલું - મારા ઘરના ઓરડામાં હવે તો ગાર પણ નથી ને પગલું પાડવા જેટલી અલ્લડતા પણ રહી નથી. ને સખી...?! છે..... માત્ર યાદમાં.

ઘરમાં પહેલાં ઓશરી પછી મોટો ઓરડો અને એ પછી બે નાના ઓરડાઓ. એકમાં અનાજ રહેતું અને એક હતો અંધારિયો ઓરડો. એ અંધારિયો ઓરડો મોટા ભાગે બંધ રહેતો. અવાવરું પડ્યો રહેતો. આ અંધારિયા ઓરડામાં જતાં બીક લાગતી. જાતજાતની દંતકથાઓ જોડાઈ ગઈ હતી એ ઓરડા સાથે. એક સવારે જાગીને મેડીએથી નીચે આવ્યો ત્યારે કૌતુક થયું. ઓશરી ખાલી ! મોટો ઓરડો ખાલી ! રસોડામાં સગડી સળગે - એકલી. ચોકમાં પડેલી ડોલમાંથી નિરાંતે બકરી પાણી

પીએ. ને પેલા અંધારિયા ઓરડામાંથી ઝીણો-ઝીણો અવાજ આવ્યા કરે - રડતા બાળકનો. હું તો ડઘાઈ ગયો. ગભરાઈ ગયો. રસોડામાં ફરી નજર કરી તો બા નહિ. ધીમે પગલે અંધારિયા ઓરડા પાસેના બારણે લપાઈને ઊભો રહ્યો. થોડોક ભય પેસી ગયો મારામાં. લપાઈને ડોકિયું કરવા જાઉં છું ત્યાં વળી પુનઃ બાળકના રડવાનો અવાજ આવ્યો. સાથે બાનો અવાજ - બહેનનો અવાજ. ભય ગતિ કરી ગયો ને કુતૂહલ મન પર સવાર થઈ ગયું. થોડી ક્ષણોમાં કુતૂહલ શમવા માંડ્યું ને બુદ્ધિનું બારણું ઊઘડી ગયું. એ સાથે જ બહાર દોડી ગઈ મારી નિર્દોષતાને, નિખાલસતાને. હું બાર વર્ષનો થઈ ગયો. બુદ્ધિએ બારણે ટકોરા મારવા માંડ્યા. આ જ ઘરમાં તરંગલીલા કરતાં કરતાં મુગ્ધાવસ્થા પસાર કરી અને યૌવન પણ અહીં જ વીતી ગયું. દામ્પત્યજીવનની સવાર અહીં જ ઊગી ને સોળે કળાએ ખીલી રહી. હજુ ય એની સુવાસ વાતાવરણમાં વ્યાપેલી છે. સાન્નિધ્યનો મહિમા આજ પામું છું.

ઘર એનું એ જ છે, પરંતુ એનું રૂપ બદલાયા કર્યું છે. ઓશરી હજુ ય છે પણ નાની થઈ ગઈ છે. મોટો ઓરડો પણ નાનો થઈ ગયો છે. અનાજવાળો ઓરડો સજ્જ થઈ ગયો છે. એમાં પ્રવેશીને ઊભો રહું છું તો પ્રતિબિંબે હું જ મને દેખાઉં છું. ક્યારેક મારી જ છબી સ્પષ્ટ જોવા માટે પડદો હટાવવો પડે છે. અત્યારે પણ પડદો દૂર કરીને ઊભો છું ને હું મારી જ સાથે વાતો કરું છું. વાત કરતાં કરતાં હું થોભી જાઉં છું. વનમાં પ્રવેશવાની હવે બહુ વાર નથી એવું એંધાણ મારા શિર પરના કેશનું છે.


ઘરમાં કોઈ જ નથી, માત્ર હું જ છું, તો પણ હું એકલતા અનુભવતો નથી. ઘરનો આખો માહોલ મારામાં સંક્રાન્ત થઈ ગયો છે. જૂની-પુરાણી વસ્તુઓ યાદના વનમાં વલવલે છે. જીર્ણ મારા ઘર પર સમૃદ્ધિએ છાપો જરૂર માર્યો છે. એ થોડુંક ઠાવકું બન્યું છે. નવોઢા જેવું લાગે છે. જૂનું ઘણું ભુલાઈ ગયું છે. હવે દીવડું ગોત્યું જડતું નથી. ઘરમાં કાલાં આવવાનાં બંધ થયાં છે. પડિયા બનાવવાનું ક્યારનું યે ભુલાઈ ગયું છે. જે ટેબલ પર બેસીને લેસન કરતો હતો તે માળિયે ચડી ગયું છે. જિદ્દ કરીને સિદ્ધપુરના મેળામાંથી ખરીદેલી પતરાની પેટી ક્યાં હશે ! મારા બાળપણના અનેક સ્મરણો એ પેટી સાથે સંલગ્ન છે. ક્યારેક કબાટમાંથી જૂની વસ્તુઓ બહાર કાઢીને જોઉં છું. મોરપીંછ હજુ ય પીળી પડી ગયેલી નોટમાં સુરક્ષિત છે. એમાં જ એક પાના પર ઉતારેલી નઝમને અબરખની પાંદડીઓ અડકે છે. સખીએ આપેલો સાપની કાંચળીનો એક અંશ હજુ એ નોટની બેવડમાં છે.

ઘરની દીવાલો મજબૂત બની છે. ઘર એકના બદલે બે માળનું બન્યું છે. જન્મથી જ આ ઘરમાં રહું છું એટલે માયા બંધાઈ ગઈ છે. છતાં ય માયા શબ્દની અર્થચ્છાયા મારા અને ઘરના સંબંધ સાથે ટૂંકી પડે છે. હું ઘર સાથેના મારા લગાવને શબ્દની ત્રિજ્યામાં બાંધી શકતો નથી. આથી જ અત્યારે અમારા આ સાયુજ્યને કોઈ સંબંધનું નામ આપવાની ચેષ્ટા હું કરતો નથી. ઘર હું છું ને હું જ ઘર છું એવી લાગણી સતત અનુભવતો રહું છું. આથી જ એકલો પડું છું ત્યારે લાગે છે કે ઘર મારામાં ધબકે છે. □

અનુસંધાન] ફિલ્મનું અનુભાવન [પૃ. ૬૦૭થી

છાપાળવી ન હોય. એવું બને ત્યારે સર્જકને ખુદને અપમાન લાગે. એનો એ ત્યાગ કરે. સર્જક નમૂનાઓને, ઉદાહરણોને ઉવેખે. પુનરાવર્તન એને ગૂંગળાવે. કલા હંમેશા નવી કેડી પાડે.


'ચૌદવી કા ચાંદ'માં ગુરુ દત્ત અને મિનુ મુમતાજ


'મેડમ ઝીરો' (૧૯૬૨)માં નાદિરા

પણ 'મનોરંજન' તો પુનરાવર્તનને ધોરીમાર્ગે જ ચાલે, અજાણી ગલી-કૂંચીઓમાં એ અટવાય તો એની ટિકિટબારી સૂની રહે અને ભાવકો વિમુખ થાય. વેપારીએ એટલે તો પોતાની વસ્તુમાં કરેલા બહુ નાના તફાવતને ઘોંઘાટિયા પ્રચારથી જ વેચવો પડે. એટલે જ મેઇનસ્ટ્રીમ હિન્દી ફિલ્મો માત્ર 'મનોરંજન' છે. 'મનોરંજક' નથી. કારણ કે કઈ કલા 'મનોરંજક' નથી હોતી ? અને કોઈ પણ ભાગીદારી 'મનોરંજક' જ હોય છે. □

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

લાગે છે કે જવાશે, જવાશે ભાઈ જવાશે

તા. ૧-૧-૮૧ : હમણાં ચુગ્ગુ નામની બાળવાર્તા વાંચવાનો પ્રસંગ મળ્યો. જલપાઈગુડીથી દાર્જિલિંગ જતી છોટી લાઈનની ટ્રેનના એન્જિનનું નામ ચુગ્ગુ છે. ચુગ્ગુ દાર્જિલિંગની સફરે ઊપડે છે ત્યારે વચ્ચે ટેકરો ઓળંગવાનો આવે છે. ઢાળ ઉપર ચઢતાં ચઢતાં તે હાંફી જાય છે. પણ પછી એન્જિનની ભાષામાં 'છુક છુક છુક, છુક છુક છુક' એમ બોલવાને બદલે બોલે છે : 'લાગે છે કે જવાશે, લાગે છે કે જવાશે, જવાશે ભાઈ જવાશે, લાગે છે કે જવાશે' એમ કહેતુંકને ઢાળ ચઢી ગયું.

જિન્દગીમાં કેટલાયે એવા પ્રસંગો આવે છે જ્યારે નિરાશ, હતાશ થઈ જવાય, હાંફી જવાય પણ ત્યારે ચુગ્ગુ જેવી 'લાગે છે કે જવાશે, જવાશે ભાઈ જવાશે' - વૃત્તિ હોય તો ભલભલી નિરાશા પીગળી જાય અને આશાનું કિરણ ઊઘડે. સંશોધન કરતા મારા વિદ્યાર્થીઓને તો આ વાક્ય સોનેરી અક્ષરે કોતરી રાખવાની હું સલાહ આપું છું. સંશોધન કરનારને તો ડગલે ને પગલે ચુગ્ગુનું આ વાક્ય યાદ આવે.

આયર્લૅન્ડના મુખ્ય શહેર ડબ્લિનમાં એક હેમિલ્ટન બ્રિજ છે. હેમિલ્ટન આઈરીશ ગણિતજ્ઞ હતો. તેણે ચતુર્દિશ (Quaternion) શોધ્યા. ગણિત-વિજ્ઞાનમાં વપરાતા સદિશના ત્રણ ઘટક હોય છે. બે સદિશનો ગુણાકાર થઈ શકે, પણ A x B = - B x A થાય. હેમિલ્ટનનો એવો ખ્યાલ હતો કે ત્રણ ઘટકવાળા સદિશ જેવા જ ચાર ઘટકવાળા ચતુર્દિશ મેળવવા, તેમના ગુણાકાર કેમ થાય તે જોવું અને આ રીતે સંખ્યાઓનું ક્ષેત્ર વિસ્તારવું. આ માટે તેણે મહિનાઓ સુધી પ્રયત્નો કર્યા પણ ચાર ઘટકવાળા ચતુર્દિશના ગુણાકારનો સુસંગત નિયમ તેને મળ્યો નહિ. રોજ સવારે ચા પીવા બેસે ત્યારે તેની નાની દીકરી તેને પૂછે કે, પપ્પા તમને ગુણાકાર મળ્યો ? હેમિલ્ટન નિરાશ થઈને કહે : 'ના બેટી, હજી નથી મળ્યો.' હેમિલ્ટનની દીકરીએ જો ચુગ્ગુની બાળવાર્તા વાંચી હોત તો તે કહેત : 'કાંઈ વાંધો નહિ, જવાશે ભાઈ જવાશે, લાગે છે કે જવાશે.'

અને છેવટે જવાયું ખરું હેમિલ્ટને ચતુર્દિશ શોધ્યા ખરા ! આ ચતુર્દિશો ગણિત અને વિજ્ઞાનમાં ઘણા ઉપયોગી થયા છે.

કોઈ પણ પ્રકારની, સંશોધન કરવાની પ્રવૃત્તિ માટે તો આ વેદવાક્ય છે : 'લાગે છે કે જવાશે, જવાશે ભાઈ જવાશે, લાગે છે કે જવાશે.'

રામાયણ અને લંકા

તા. ૫-૩-૮૧ : રામાયણ એ એક સાહિત્ય-કૃતિ છે, તે શાસ્ત્રોક્ત ઈતિહાસ નથી. જેમ 'ગુજરાતનો નાથ' મૂળ તો નવલકથા જ છે, ઈતિહાસ નથી. ઈતિહાસનો એક મુખ્ય ઈતિહાસનો પ્રસંગ લઈ તેની આસપાસ પોતાની સાહિત્ય-શક્તિને જોરે મુનશીએ એક સરસ નવલ નિપજાવી છે. 'ગુજરાતનો નાથ'માં આવતા કોઈ એક પ્રસંગને લઈને, ઈતિહાસમાં તે આમ જ બન્યો હશે તેમ કહી શકાય નહિ, કહેવું પણ ન જોઈએ. લેખક ઈતિહાસને સંપૂર્ણ વફાદાર રહે તો 'ગુજરાતનો નાથ' વાંચવાની મજા જ ન રહે. આવું જ રામાયણનું છે. રામનો જીવન-પ્રસંગ ઐતિહાસિક ખરો, પણ રામાયણ ઈતિહાસનું પુસ્તક નથી. તે તો વાલ્મીકિનું મહાકાવ્ય છે. તેમાં આવતા પ્રસંગો માટે કદાચ ઐતિહાસિક અંશ વધુ હોય પણ વ્યક્તિઓ, તેમના આચારવિચાર, હનુમાનની માલિક-પરાયણતા, વિભીષણની રામભક્તિ આ બધું જ ઈતિહાસ-શુદ્ધ છે એમ માનવું ન જોઈએ. ઊલટું એ બધું ઈતિહાસશુદ્ધ રહે તેમ વાલ્મીકિએ લખ્યું હોત તો આ આખી વાત આજ દિન સુધી સચવાઈ જ રહી ન હોત.

અત્યારે તો વિદ્વાનોમાં એવો પ્રબળ મત પ્રવર્તે છે કે, રામાયણમાં વર્ણવેલ - વનવાસ, યુદ્ધ અને રામનું રાજ્ય એ મુખ્ય પ્રસંગો ઈતિહાસમાંથી લીધેલા છે અને બીજું મહાકાવ્યકારે પોતાની આગવી અદાથી ગોઠવ્યું છે. રાવણ, લંકા એ બધું ભૌગોલિક રીતે વિંધ્યાચલની ઉત્તરે જ આવેલું છે, એવો સંભવ ઘણો છે. કાલે જ છાપામાં સમાચાર છે કે, ઓરિસ્સાના ફૂલબની જિલ્લાના સોનેપુર ગામ પાસે એક મોટું કિલ્લેબંદ જૂનું શહેર મળી આવ્યું છે અને તે જ 'રાવણની લંકા' હોવાનો પૂરતો સંભવ છે. ખરેખર તો અત્યારના ભારતની દક્ષિણે આવેલા શ્રીલંકા ટાપુને ભારતના સંસ્કૃત તેમ જ તામિલ સાહિત્યમાં ઠેઠ ૧૫મી સદી સુધી કદી 'લંકા' નામ અપાયું નથી. તેનું નામ તો હંમેશાં 'સિંહલ' કે 'સિંહલદ્વીપ' જ આપવામાં આવ્યું છે, જ્યારે ઓરિસ્સાના આ પ્રદેશમાં લંકાનગરી નામ પ્રચલિત છે. એટલું જ નહિ, પણ શ્રીલંકાના પુરાણા સાહિત્યમાં કશે રામ કે રાવણનો ઉલ્લેખ મળતો નથી.

હા, તો રામાયણ ઈતિહાસ નથી, સાહિત્યકૃતિ છે અને એથી વધુ તેમાં જોવું યોગ્ય નથી.

'ભેંશ ઘોડીએ બંધાવો'

તા. ૧૫-૨-૮૨ : આજકાલ હું વિદ્યાનગર આવ્યો છું. ૧૯૫૫માં અમે વિદ્યાનગર છોડ્યું ત્યારે આણંદની અમૂલ ડેરીની સ્થાપના જ થઈ હતી. આજે જ્યારે આણંદ-વિદ્યાનગર આવીએ છીએ ત્યારે આખા પ્રદેશની રોનક બદલાયેલી લાગે છે, તેમાં

અમૂલ કો-ઑપરેટિવનો ઘણો મોટો ફાળો છે. હું વિદ્યાનગરથી આણંદ જતી બસમાં બેઠો તો બસમાં અમૂલ ડેરીની જાહેર ખબર જોઈ. ધોતિયું, ખમીસ અને ધોળી ટોપી પહેરેલો ચરોતરનો ખેડૂત એક હાથમાં ધારિયું અને બીજા હાથમાં ભેંશને બાંધેલી રાશ (દોરી) ઝાલીને ઉતાવળે પગલે ભેંશને દોરી જતો ચીતર્યો છે. નીચે લખ્યું છે : 'વેતરે આવેલી ભેંશને ઘોડીએ જ બંધાવો.' સમજણ પડી ? Artificial Insemination - કૃત્રિમ વીર્યદાન માટે ચરોતરી શબ્દ 'ઘોડીએ બંધાવો.' કૃત્રિમ વીર્યદાન વખતે ઢોરને લાકડાની એક ફ્રેમ વચ્ચે ઊભું રાખવામાં આવે છે તે ઘોડી અને ઢોર ગાભણું થાય તે માટે 'ઢોર બંધાયું' તેવો પ્રયોગ પ્રચલિત છે. ચરોતરી ખેડૂત હવે 'કૃત્રિમ વીર્યદાન'થી એટલો બધો ટેવાઈ ગયો છે કે તે માટે કૃત્રિમ વીર્યદાન જેવા કૃત્રિમ શબ્દથી તેને સંતોષ નથી. તેણે તો તે માટે તળપદો શબ્દપ્રયોગ ઘડી કાઢ્યો : 'ઢોરને ઘોડીએ બંધાવો.' જા.ખ. એ શબ્દ વાપરીને સંદેશો તો એટલો જ આપે છે કે ભેંશને ઘોડીએ જ બંધાવો અને બાજુમાં નાનકડા ચોકઠામાં ઘોડીમાં ઊભેલી ભેંશ પણ ચીતરી છે.

*

આજકાલ પાકિસ્તાનની સ્વરકિન્નરી નૂરજહાં, ભારત આવી છે. મૂળ ભારતીય ફિલ્મોમાં કામ કરતી અને ગાતી. (તે જમાનો પ્લે-બૅકનો નહોતો અને અમારો અશોકકુમાર પણ બનબન બોલું રે....નું ગીત લલકારતો !) હિંદના ભાગલા પછી નૂરજહાં પાકિસ્તાન ગઈ. સંગીતકાર નૌશાદની શિષ્યા. ફિલ્મ 'અણમોલ ઘડી'માં તેણે ગાયેલું ગીત, 'આવાઝ દે, કહાઁ હૈ' ઘણું પૉપ્યુલર હતું. અને હમણાં મુંબઈમાં પુનર્મિલનના કાર્યક્રમમાં જ્યારે તેણે તે ગીત ગાયું ત્યારે પણ તે એટલું જ લોકપ્રિય બન્યું હતું.

નૂરજહાંની દીકરી હિના. ટાઈમ્સમાં નૂરજહાં અને તેની દીકરીનો સાથે ફોટો આવ્યો ત્યારે થોડીક કરચલીને કારણે મા-દીકરીનો ભેદ પાડી શકો, બાકી નહિ.

ભારતમાં નૂરજહાંને ખૂબ હૃદયપૂર્વકનો આવકાર મળ્યો. પણ રાજકારણની બલિહારી છે. તેને ભારત આવવાની પરવાનગી આપતાં પહેલાં તેની ઉપર એક શરત લાદવામાં આવી છે - તે ભારતમાં કોઈ પણ જાહેર કાર્યક્રમ નહિ આપે ! આ શરત પાકિસ્તાની સરકારે મૂકી છે કે ભારત સરકારે તે ખબર નથી. પણ બેમાંથી ગમે તે સરકાર તે મૂકે તે માની શકાય તેવું છે. આ બાબતમાં બન્ને સરકાર સરખી જ છે !! □

*

રમેશ પાસે ત્રણ રૂપિયા હતા. એ પુરીપકોડી ખાવા જવાનો વિચાર કરતો હતો ત્યાં માએ કહ્યું : 'રમેશ, તારી પાસેના ત્રણ રૂપિયા મંદિરમાં આપી દેજે.' રમેશ કહે : 'મને લાગે છે કે હું પુરીપકોડી જ ખાઉં અને પુરીપકોડીવાળો ભલે આપતો મંદિરમાં. □

ટૂંકી વાર્તા

લહેરખી

નસીમ હરીશ ભીલ

બસમાં ધસી આવતી લૂ અને ઉતારુઓની વધતી જતી ભીડથી એ વ્યાકુળ થતો જતો હતો.

લાંબું અંતર, લોકલ બસ, થોડા-થોડા અંતરે આવતાં રહેતાં સ્ટેશન, ગામડિયા ઉતારુઓ, બસની ઘરેરાટી, બારીના કાચની ખડખડાટી, ખરાબ રસ્તાઓ, પાંસળાં ઊંચાં કરી દેતા રોદા*! એ સમસમી રહ્યો.

ટિકિટો ફાડીને આપતા રહેવાની, પૈસા ગણ્યા કરવાના, વધ-ઘટની આપ-લે કર્યા કરવાની, બેલ વગાડ્યા કરવાના. ઉફ ! આ તે કંઈ નોકરી છે !!

એણે ઘડિયાળમાં નજર કરી. હજુ તો અરધું અંતર માંડ કપાયું હતું. મુખ્ય સ્ટેશન સુધી પહોંચતાં નહિ-નહિ તોયે સાડાચાર કલાક તો થવાના જ. એક રાતનો હોલ્ટ સ્ટેશન પર જ, ને સવાર પડતાં ફરીથી બીજી શિફ્ટ. છેક બીજા દિવસે સાંજે ઘરે પહોંચી શકાય. એટલું સારું હતું કે...

ટન..... ! એણે બેલ વગાડ્યો. બસ ઊભી રહી. એણે બારીમાંથી બહાર નજર કરી.

નાનકડી પુત્રીને સાથે લઈને, લઘર-વઘર વેશે આવેલી એની પત્નીએ ટિફિન એના હાથમાં પકડાવ્યું. પુલકિત થયેલા બે ચહેરાઓને જોઈ એનું હૃદય છલકાઈ ઊઠ્યું. પુત્રીના ગાલ પર હળવેથી ટપલી મારી એણે બેલ વગાડ્યો. પત્ની અને પુત્રીએ હાથ હલાવી 'આવજો' કર્યું. બસ ચાલવા લાગી.

હવાની એક શીતળ લહેરખી આવીને રોમાંચિત કરી ગઈ. બધો જ ઉકળાટ શમી ગયો. ઉત્સાહથી એ બોલી ઊઠ્યો. :

'છે કોઈ ટિકિટમાં બાકી ?'

---

* રોદા - ચીલામાં પડેલા ખાડા. □

નવા વર્ષનું લવાજમ

આ અંક સાથે ઘણાખરા ગ્રાહકોનું લવાજમ પૂરું થાય છે. જો આપનું લવાજમ ડિસેમ્બરના આ અંક સાથે પૂરું થતું હોય તો ૧૯૯૬ના વર્ષનું આપનું લવાજમ રૂ. ૧૦૦ તત્કાલ મોકલી આપશો જેથી આપની ફાઈલ તૂટે નહિ. લવાજમ ડ્રાફટ અગર મ.ઓ.થી સ્વીકારાય છે. બહારગામની બૅન્ક પરના ચેક સ્વીકારાતા નથી. 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો ડ્રાફટ લખશો.

ભારતીય ટીમે જ્યારે ઈતિહાસ સર્જ્યો તે

ત્રીજો વિશ્વ ક્રિકેટ કપ

- કશ્યપ ધોળકિયા -



વિશ્વકપ વિજેતા ભારતીય ટીમ 'લોર્ડ્ઝની બાલ્કની'માં

પહેલા બે વિશ્વકપની સફળતાથી પ્રેરાઈને ત્રીજા વિશ્વકપનું આયોજન પણ ઈંગ્લન્ડમાં જ થયું. ૧૦ જૂન, ૧૯૮૩થી ૨૫ જૂન ૧૯૮૩ એમ એક પખવાડિયાના ગાળામાં જ ફાઈનલ સહિત કુલ ૨૭ એકદિવસીય મેચોનું આયોજન અત્યંત સફળ પુરવાર થયું. કુલ આઠ ટીમોએ ભાગ લીધો; પરંતુ એક ગ્રૂપમાં રહેલ ટીમ એકબીજા સામે એક વખત પણ પરંતુ બે વખત રમે તે પ્રકારના આયોજનને કારણે સ્પર્ધા વધુ રસપ્રદ રહી.

૧૯૭૫ અને ૧૯૭૯ એમ બંને વિશ્વકપમાં ભારતના અત્યંત નબળા દેખાવને કારણે કપિલદેવના સુકાનીપદ હેઠળની ભારતીય ટીમ જ્યારે ઈંગ્લન્ડ પહોંચી ત્યારે બહુ જ સામાન્ય ટીમ તરીકે તેનું સ્વાગત થયું, પરંતુ તે વખતે થોડી કોઈને ખબર હતી કે ૨૫ જૂને આ જ સામાન્ય જણાતી ભારતીય ટીમ વિશ્વ ક્રિકેટમાં સનસનાટી મચાવી દેશે?

ગ્રૂપ 'એ'માં ઈંગ્લન્ડ, પાકિસ્તાન, ન્યૂઝીલેન્ડ અને શ્રીલંકાની ટીમ હતી જ્યારે ગ્રૂપ 'બી'માં વેસ્ટઈન્ડિઝ, ભારત, ઓસ્ટ્રેલિયા અને ઝિમ્બાબ્વેની ટીમ હતી. આમ દેખીતી રીતે તો ભારત માટે પોતાના ગ્રૂપમાં બીજું સ્થાન મેળવવું પણ મુશ્કેલ જણાતું હતું. ભારતની પ્રથમ મેચ જ વેસ્ટઈન્ડિઝની ટીમ સામે હતી. બબ્બે વખત વિશ્વવિજેતા બનનાર ક્લાઈવ લોઈડના સુકાનીપદ હેઠળની વેસ્ટઈન્ડિઝની ટીમ સામે ભારતે ૬૦ ઓવર્સમાં યશપાલ શર્માના ૮૯ રનની મદદથી ૨૬૨ રન કર્યા, જે વિન્ડીઝ માટે કપરું નહોતું. તો વળી હજી એક વર્ષ પહેલાં વિન્ડીઝની આ જ ટીમે ભારતની એ જ ટીમ સામે વન-ડે શ્રેણીમાં આસાન વિજય મેળવેલો, પરંતુ ભારતના મધ્યમ ઝડપી બોલર્સ મદનલાલ, બિન્ની, બલવિન્દર સંધુએ રંગ રાખ્યો. ગ્રીનીજ, હેઈન્સ, રિચર્ડ્સ, લોઈડ, દુજોનને ૧૦૭ રન સુધીમાં જ આઉટ કરી નાખતાં વિશ્વકપની અણધારી શરૂઆત થઈ. બાકીની ત્રણ વિકેટ રવિ શાસ્ત્રીએ ચતુરાઈથી ઝડપી લેતાં ભારતનો ૩૪ રને વિજય થયો અને બરાબર એ જ દિવસે નોટિંગહામ ખાતે ઝિમ્બાબ્વેએ ઓસ્ટ્રેલિયાને ૧૩ રને પરાજય આપતાં વિશ્વકપ - ૧૯૮૩ પહેલા દિવસથી જ રસપ્રદ તબક્કામાં પ્રવેશ્યો.

ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ મેચ અને બાદમાં વેસ્ટઈન્ડિઝ સામેની વળતી મેચ ભારત હારી જતાં ભારતીય ટીમ મુશ્કેલીમાં મુકાઈ. બરાબર તેવા સમયે જ ભારત-ઝિમ્બાબ્વેની વળતી મેચ રમાઈ. અગાઉની પ્રથમ મેચમાં ભારતે ઝિમ્બાબ્વેને હરાવેલ એટલે ઝિમ્બાબ્વેની નબળી જણાતી ટીમ સામે આ મેચ પણ આસાનીથી જીતવાની યોજના ભારતીય ટીમની હતી.

વધુ પડતા આત્મવિશ્વાસને કારણે ભારતીય બેટ્સમેનોએ આડેધડ બેટિંગ કરતાં ફક્ત ૧૭ રને અડધી ભારતીય ટીમ પેવેલિયન ભેગી થઈ ગઈ અને ૭૮ના સ્કોર પર વધુ બે વિકેટ પણ પડી જતાં ભારતની હાર જાણે કે નિશ્ચિત બની. પરંતુ ત્યાર પછી ટર્નબ્રિજ વેલ્સ ખાતેના એ મેદાન પર એક એવી ઘટના બની જે ક્રિકેટના ઈતિહાસમાં ભાગ્યે જ બનતી હોય છે. બીજે છેડેથી પોતાના સાથીઓને એક પછી એક પેવેલિયન તરફ જતા નિહાળી એક છેડો સાચવી બેઠેલ સુકાની કપિલદેવે ત્યાર પછી ભારતની ડૂબતી નૌકાનું સુકાન સંભાળ્યું અને એવી અદ્‌ભુત બેટિંગનું પ્રદર્શન કર્યું કે ત્યાં ઉપસ્થિત સૌ દંગ થઈ ગયા. કપિલદેવના બેટમાંથી જાણે કે રનનો ધોધ વછૂટ્યો. ભારતીય કેમ્પમાં છવાયેલ ઘોર નિરાશાને સુકાનીએ એકલે હાથે દૂર કરી. ૧૬ ચોક્કા અને ૬ સિક્સની મદદથી કપિલે અણનમ ૧૭૫ રન ફટકારી વ્યક્તિગત સૌથી વધુ રનનો વિશ્વવિક્રમ સ્થાપ્યો અને ભારતના ટીમ-સ્કોરને ૨૬૬ના સન્માનજનક આંકડે પહોંચાડ્યો. ઝિમ્બાબ્વેએ બેટિંગમાં પણ પૂરતી લડત આપી, પરંતુ આ વિજય પણ ભારતના લલાટે લખાયેલ જ હતો. ભારતની ટીમ ૩૧ રને વિજયી બની.

છેલ્લી ગ્રૂપ મેચમાં પણ ભારતે ઓસ્ટ્રેલિયાને ૧૧૮ રને સજ્જડ પરાજય આપતાં ભારતનો સેમિફાઈનલમાં પ્રવેશ નિશ્ચિત થયો, તો બીજી તરફ વેસ્ટઈન્ડિઝે પણ પોતાની છ મેચમાંથી પાંચ મેચમાં વિજય મેળવી સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો.

ગ્રૂપ 'એ'માં ઈંગ્લન્ડની ટીમ સૌથી વધુ બળવાન હતી અને તેણે દેખાવ પણ એવો જ કર્યો. વેસ્ટઈન્ડિઝની માફક

જ તેણે છમાંથી પાંચ મૅચ જીતી લઈ પોતાના ગ્રૂપમાં મોખરાનું સ્થાન મેળવ્યું; જ્યારે બીજા સ્થાન માટે પાકિસ્તાન અને ન્યૂઝીલૅન્ડ વચ્ચે ખરી રસાકસી થઈ. ગ્રૂપ 'બી'ની માફક ગ્રૂપ 'એ'માં અત્યંત ઉત્તેજનાપૂર્ણ કે પછી અન્ય રીતે કોઈ યાદગાર મૅચનું નિર્માણ ન થયું, પરંતુ એ ગ્રૂપની છેલ્લી મૅચ પાકિસ્તાન અને ન્યૂઝીલૅન્ડ વચ્ચે ૨૦ જૂને ટ્રેન્ટબ્રિજ ખાતે રમાઈ. પાકિસ્તાનનો સેમીફાઈલ પ્રવેશવાનો આધાર આ મૅચ પર હતો. પાકિસ્તાને પહેલું બૅટિંગ કર્યું અને ૧૧૪ રનમાં તેની ત્રણ વિકેટ પડી જતાં તે મુશ્કેલીમાં મુકાયું, પરંતુ ચોથી વિકેટની અણનમ ૧૪૭ રનની ઝાહિર અબ્બાસ અને ઈમરાનખાન વચ્ચેની ભાગીદારીએ મૅચનું પાસું પલટ્યું. ઝાહિર અબ્બાસે અણનમ સદી ફટકારી અને ઈમરાને ૭૯ રનનો ફાળો આપતાં પાકિસ્તાને ૨૬૧ રન કર્યા. ન્યૂઝીલૅન્ડ વળતો જવાબ આપવામાં ઊણું ઊતર્યું અને ૧૮૭ રને આઠ વિકેટ ખોઈ બેઠું, પરંતુ નવમી વિકેટની ભાગીદારીમાં વિકેટકીપર વૉરેન લી અને જ્હોન બ્રેસવેલે ૫૯ રન નોંધાવી પાકિસ્તાનના હોશકોશ ઉડાડી દીધા. ખરે સમયે ઑલરાઉન્ડર મુદસર નઝરે વૉરેન લીને આઉટ કરતાં અને ચાર રન બાદ સરફરાઝ નવાઝે બ્રેસવેલને ઝડપાવી દેતાં ફક્ત ૧૧ રને પાકિસ્તાનનો નાટ્યાત્મક વિજય થયો અને પાકિસ્તાને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો.

૨૨ જૂને એક સેમિફાઈનલ ઓલ્ડટ્રેફર્ડ મેદાન ખાતે અને બીજી સેમિફાઈનલ ઓવલ ખાતે શરૂ થઈ. ઓલ્ડટ્રેફર્ડ પર ઈંગ્લન્ડ ભારત સામે પહેલા દાવમાં ઊતર્યું અને ૬૦ ઓવર્સમાં ૨૧૩ રન જ કરી શક્યું. મોહિંદર અમરનાથની તદ્દન સામાન્ય જણાતી છતાં પણ લાઈન અને લેન્થ પર સુંદર કાબૂ ધરાવતી બૉલિંગે ઈંગ્લન્ડના ડેવિડ ગ્રોવર અને માઈક ગેટિંગની ખૂબ જ મહત્ત્વની વિકેટ ૧૨ ઓવર્સમાં ફક્ત ૨૭ રન આપી ઝડપી લીધી. જ્યારે રોજર બિન્નીએ ૪૩ રનમાં બે અને કપિલદેવે ૩૫ રનમાં છેલ્લી ત્રણ વિકેટ ઝડપી લેતાં ભારતની ફાઈનલ-પ્રવેશની તક ઊજળી બની. બૉલિંગમાં સફળ રહેનાર મોહિંદર અમરનાથે ત્રીજા ક્રમે આવી ૪૬ રનનો ફાળો આપ્યો જ્યારે યશપાલ શર્માએ ૬૧ અને સંદિપ પાટીલે અણનમ ૫૧ રન ફટકારી ભારતીય વિજય આસાન બનાવ્યો. ૫૫મી ઓવરમાં જ ફક્ત ચાર વિકેટના ભોગે ભારતે જોઈતા રન કરી લેતાં ભારતનો છ વિકેટે વિજય થયો અને ભારતે પ્રથમ વખત જ વિશ્વકપ ફાઈનલમાં પ્રવેશ કર્યો. મોહિંદર અમરનાથને તેના નોંધપાત્ર દેખાવ બદલ 'મૅન ઑફ ધ મૅચ'નો એવૉર્ડ અપાયો.

બીજી સેમિ-ફાઈનલમાં પાકિસ્તાન અને વેસ્ટઈંડિઝની ટીમો વચ્ચેની મૅચ ઉત્તેજના વગરની તદ્દન એકતરફી રહી. પાકિસ્તાનની ટીમ પોતાના દાવમાં ફક્ત ૧૮૪ રન જ નોંધાવી શકી. માલ્કમ માર્શલની આગઝરતી બૉલિંગ સામે અને ચુસ્ત ફિલ્ડિંગ સામે પાકિસ્તાનની ટીમ શરણે થઈ ગઈ. માર્શલે ફક્ત ૨૮ રનમાં ત્રણ વિકેટ ઝડપી. વેસ્ટઈંડિઝની મજબૂત બૅટિંગ લાઈન માટે આ સ્કોર બહુ જ નાજુક હતો, તો વળી પાકિસ્તાનનો મુખ્ય બૉલર ઈમરાનખાન ઈજાગ્રસ્ત હોવાને કારણે બૉલિંગ કરી શકે તેમ નહોતો. વિવિયન રિચર્ડ્સના ૮૦ અને લૅરી



← સુકાની કપિલદેવ અને મોહિંદર અમરનાથ વિશ્વકપ સાથે

↓ વિશ્વકપ સાથે સૈયદ કિરમાણી લાક્ષણિક મુદ્રામાં








(ઉપર) ક્લાઈવ લૉઈડ • (બાજુમાં) 'મેન ઑફ ધ મૅચ' મોહિંદર અમરનાથ

ગોમ્સના ૫૦ રનની મદદથી ૧૦ ઓવર્સ બાકી હતી ત્યાં જ વેસ્ટઇંડિઝે બે વિકેટ ગુમાવીને જોઈતા રન કરી લેતાં વેસ્ટઇંડિઝે સતત ત્રીજી વખત વિશ્વકપ ફાઈનલમાં પ્રવેશ કરી 'હૅટ્રિક' નોંધાવી.

૧૯૮૩નો વિશ્વકપ શરૂ થયો તે વખતે અંગ્રેજ ક્રિકેટ-રસિકો એવું માનતા હતા કે ફાઈનલમાં ઇંગ્લન્ડ-વેસ્ટઇંડિઝ વચ્ચે મુકાબલો થશે. પરિણામે ફાઈનલની ટિકિટ ઘણા સમય અગાઉ જ વેચાઈ ગયેલ પરંતુ ઇંગ્લન્ડ સેમિફાઈનલમાં ભારત સામે હારી જતાં અંગ્રેજ ક્રિકેટ-રસિકો ફાઈનલની ટિકિટ વેચવા નીકળ્યા અને તે સાથે જ ભારતીયો તે ખરીદવા લાગ્યા. ભારતથી પણ અસંખ્ય ક્રિકેટ-રસિકો લંડન પહોંચી ગયા. લૉર્ડ્ઝ મેદાન ભારતીયોથી ઉભરાયું અને કદાચ એક દિવસ માટે તે કલકત્તાનું ઇડન બની ગયું !

શનિવાર, ૨૫ જૂન ૧૯૮૩નો દિવસ કોઈ અદ્ભુત ઇતિહાસનું સર્જન કરશે તેની ક્યાં કોઈને કલ્પના હતી! ત્યારે અહીં 'જીવંત પ્રસારણ' નહોતું; પરંતુ બી.બી.સી. દ્વારા મૅચનું 'જીવંત વર્ણન' જરૂર હતું. ભારતીય સમય મુજબ બપોરે ત્રણ કલાકે મૅચ શરૂ થઈ અને સૌએ પોતપોતાનાં ટ્રાન્ઝિસ્ટર કાન પર માંડ્યાં. એક્સ્પર્ટ્સની દૃષ્ટિએ આ મૅચ વેસ્ટઇંડિઝના ખિસ્સામાં જ હતી. બુકીઓએ ભારતીય જીત માટે ૫૦-૧ નો ભાવ આપ્યો હતો ! લૉઈડના સુકાનીપદ હેઠળની વેસ્ટઇંડિઝની ટીમ અગાઉ બે વિશ્વકપ જીતી હતી અને રિચર્ડ્સ, ગ્રીનીજ, હેઈન્સ, માર્શલ, રોબર્ટ્સ, ગાર્નર, હોલ્ડિંગ વગેરેથી બનેલ ધરખમ ટીમ સામે ભારતીય ટીમ તદ્દન વામણી જણાતી હતી.

વેસ્ટઇંડિઝે ટૉસ જીતી ભારતને દાવ લેવા આમંત્રણ આપ્યું. બે રનના સ્કોર પર જ ગાવસ્કરની વિકેટ ભારતે ગુમાવી અને ભારતના ડ્રેસિંગ રૂમમાં સોપો પડી ગયો ! શ્રીકાંતે કેટલાક આક્રમક સ્ટ્રોક્સ લગાવી પ્રેક્ષકો અને શ્રોતાઓમાં ચેતના લાવી દીધી. એન્ડી રૉબર્ટ્સની બૉલિંગમાં ફાઈનલેગ પર એક 'ફાઈન' સિક્સ સાથે શ્રીકાંતે ૩૮ રન ફટકાર્યા જે બાદમાં 'ટૉપ સ્કોર' સાબિત થયા. વેસ્ટઇંડિઝના ઝડપી બૉલર્સે ભારતીય બૅટ્સમેનોને જરા પણ સેટ થવા ન દીધા. ભારતનો ધબડકો થયો અને ફક્ત ૧૮૩ રનમાં જ ભારતીય ટીમ ઑલઆઉટ થઈ જતાં સૌ ભારતીયો નિરાશ થયા અને ભારતની હાર નિશ્ચિત માની,



સુકાની કપિલદેવ

અન્ય પ્રવૃત્તિ તરફ ધ્યાન આપ્યું.

વેસ્ટઇંડિઝના ડ્રેસિંગ રૂમમાં ઉત્સવની તૈયારીઓ થવા લાગી. વેસ્ટઇંડિઝની ગણતરી મૅચને ઝડપથી આટોપવાની હતી, પરંતુ આ 'આત્મવિશ્વાસ' વધુ પડતો હશે તેવી કોઈને થોડી કલ્પના હતી! બીજી જ ઓવરમાં બલવિન્દર સંધુના ઇનસ્વિંગરને છોડવા જતાં ગ્રીનીજ બોલ્ડ થયો અને ભારતીયો માટે ક્ષિતિજમાં સોનેરી કિરણ ફૂટ્યું ! - રિચર્ડ્સે સ્કોરને જોતજોતામાં ૫૦ રને પહોંચાડ્યો અને ત્યાર પછી વેસ્ટઇંડિઝની વિકેટ એક પછી એક જે રીતે આઉટ થઈ તે જાણે કે ચમત્કાર જ હતો અને એ ચમત્કાર સર્જ્યો કપિલદેવના 'દેવ ડેવિલ્સે' (વિજય બાદ ભારતીય ટીમને એ ઉપનામ અપાયેલ). હેઈન્સને મદનલાલે બિન્નીના હાથમાં ઝિલાવ્યો. રિચર્ડ્સ અને લોઈડના અદ્ભુત કેચ ઝડપી લઈ સુકાની કપિલદેવે ભારતીય ફીલ્ડિંગની કાબેલિયતને ઝળકાવી અને ખરેખર એ વિશ્વકપમાં ભારતીય ફીલ્ડિંગે જ રંગ રાખ્યો. ત્રીજા વિશ્વકપમાં ભારતીય ટીમની શ્રેષ્ઠ ફીલ્ડિંગ એ મહત્ત્વનું અંગ બની રહી. રિચર્ડ્સ-લોઈડના આઉટ થયા બાદ મોહિન્દર અમરનાથે પોતાની લલચામણી બોલિંગ દ્વારા ડુજોન અને માર્શલને પણ આઉટ કરી દેતાં વિન્ડિઝની ટીમને પરાજય દેખાવા લાગ્યો. ૧૨૬ રને નવ વિકેટ બાદ છેલ્લી વિકેટની ૧૪ રનની ભાગીદારીએ પણ ભારતીયોને અકળાવ્યા. પરંતુ ૧૪૦ના સ્કોર પર હોલ્ડિંગ 'મૅન ઑફ ધ મૅચ' અમરનાથના બૉલમાં લેગબિફોર થતાંવેંત જ લૉર્ડ્ઝ પર હર્ષોલ્લાસની ચિચિયારીઓએ કોમેન્ટ્રેટર્સના અવાજને પણ દબાવી દીધો. મેદાન પર 'ત્રિરંગા'નું જાણે કે આક્રમણ થયું અને એક એવું ઐતિહાસિક રંગપૂર્ણ દશ્ય સર્જાયું, જેને પ્રત્યક્ષ નિહાળનારાનોએ ધન્યતા અનુભવી !

લૉર્ડ્ઝ પર કપિલદેવને જ્યારે પ્રુડન્શ્યલ વિશ્વકપ એનાયત થયો ત્યારે આખું ભારત જાણે કે વગર ઉત્સવે, મધ્યરાત્રિએ ઉત્સવની ઉજવણી કરતું હતું. દિવાળી જેવી આતશબાજી, ઠેર ઠેર મીઠાઈની વહેંચણી, રેડિયોને હાર પહેરાવવાનું, સ્વયંભૂ રીતે નીકળેલ ક્રિકેટ-રસિકોનાં વિજય સરઘસ વગેરે દશ્યોએ 'ભારતીય' મધ્યરાત્રિને વધુ મોહક અને ભવ્ય બનાવી ! લૉર્ડ્ઝ પર એક ઇતિહાસનું સર્જન થયું. એક એવી ક્ષણ જેને કોઈ ભૂલી શકે નહિ ! કપિલદેવની ટીમ જ્યારે લૉર્ડ્ઝ પર શેમ્પેઈનથી આ વિજયની ઉજવણી કરતી હતી ત્યારે ભારતમાં ૨૫ જૂનનો દિવસ સમાપ્ત થવા પર હતો ! એક એવો સોનેરી દિવસ જે ક્યારેય કોઈ ક્રિકેટ-રસિક ભૂલી શકશે નહિ ! આમ, ૧૯૮૩નો વિશ્વકપ જીતી લઈ ભારતે એક દિવસીય ક્રિકેટમાં પોતાની સર્વોપરિતા સ્થાપિત કરી તો બીજી તરફ મેચનાં સ્થળોની પસંદગી, પ્રેક્ષકોનો પ્રતિભાવ અને નાણાંકીય આવક વગેરે વિવિધ પાસાંઓની દૃષ્ટિએ પણ આ વિશ્વકપ સૌથી વધુ સફળ સાબિત થયો. □

અનુસંધાન] સ્થાનિક સંગીત-નાટ્ય અનુષ્ઠાન [પૃ. ૬૨૭થી

રીતે હૂંફ પેદા કરવામાં આવતી નથી. તેથી અમે બધાં હાથમોજાં, પગમોજાં, હૅટ ને કોટ પહેરીને ઑપેરા જોવા બેઠાં હતાં. ચીનમાં તો આ જ રીતે, ને રોજિંદાં કપડાંમાં જ ઑપેરા જોવા જવાની પ્રથા છે. એ બધાં એ રીતે જ આવેલાં. મધ્યાંતર થતાં અમારા જૂથનાં, પાંચ જણ સિવાયનાં, બધાં હોટેલ પર જતાં રહ્યાં. બાકી રહ્યાં ડીન, એલેનોર, પૅટ, ડગ ને હું. અમને પાંચ જણને હવે અમારાં બે માર્ગદર્શકો પાસેથી સળંગ સમજૂતી મળવા માંડી. એટલે અનુષ્ઠાનનો આનંદ તો વળી વધ્યો. એની પ્રસ્તુતિ બહુ લાંબી કે બહુ ધીમી પણ ના લાગી.

ગાયન આમ તો સ્પષ્ટ ને શુદ્ધ હતું, પણ ભાષા હતી સાહિત્યિક. ખેડૂતો ને કારીગરોનો બનેલો સાદો - સીધો શ્રોતાગણ એ કદાચ સમજી કે માણી ના શકે, ને તેથી મંચની બંને બાજુ ગીતોનો સારાંશ સાદી ચીની બોલીમાં પ્રક્ષેપિત કરાતો હતો. કળાનો લાભ સામાન્ય લોકોને મળવો જોઈએ, એવો ચીની સરકારનો આગ્રહ છે. ખંડ જૂનો હતો, ખુરશીઓ તૂટવા આવેલી, દીવાલો ગંદી હતી, પણ ગૃહ પ્રેક્ષકોથી ભરેલું હતું. રંગ, તેજ, ગાન નૃત્યથી સભર આ મનોરંજન હતું.

અમને પાંચને તો વળી ખાસ સન્માન મળ્યું. ઑપેરા પૂરું થતાં અદાકારોને મળવા અમને પડદા પાછળ લઈ જવાયાં. પછી તો મૅનેજરે પડદો ખોલાવ્યો, ને અમને કળાકારોની સાથે મંચ પર ઊભાં રાખ્યાં. ભભકદાર વસ્ત્રોમાં સજ્જ અભિનેત્રીઓની વચમાં અમે - મોજાં, હૅટ ને કોટથી ઢંકાયેલાં! એક તરફ ઉત્તેજના, તો બીજી તરફ સંકોચનો અનુભવ થતો હતો ! પ્રેક્ષકોની આંખોમાં અમે કેવાં લાગ્યાં હોઈશું?!

એ રાત હું ભૂલી નહિ શકું. કેવી સરસ રીતે ચીની કળાકારો સાથે સામેલ થવા મળ્યું ! સાથે જ, એમ પણ કહી શકું ને હવે, કે હું ચીની રંગમંચ પર જઈ આવી છું ! અફસોસ એ હતો કે હું સાડીમાં નહોતી. ઓહ, સરસ સાડીમાં સજ્જ હોત તો ! □

આપણા સ્વરકાર (૧)

રાસબિહારી દેસાઈ

• નટરાજ બ્રહ્મભટ્ટ •



તમારા કાને જો કોઈ મહાનુભાવનો ઘેઘૂર, છટાદાર ને મજેદાર અવાજ પડે અને પોતાનો પરિચય ભૂલેચૂકેય પહેલા પુરુષ એક વચનમાં નહીં આપતાં કેવળ તટસ્થભાવે ત્રીજા પુરુષ એક વચનમાં અને તેય પાછા પોતાના નામને માનવાચક ભાઈ શબ્દથી જોડી જો પ્રસન્નતાથી કરાવે તો તમે મનમાં અવશ્ય. અચૂક ગાંઠ વાળજો કે એ મહાનુભાવ બીજા કોઈ નહિ પણ આપણા સૌના માનીતા કલાકાર રાસબિહારી રમણલાલ દેસાઈ. આમ તો તેઓ કલાકાર-કબીલામાં વ્હાલસોયા રાસભાઈના નામે સંબોધાય છે.

રાસભાઈનો જન્મ ૨૩ જૂન, ૧૯૩૫ નિર્જળા એકાદશીને દિવસે પાટણ મુકામે થયેલો, પણ એમનું માદરે વતન તો વીસનગર. ચાર વર્ષની કુમળી વયે માતા દુર્ગાબાનો હૂંફાળો ખોળો ખોયો. બસ, ત્યારથી એમનાં સંસ્કારદાત્રી ગં. સ્વ. નિર્મળાફોઈની ભરચક મમતાથી ભીંજાતા રહ્યા. એમના મોટા બહેન ઇન્દિરાબહેને પણ ભરપૂર વાત્સલ્ય વરસાવ્યું છે. એમની અભ્યાસયાત્રા વડોદરાથી શરૂ કરી કપડવણજ, મુંબઈ, વીસનગર અને છેલ્લે અમદાવાદ આવી પૂરી થઈ અને વિજ્ઞાનશાખાની અનુસ્નાતક ઉપાધિ મેળવી. અમદાવાદની ગુજરાત કૉલેજમાં ફિઝિક્સના અધ્યાપક તરીકે જોડાયા.

રાસભાઈને વારસામાં મળેલ મધુર કંઠનું કલકલતું વહેણ પાછે પગલે એમનાં દાદીમા મહાલક્ષ્મીબહેનના ભીતરથી વહેતા ભક્તિગાનના સૂરીલા પ્રવાહ સુધી પહોંચે છે. વળી, એમના પિતાશ્રી રમણભાઈ દેસાઈના બુલંદ અવાજે સ્વાતંત્ર્ય સંગ્રામની પ્રભાતફેરીમાં પાટણની શેરીઓ ગુંજતી અને ગાજતી. એટલે તો તેઓ 'પાટણના મેઘાણી' તરીકે આજુબાજુના વિસ્તારમાં મશહૂર થયા. પિતાના કંઠની મીઠપ અને બુલંદી રાસભાઈના કંઠે એવી ને એવી અદલ ને અસલ ઊતરી. ધાર્મિક અને આધ્યાત્મિક વારસો દાદીમા મહાલક્ષ્મીબહેન અને ફોઈમાના સાન્નિધ્ય અને સંસ્કારને આભારી છે.

શાળા-અભ્યાસ દરમિયાન ઉજવાતા ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રિય ઉત્સવોમાં મધુર કંઠગાન દ્વારા કિશોર રાસ શાળા-પરિવારમાં સૌના ઠીક ઠીક પ્રિય થયેલા. રાસભાઈ ખરેખર ખીલ્યા હોય તો તે કૉલેજકાળ દરમિયાન. ફિલ્મી ગાયક તલત મહેમૂદ એમનો માનીતો ગાયક. એનાં સુમધુર ગીતો ગાતા રાસભાઈ સૌના ચાહક બની રહ્યા હતા. આ રસરુચિ સાથે આ કલાકારને બહુ લાંબું ફાવ્યું નહીં. એ વર્ષોમાં એમનો પરિચય જાણીતા કલાકાર સૂર્યકાન્તભાઈ દવે સાથે થતાં એમનાં મહત્ત્વનાં માર્ગદર્શન, પ્રોત્સાહન અને પ્રેરણાએ ગુજરાતી ગીતોનો બરોબરનો રંગ લગાડ્યો. એવામાં આકાશવાણી કલાકાર સુરેશ જાની, જે આજે સંગીતસમાજમાં સુરેશકાકા તરીકે જાણીતા થયા છે એમની, સાથે રાસભાઈનો સંગીત સત્સંગ જબરો જામેલો. એ જ વર્ષોમાં મુંબઈના જાણીતા સ્વરકાર પુરુષોત્તમ ઉપાધ્યાય સાથે અવારનવાર મિલન-મુલાકાતને કારણે ગીતગાન અને સ્વરજ્ઞાનની બારીક ખૂબીઓની જાણકારી મળતી રહી.

૧૯૫૪માં રાસભાઈ આકાશવાણી અમદાવાદ કેન્દ્રના માન્ય કલાકાર થયા. એમના મધુર મખમલી સૂરીલા કંઠને જોતજોતામાં જબરી લોકચાહના મળતી રહી. એમાં ય વળી ચંદ્રકૌંસ રાગ પર આધારિત ગીત 'આજ મેં તો મધરાતે સાંભળ્યો મોર' એમના આષાઢી કંઠે આકાશવાણી પરથી રજૂ થયું ત્યારે તો તે ગીત શ્રોતાઓ માટે કર્ણોત્સવ બની રહ્યું. પછી, તો આ 'મોર' ગીત એમને માટે યશોદાયી અને ફળદાયી બની રહ્યું છે. આજે તો આ કલાકાર સુગમ સંગીતનાં એક પછી એક શિખર સર કરી આકાશવાણી અને ટી.વી.ના 'એ'ની ઉપરનો 'Out- standing' ગ્રેડ મેળવવા સદ્ભાગી બન્યા છે.

૧૯૬૪માં રાસભાઈના જીવનમાં એક ખૂબસૂરત ઘટના ઘટી. 'નજરુંના કાંટાની ભૂલ મારા વ્હાલમા' આ ગળચટ્ટા ગીતે સારાય ગુજરાતને ઘેલું લગાડેલું આ ગીતના કલાકાર વિભા વૈષ્ણવ રાસભાઈ સાથે લગ્નગ્રંથિથી જોડાયાં. પછી તો ઉભય સૂરની કળા ક્રમશઃ સોળ કળાને આંબી ગઈ. દિલ્હી ખાતે આકાશવાણી દ્વારા યોજાયેલ સુગમ સંગીતની અંતિમ સ્પર્ધામાં ગૌરવશાળી પ્રથમ સ્થાનના અધિકારી થયા. આ સૂરબેલડીએ

મુંબઈ, ઈન્દોર, ઉજ્જૈન, આગ્રા, દિલ્હી, મદ્રાસ, કલકત્તા જેવાં મહાનગરોને ઉત્કૃષ્ટ કાર્યક્રમો દ્વારા પ્રભાવિત કર્યાં છે.

૧૯૬૧માં અમદાવાદ ખાતે નવોદિત અને ઉદિત કલાકારોએ મળી 'શ્રુતિ' સંગીત સંસ્થા શરૂ કરી. જોતજોતામાં એકએકથી ચડે એવા ધ્યાનાકર્ષક કાર્યક્રમો રજૂ કરી એક માતબર સંસ્થા તરીકે નામના મેળવતી રહી છે. આદર્શ વૃન્દગાન એ આ સંસ્થાની મહામૂલી અમાનત બની રહી છે. રાસભાઈ આ સંસ્થાના સક્રિય સભ્યોમાંના એક. માનદ મંત્રી તરીકે તેઓ ઊલટભેર સેવા આપતા રહ્યા છે.

૧૯૬૬માં અમદાવાદની ભવન્સ કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયા અને એક વર્ષ બાદ ભારતીય વિદ્યાભવન અમદાવાદ કેન્દ્રના સુગમ સંગીત વિભાગના સંચાલક તરીકે એમને જવાબદારી સોંપાઈ તે આજ લગી તેઓ વફાદારીપૂર્વક અને સફળતાપૂર્વક અદા કરતા રહ્યા છે.

કલાકાર રાસભાઈને સ્વરકારની પાંખ ફૂટતા સ્વરવિહાર ક્રમશઃ વધતો રહ્યો. સુરેશ જાની સાથે જે પહેલી સ્વરરચના સહિયારી થઈ તે ગીતરચના પિનાકિન ઠાકોર રચિત 'અમે શમણે રમનારા'. ત્યાર પછીની બંદીશ ગીતા પરીખની ગીતરચના 'રે! કોણ હણે મુજ શમણાં' પણ ઉભય સ્વરકારની મઝિયારી રહી. સ્વતંત્ર રીતે બંદીશની ફાવટ આવતાં સ્વ. પ્રિયકાન્ત મણિયારની 'વરસી ગયા રે વાદળમાં વનમાળી' ગીતકૃતિને ભાવવાહી સ્વરોથી મઢી રજૂ કરી. આપણા સદાબહાર સ્વ. સ્વરકાર રસિકલાલ ભોજકે આકાશવાણી દ્વારા એક પ્રયોગલક્ષી કાવ્યગાન શ્રેણી શરૂ કરેલી: 'એક ગીત બે ઢાળ'. એ કાર્યક્રમમાં રાસભાઈએ 'હવે એ હાથ રહે ના હેમ' ગીતને બે ઢાળમાં બેમિસાલ બંદીશમાં રજૂ કરેલું. રાસભાઈની સ્વરકાર તરીકેની કેફિયત નોંધવા જેવી છે. સુરેશ દલાલ કૃત 'હે પરમ સુધામય પાવન' ગીત સાઈકલ ચલાવતા ચલાવતા રણકતી ઘંટડીના પંચમ સૂરમાં કમાલ રીતે સ્વરબદ્ધ થઈ ગયેલું. રાસભાઈ પાસે મધુર કંઠ હોવા ઉપરાંત ગીતના અંતરગત ભાવને જાણી, માણી, પ્રમાણી શકવાનું સહજ કૌશલ્ય હોઈ ગીતના મિજાજ અનુસાર મઝાની બંદીશ બાંધી રહે છે. તદુપરાંત રાસભાઈ સ્વરના પાકા સમજદાર હોઈ, સ્વભાવે ખૂબ સંવેદનશીલ હોઈ, ગીતભાવમાં સહજ રીતે ગરકાવ થતાં વાર લાગતી નથી.

ગાણિતિક અને ગુણવત્તાની દૃષ્ટિએ એમનો બંદીશ-પરિવાર ઉત્તરોત્તર બૃહદ્ થતો રહ્યો છે. એનાં મૂળ કારણોમાં ભારતીય વિદ્યાભવન સુગમ સંગીત કેન્દ્રમાં નવાં નવાં ગીતોની આવશ્યક્તા ઊભી થતી રહે છે તે છે. તેમજ આ યુગલ કલાકારને આકાશવાણી તેમજ ટી.વી. પર અવારનવાર કાર્યક્રમો રજૂ કરવાના હોવાથી પણ નવી બંદીશોની જરૂરિયાત ઊભી થતી રહે છે. આમ, કોઈ ને કોઈ રીતે ઊભી થતી બંદીશની માંગને પહોંચી વળવા રાસભાઈ સતત પ્રવૃત્તિશીલ રહેતા હોય છે. રાસભાઈને કવિમિત્રો સાથે સીધેસીધો પરિચય છે. ગુજરાતી-હિન્દી માતબર સામયિકો સાથે પણ એમનો ઘનિષ્ઠ સંપર્ક રહેતો હોય છે રાસભાઈને વિવિધ સ્વરૂપી પદ્યરચનાઓ સાથે કોઈ પક્ષપાત કે પૂર્વગ્રહ જેવું નથી એની સીધી ગવાહી કેટલીક લોકજીભે અને લોકકાને ચડેલી સ્વરરચનાઓ પૂરે છે.

'ને તમે યાદ આવ્યાં' કેસેટની રચનાઓ

'પરથમ પ્રભુજી સાથે પ્રીત ન કીધી' - કવિ પ્રીતમ

'પાસપાસે તોય કેટલા જોજન' - માધવ રામાનુજ

'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં' - હરીન્દ્ર દવે

'અમે કોમળ કોમળ' (કેસેટ)

'આજ મને મોરપિચ્છના શુકન થયા સખિ' - રમેશ પારેખ

'પવન ફરકે તો એ રીતે ફરક જે પાન ના ખખડે' - અમર પાલનપુરી

'નળદમયં- ગઝલ' પુરુરાજ જોષી

'ઘરમાં રહું ને તોય ભીંજાઉં સોંસરવી'- ભગવતીકુમાર શર્મા

'એક એવું ઘર મળે આ વિશ્વમાં' - માધવ રામાનુજ

'મંછાની સોડી તો નદી અ ગે ના'વા ને વાત આખા ગોંમમોં થૈ' - ગોવિંદ દરજી

'હળવે તે હાથે ઉપાડજો રે અમે કોમળ કોમળ'

આ ઉપરાંત બીલીપત્ર-ત્રિનેત્રા શ્લોકગાન કેસેટ, આશ્રમ ભજનાવલિ ભજન કેસેટ અને ભજનાવલિ કેસેટમાં સારી એવી સ્વરરચનાઓ કરી છે. વળી, તાજેતરમાં શ્રુતિ દ્વારા રજૂ થયેલ કાર્યક્રમમાં રાસભાઈએ ભગવતીકુમાર શર્માની એક અનોખી ને અદ્‌ભુત ગીતરચના 'અઢી અક્ષરનું ચોમાસુ ને બે અક્ષરના અમે/ ખોટ પડી અરધા અક્ષરની પૂરી કરજો તમે' તથા

'હું તો અંધારે મોર બેઠી ભરવા કે મોરલો અધૂરો
ર હ ્ યો ,
નથી સોયમાંથી નીકળતો દોરો કે મોરલો અધૂરો રહ્યો.'

આ બન્ને બંદીશો આકર્ષક રજૂઆતને કારણે યાદગાર બની રહેલી.

સંગીતક્ષેત્રે બહુમુખી પ્રતિભા ધરાવતા રાસભાઈની કેટલીક યશસ્વી તવારીખ અત્રે પ્રસ્તુત છે :

– દેસાઈ દંપતીએ ૧૯૮૧, ૧૯૮૫, ૧૯૯૦માં સમગ્ર અમેરિકામાં જાણીતાં શહેરોમાં ૧૫૦ જેટલા નાનામોટા સંગીત કાર્યક્રમો રજૂ કર્યા છે.

– એમ.એસ. યુનિ.માં કાવ્યસંગીત પર નિદર્શન વ્યાખ્યાન.
– યુનિવર્સિટી ઑફ ઓસ્ટિન, ટેક્સાસ (અમેરિકા)માં 'ભારતીય સંગીતનાં લક્ષણો' પર વ્યાખ્યાન અને નિદર્શન.
– મ્યૂઝિકલ સ્કેલ્સ પરનો કેન્દ્રીય સંગીત નાટક અકાદમીનાં મદ્રાસ યુનિવર્સિટીમાં યોજાયેલ પરિસંવાદ અને બેઠકનું આયોજન.
– મ્યૂઝિક યુનિવર્સિટી ખૈરાગઢ આયોજિત ઇન્ટરનેશનલ સેમિનાર મ્યૂઝિકલ ઇન્સાઈટ્સ ભારતભુવન ભોપાલમાં ભાગ લીધો હતો.
– ૧૯૭૧થી રાજ્ય સરકાર (હવે સંગીત નાટક અકાદમી દ્વારા) આયોજિત સુગમ સંગીત સંમેલનો(હળવું કંઠ્ય સંગીત તથા પરિસંવાદ)નું સફળ આયોજન, સંચાલન.

એમણે સુગમ સંગીત ક્ષેત્રે લેખન તેમજ પ્રકાશન જેવું નોંધપાત્ર કાર્ય કરેલું છે :

૧. પ્રથમ લેખ 'કુમાર'માં (૧૯૬૭).
૨. 'ધ ટાઈમ્સ ઑફ ઇન્ડિયા' ૧૩મા વાર્ષિક સપ્લિમેન્ટ અંકમાં 'મ્યૂઝિક ઇન ગુજરાત' નામે પ્રલંબ સર્વેક્ષણ લેખ.
૩. મ્યૂઝિક કેલિડોસ્કોપિક વ્યુ, 'ધ ટાઈમ્સ ઑફ ઇન્ડિયા' વાર્ષિક અંક.
૪. 'ગુજરાત સમાચાર' લંડનમાં ત્રણ સળંગ લેખમાળા

રાસભાઈને ૧૯૮૦માં 'કાશીનો દીકરો' ચિત્રપટમાં સ્વ. રાવજી પટેલની અમર ગીતરચના 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા' માટે શ્રેષ્ઠ પાર્શ્વગાયક ઍવૉર્ડ એનાયત થયેલો.

'ઑનરરી મેમ્બર ઑફ એસોસીએશન' ગુજરાત સમાજ ઇન્કો ડેટ્રોઈટ, મિશિગન, યુ.એસ.એ.

રાસભાઈની એક ખાસ વિશેષતા નોંધવા જેવી છે કે ધંધાદારી અભિગમને એમણે પોતાના જીવનમાં પ્રવેશવા દીધો નથી. સંગીતને એમણે ભેખ તરીકે લીધેલ છે. કદાચ એ કારણે જ રાસભાઈ દ્વારા થતાં નાનાંમોટાં કાર્યો સફળ થતાં રહ્યાં છે અને એની સાચી કદર પણ થતી રહી છે. કલાકારનું ગાણું સૂરીલું હોવું જોઈએ એટલું જ જીવન પણ સૂરીલું હોવું અનિવાર્ય છે. આ અમોઘ મંત્રને એમણે જીવનમાં સ્વીકાર્યો છે.

જોગાનુજોગ રાસભાઈની ષષ્ટિપૂર્તિ આ જ માસમાં ઉજવાય છે ત્યારે આ લેખમાળાના આરંભનો રમ્ય અકસ્માત એમના જીવનનો શુભ સંકેત બની રહો. □

અનુસંધાન] ગીત ગાતું કબ્રસ્તાન [પૃ. ૬૧૮થી

કરી ! પાર્ક કરતાં કરતાં તો એ મારા ઉપર ચડી ગઈ અને મને દાટી મારી.'

ગ્રેગ યુવાન વયમાં જ ગુજરી ગયેલો. એ ગાય છે :

'પથારીમાં સૂતેલો હું
છાપરિયું છેદીને વીજળી પડી,
હું મૃત્યુમાં ડૂબ્યો ને
મા મારી દુઃખમાં.
હું માનો એકનો એક દીકરો,
ઓ મોત, તારું નખ્ખોદ જજો.'

એક નનામી કબર ઉપર કોતરેલું છે : 'હું કુંવારો યુવક હતો ત્યારે વાયોલિનના સંગીતે નૃત્ય કરવાનો મને ખૂબ જ શોખ હતો; પણ લગ્ન બાદ પત્નીએ નૃત્ય કરવાની મને મના કરી. નૃત્યની વસમી વિદાયથી જ મારું મૃત્યુ થયું છે. સંગીત વિના જીવન નથી.'

એક બાપ એનાં સંતાનોને યાદ આપે છે : 'યાદ રાખજો કે મેં તમને સારી રીતે ઉછેર્યાં છે, અને મેં તમારા માટે બધું જ કર્યું છે. તમે પણ તમારાં સંતાનોને એ રીતે જ ઉછેરજો. હું અહીંથી જોતો રહીશ.'

જેને પોતાનાં ઘેટાં ખૂબ જ વહાલાં હતાં એવો એક વણઝારો કબરમાંથી બચકારે છે : 'મારાં વહાલાં ઘેટાંઓ, આપણે સાથે જિંદગીમાં ઘણો જ આનંદ માણ્યો છે. મારા ગયા બાદ તમે સૌ સાથે મળી આનંદ માણવાનું ચાલુ રાખજો; મારી માફક નહીં. કમનસીબે મારે તો તમારી વિદાય લેવી પડી.'


ડુમીત્રુ સંપીતા ગામમાં ટ્રેક્ટર સજ કરનાર મિકેનિક છે. પાંસઠ વર્ષનો છે અને હજુ જીવે છે. સામ્યવાદનો કટ્ટર વિરોધી છે. જીવતાં તો જાહેરમાં સામ્યવાદનો વિરોધ કરવાની હિંમત નથી, પણ કહેવાય છે કે એણે આ કબ્રસ્તાનમાં જગા લીધી છે, અને ટ્રેક્ટર ઉપર હાથમાં હથોડી સાથેની પોતાની છબી સાથે એનો છેલ્લો સંદેશ કબરના પથ્થર કોતરવાવાળાને આપી રાખ્યો છે:

'અહીં ડુમીત્રુ સૂતો છું. હું એક મિકેનિક હતો. હંમેશાં સખત મહેનતથી પણ પ્રામાણિકતાથી જીવન જીવ્યો છું. મારી જિંદગીની એકેએક પળે મેં સામ્યવાદને ધિક્કાર્યો છે. સૌને કાયમી ગરીબીમાં રાખનાર સામ્યવાદનું કાયમી નખ્ખોદ જજો.'

હજુ તો આવી ઘણી કબરો બાકી છે. પણ આપણે અહીં જ પતાવીએ. પ્રવાસી-બસ પાછા ફરવા માટે આપણી હવે રાહ જુએ છે. □

સંયુક્ત રાષ્ટ્રસંઘનાં પચાસ વર્ષ

પ્રો. દેવવ્રત પાઠક



૧૯૪૫માં સાન ફ્રાન્સિસ્કોમાં સંયુક્ત રાષ્ટ્રસંઘનો જ્યાં ખતપત્ર રજૂ થયો હતો.

૧૯૪૫નું વર્ષ ઘણી દૃષ્ટિએ ઐતિહાસિક અને શકવર્તી ગણી શકાય. તે વર્ષે છેલ્લાં સાત વર્ષથી ચાલતું બીજું વિશ્વયુદ્ધ સમાપ્ત થયું, જેના પરિણામે દુનિયામાં ઘણાં મોટાં પરિવર્તનો માટે માર્ગ મોકળો થયો. ઇંગ્લન્ડ અને યુરોપે તેમનું આધિપત્ય ગુમાવ્યું અને તેમનાં સામ્રાજ્યોનો અંત આવ્યો. બીજો મોટો બનાવ તે પરમાણુબૉમ્બનો જન્મ અને તેનો પહેલો પ્રયોગ. મનુષ્યની મનુષ્ય ઉપર આચરાતી હિંસા તેની પરાકાષ્ઠાએ પહોંચી. પણ તેની સાથે સંયુક્ત રાષ્ટ્ર સંઘ પણ અસ્તિત્વમાં આવ્યું જેનો મુખ્ય ઉદ્દેશ દુનિયામાં શાન્તિ જાળવવાનો અને ફેલાવવાનો રહ્યો.

સંયુક્ત રાષ્ટ્ર સંઘ (હવે જે યુ.એન.થી ઓળખાય છે) આ વર્ષે પચાસ વર્ષ પૂરાં કરીને એકાવનમાં વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે તેની પચાસ વર્ષની કારકિર્દી, તેની સિદ્ધિઓ અને મર્યાદાઓ તેમજ તેની સમીક્ષા સાથે તેનું મૂલ્યાંકન થાય તે જરૂરી છે. તેના ભાવિ અંગે તેમ જ તે બલવત્તર અને અસરકારક બને તે વિશેના ઉપાયો પણ વિચારાવા જોઈએ.

બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું તે દરમિયાન હિટલરની સામે લડી રહેલાં સાથી રાષ્ટ્રોએ પોતાના માટે સંયુક્ત રાષ્ટ્રો એવું નામાભિધાન ધારણ કર્યું, અને તે નામથી જ આ આંતરરાષ્ટ્રિય સંસ્થા શરૂ કરવામાં આવી. ૧૯૪૫માં તેની સભ્યસંખ્યા માત્ર ૫૧ની હતી જે આજે ૧૮૫ની મોટા આંકડાએ પહોંચી છે. આ રીતે આ સંસ્થા પૂરા અર્થમાં આંતરરાષ્ટ્રિય બની છે. તેની આટલી મોટી સંખ્યાના વિસ્તારની પાછળનું મહત્ત્વનું કારણ સંસ્થાનવાદની નાબૂદી છે. આજ સુધીના માનવ ઇતિહાસમાં કોઈ દિવસ આટલા બધા દેશો સ્વતંત્ર્ય થયા નથી. તે સાથે તેમનો અવાજ આ સંસ્થા દ્વારા સર્વત્ર પહોંચી શકે છે. આ એક ક્રાન્તિકારી ઘટના છે.

આ સંસ્થા રાજકીય ઉપરાંત સામાજિક, સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક, શૈક્ષણિક વગેરે અનેકવિધ ક્ષેત્રોમાં કામ કરતી હોવા છતાં તે મૂળભૂત રીતે રાજકીય છે અને આંતરરાષ્ટ્રિય રાજકારણની ઘેરી અસર તેની ઉપર હંમેશાં રહેવા પામી છે. તેના સભ્ય તરીકે સાર્વભૌમ રાજ્ય હોવું આવશ્યક છે. આ સંસ્થાના કેન્દ્રમાં રહેલી સલામતી સમિતિના કાયમી સભ્યપદે પાંચ મહસત્તાઓ રહેલી છે. તે પાંચ રાજ્યો - અમેરિકા, રશિયા, બ્રિટન, ચીન અને ફ્રાન્સની સંમતિ સિવાય આ સમિતિ કોઈ બંધનકર્તા નિર્ણય લઈ શકતી નથી. 'વીટો'ની આ સત્તા મહાસત્તાઓ પાસે છે તે આંતરરાષ્ટ્રિય રાજકારણનું પ્રતિબિંબ છે. ૧૯૪૫માં આ સંસ્થાનો ખતપત્ર ઘડાયો તેમાં આ પ્રકારની જોગવાઈઓ રાખવા પાછળનો વિચાર એ હતો કે જેમ યુદ્ધ કરવા માટે તાકાતની જરૂર રહે છે તેમ શાન્તિની જાળવણી માટે પણ તાકાતની જરૂર છે. આથી શાન્તિ જાળવી શકવા જે સમર્થ હોય તેમને જ વધુ સત્તા આપવી જરૂરી ગણવામાં આવી. સલામતી સમિતિ ટૂંકી નોટિસે ગમે ત્યારે મળી શકે છે.

સલામતી સમિતિ કારોબારી છે તો સામાન્ય સભા દુનિયાની પાર્લમેન્ટ છે, જેમાં પ્રત્યેક સભ્ય રાજ્યનો પ્રતિનિધિ બેસે છે અને દરેકને મત આપવાનો સમાન અધિકાર છે. સાધારણ રીતે વર્ષમાં એક વાર મળે છે, પરંતુ તેની વિશિષ્ટ સભા બોલાવી શકાય છે. સામાન્ય સભામાં એશિયા, આફ્રિકા અને દક્ષિણ અમેરિકાના પ્રતિનિધિઓની બહુમતી છે. ભારતની બિનજોડાણની નીતિને અનુસરતા દેશોની સંખ્યા એક જમાનામાં ૭૭ થઈ હતી ત્યારથી એ સમુદાયને - સંખ્યા ૧૧૨ સુધી પહોંચી હોવા છતાં - 'ગ્રૂપ-૭૭'ના નામથી ઓળખવામાં આવે છે. આ દેશો દ્વારા દુનિયાની બહુમતીનો અવાજ સામાન્ય સભામાં રજૂ થાય છે. દુનિયાના વિશાળ સમુદાયને વાચા આપતા ઠરાવો તેમાં ઘણી વાર પસાર કરવામાં આવ્યા છે, જોકે તે ઠરાવો સલામતી સમિતિ માટે બંધનકર્તા નથી.

તેની પચાસ વર્ષની કારકિર્દી દરમિયાન આ સંસ્થાએ સાધેલી સિદ્ધિઓમાં સૌથી મોટી અને પ્રભાવક તે સંસ્થાનવાદની નાબૂદી છે. છેલ્લાં પચાસ વર્ષમાં કોઈ દેશનું સામ્રાજ્ય ટક્યું નથી. એશિયા અને આફ્રિકાનાં લગભગ પ્રત્યેક રાજ્યે સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યું છે અને સાર્વભૌમત્વ મેળવતાં જ તેઓ આ સંસ્થામાં જોડાતાં રહ્યાં છે. આજ દિન સુધી(થોડા સમય માટે ઇન્ડોનેશિયા સિવાય)માં કોઈ રાજ્યે આ સંસ્થા છોડી નથી. એટલું જ નહિ, પણ ઘણાં નાનાં રાજ્યો તેમના અન્ય દેશો સાથેના સંપર્ક આ સંસ્થા દ્વારા સાધતા રહ્યા છે. અલબત્ત, થોડા સમય માટે અમેરિકા યુનેસ્કોમાંથી છૂટું થયું હતું; પરંતુ તેણે સભ્યપદ છોડ્યું નથી.

સંસ્થાની બીજી મોટી સિદ્ધિ તે રંગભેદની નીતિને મળેલો જાકારો છે. આ અંગેના વિવિધ ઠરાવો સંસ્થાની શરૂઆતથી

સામાન્ય સભામાં થતા રહ્યા. પરિણામે દક્ષિણ આફ્રિકા સામે પ્રતિબંધક જોગવાઈઓ લાદવામાં આવી. લાંબો સમય ચલાવવામાં આવેલી ઠરાવોની હારમાળામાં ભારતે પહેલ કરી હતી અને તે અંગે સતત કાર્યરત રહ્યું હતું. ગાંધીજીએ જે કાર્યની શરૂઆત ૧૮૯૨માં કરી હતી તે એક સદી પછી સફળ થયું અને નેલ્સન મંડેલા દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપ્રમુખ બન્યા. આ સિદ્ધિ માટેનો યશ સામાન્ય સભાને આપવો જોઈએ, કારણ કે તેની દ્વારા પસાર કરવામાં આવેલા ઠરાવોના કારણે દુનિયાભરના લોકોનો અભિપ્રાય બંધાયો અને છેવટે તેમાં કામયાબી હાંસલ થઈ. સંયુક્ત રાષ્ટ્ર સંઘ લોકઅભિપ્રાયને વાચા આપતું એક પ્રભાવક વાહન બન્યું અને પ્રગતિશીલ વિચારો ઘડતું રહ્યું. સંયુક્ત રાષ્ટ્ર સંઘના બંધારણ અનુસાર સાર્વભૌમ રાજ્યના આંતરિક પ્રશ્નોમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘ દરમિયાનગીરી કરી શકે નહિ. દક્ષિણ આફ્રિકાની રંગભેદની નીતિને આંતરિક બાબત તરીકે ઠરાવવાના તે દેશના પ્રયત્નો કારગત નીવડ્યા નહિ, કારણ કે તેમાં માનવ અધિકાર અને સમાનતાનો પ્રશ્ન હતો. માનવ અધિકારની વૈશ્વિક કક્ષાએ પ્રતિષ્ઠાના પ્રશ્ને દક્ષિણ આફ્રિકાની દલીલ ટકી શકી નહિ. આંતરરાષ્ટ્રિય કાનૂનની દૃષ્ટિએ પણ આ મોટી હરણફાળ હતી.

સૌના માનવ અધિકારનો ઘોષણાપત્ર ૧૦ ડિસેમ્બર, ૧૯૪૮ના રોજ બહાર પાડવામાં આવ્યો તે સંયુક્ત રાષ્ટ્ર સંઘની મોટી સિદ્ધિ હતી. પાછળથી રાજકીય અને નાગરિક તથા સામાજિક અને આર્થિક અધિકારોની ઘોષણા થઈ. આ ઘોષણા દ્વારા માનવ અધિકારોની વ્યાખ્યા બંધાઈ તથા સર્વ રાજ્યોના અમલ માટેનો માપદંડ નિયત થયો. આજે બધાં રાજ્યોનું મૂલ્યાંકન આ દૃષ્ટિએ થાય છે તેમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘનો ખૂબ અગત્યનો ફાળો છે તે નિર્વિવાદ છે.

યુદ્ધ થતું અટકાવવામાં સંયુક્ત રાષ્ટ્ર સંઘ બહુ સફળ રહ્યું નથી, પરંતુ યુદ્ધ બાદ શાન્તિની જાળવણીના કાર્યમાં તે ઠીક ઠીક કામયાબ રહ્યું છે. કોરિયાના યુદ્ધવિરામના દિવસોથી આજ દિન સુધી જ્યાં જ્યાં આવી પરિસ્થિતિ ઊભી થઈ ત્યાં બધે સંયુક્ત રાષ્ટ્ર સંઘના વાદળી હેલ્મેટ પહેરનારા સૈનિકો પહોંચી ગયા છે. આ પ્રકારની શાન્તિ જાળવણીની કાર્યપ્રણાલીની શરૂઆત મહામંત્રી દાગ હેરશિલ્ડ દ્વારા શરૂ કરવામાં આવી હતી, જે આજે લગભગ સર્વસ્વીકૃત બની ગઈ છે.

પરંતુ આંતરરાષ્ટ્રિય સંસ્થા તરીકે તેની કેટલીક ચોક્કસ મર્યાદાઓ છે. જેમ કે આ સંસ્થા વિશ્વસરકાર નથી. તેનાં સભ્ય રાજ્યો સાર્વભૌમ હોવાથી આ સંસ્થા માત્ર મર્યાદિત રીતે જ તેમની ઉપર ફરજ લાદી શકે છે. છેવટે તો તે રાજ્યોનું મંડળ છે કે કલબ છે, જ્યાં બધાં રાજ્યો એકત્રિત થઈ શકે છે અને સંયુક્ત રીતે નિર્ણયો લઈ શકે છે. 'સાર્વભૌમ સમાનતા' તેના કલેવરમાં અને બંધારણમાં અંકિત થયેલી છે, જેના આધારે અને શરતે રાજ્યો તેનાં સભ્ય બને છે. એની બીજી મોટી મર્યાદા એ છે કે કોઈ મહાસત્તાની સામે તે પગલાં લઈ શકે તેમ નથી. પાંચેય મહાસત્તાઓ સંમત થાય તો જ નિર્ણય લઈ શકાય છે અને કોઈ પણ મહાસત્તા અસંમતિ કે 'વીટો'ની સત્તા વાપરીને કાર્યવાહીને અટકાવી શકે છે. આમ, આ સંસ્થા નાની સત્તાઓ સામે પગલાં લઈ શકે છે પણ મોટી સત્તા અગળ નિરુપાય અને નિઃસહાય બને છે.

આ સંસ્થાની શરૂઆત(૧૯૪૫)થી ચાળીસ વર્ષના ગાળા દરમિયાન અમેરિકા અને રશિયા વચ્ચે ઠંડું યુદ્ધ ચાલ્યું. પરિણામે સલામતી સમિતિની કાર્યવાહીમાં વીટો વપરાતો થયો અને એક પ્રકારની સ્થગિતતા આવી ગઈ. આમ, તેની ગળથૂથીમાં જ મુશ્કેલી ઊભી થઈ. ખતપત્રની ૪૨મી કલમ પ્રમાણે લશ્કરી સમિતિ ઊભી કરવાનું કાર્ય આરંભી શકાયું નહિ. સલામતી સમિતિ મહાસત્તાઓના ગજગ્રાહનો અખાડો બની ગઈ.

ઠંડા યુદ્ધની સમાપ્તિ થતાં સંસ્થા માટે ઊજળી તકો ઊભી થશે એ માન્યતા બર આવી શકી નથી. સોવિયેટ સંઘના વિઘટન પછી વીટોનો ભય દૂર થયો, પરંતુ એકમાત્ર મહાસત્તા તરીકે, અમેરિકાએ દુનિયા સમક્ષના પ્રશ્નોનો સામનો કરવાના બદલે પોતાના રાષ્ટ્રિય હિતને પ્રાધાન્ય આપ્યું અને પોતાની અનુકૂળતા પ્રમાણે આ સંસ્થા દ્વારા તથા અન્ય રીતે આગળ વધવાનું રાખ્યું. સલામતી સમિતિમાં તેનો વિરોધ કરનાર કોઈ રહ્યું નહિ. ૧૯૯૧ના ઇરાક સામેના અખાતી યુદ્ધમાં અમેરિકાને પૂરી અનુકૂળતા રહી.

ઠંડું યુદ્ધ શમી જતાં ક્યાંક ક્યાંક સારાં પરિણામો આવ્યાં, જેવાં કે દક્ષિણ આફ્રિકામાં, પશ્ચિમ એશિયામાં જ્યાં ઇઝરાયલ અને આરબો વચ્ચે શાન્તિ સ્થપાઈ અને છેલ્લે આયરલૅન્ડમાં પણ શાન્તિનાં પગરણ થયાં. નામીબિયા, એલ સાલ્વાડોર નિકારાગુઆ વગેરેમાં ચૂંટણીઓ યોજાઈ. કેમ્બોડિયામાં વર્ષો પછી શાન્તિ સ્થપાઈ. આમ છતાં ઠંડા યુદ્ધ બાદ ઊભી થયેલી આશાઓ નિરાશામાં પલટાઈ. આ સંસ્થા દ્વારા સામુદાયિક અને સામૂહિક પગલાં લેવા માટેની ભરપૂર શક્યતાઓનો લાભ લેવાયો નહિ. ઇતિહાસે બક્ષેલી આવી સુવર્ણ તક ફરી ફરીને આવતી નથી. સરખામણી કરીએ તો પહેલા વિશ્વયુદ્ધ બાદ અમેરિકાના પ્રમુખ વિલ્સને અને બીજા વિશ્વયુદ્ધ પછી રૂઝવેલ્ટે આવી તકનો લાભ લઈ અનુક્રમે 'લીગ ઑફ નેશન્સ' અને 'યુનાઇટેડ નેશન્સની' સ્થાપના કરી. ૧૯૯૧માં અખાતી યુદ્ધ તથા ઠંડા યુદ્ધની વિદાય પછી દુનિયાની કાયાપલટ કરવાનો સુયોગ ઊભો થયો તેનો લાભ લેવામાં અને નેતૃત્વ દાખવવામાં કોઈ સફળ થયું નહિ, તે જેટલી દુનિયા માટે તેટલી જ આ સંસ્થા માટે કરુણ ઘટના છે.

સંયુક્ત રાષ્ટ્ર સંઘના મહામંત્રીઓ



લી



દાગ હમરશલ્ડ



યુથાં



વાલ્ડહેમ



પેરેઝ દ કુએર



બુટ્રોસ ઘાલી

૧૯૯૫ એ ૧૯૪૫ નથી. છેલ્લાં પચાસ વર્ષના ગાળામાં, ૧૯૪૫માં જેની કલ્પના પણ ન હતી તેવા અને તેટલા ગંભીર પ્રશ્નો આજે આપણી સમક્ષ ઊભા થયા છે. આ પ્રશ્નો વૈશ્વિક છે, રાષ્ટ્રિય સરહદોને અવગણીને ઊભા થયા છે અને તેમને વિશેની વિચારણા તથા જરૂરી કાર્ય વૈશ્વિક ધોરણે, એટલે કે, સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા જ શક્ય બને તેમ છે. આજના પલટાયેલા સંદર્ભમાં આ આંતરરાષ્ટ્રિય સંસ્થાને વધુ કાર્યક્ષમ, બલવત્તર બનાવવાની તાતી જરૂર છે.

આજે આપણી સન્મુખ ઊભા થયેલા પ્રશ્નોમાં પર્યાવરણ, પ્રદૂષણ, કુદરતી સાધન-સામગ્રીની વરતાઈ રહેલી અછત, ગરીબી, ભૂખમરો, નિરક્ષરતા, ઊર્જાની કટોકટી વસતિવિસ્ફોટ, નિરાશ્રિતોનો સવાલ, અલ્પવિકાસ કે અતિવિકાસ, રાષ્ટ્રોમાં અને રાષ્ટ્રો વચ્ચેની અશાન્તિ, શસ્ત્રદોટ, આતંકવાદ, એઈડ્ઝનો ફેલાવો, માનવ અધિકારોનો લોપ, નારીજાતિ પ્રત્યેનો અનાદર, આવાસની અછત વગેરે છે. આ સમસ્યાઓ જેમ વૈશ્વિક છે તે સાથે તેના ઉકેલની ચાવી લશ્કરી તાકાતમાં નથી. ગમે તેવા બળવાન રાજ્યને અન્ય રાજ્યો સાથે સહકાર સાધવાની તેમાં જરૂર રહે છે. આમ, આપમેળે શાન્તિની અગત્ય વધે છે તે જ પ્રમાણે વૈશ્વિક ધોરણે સાથે મળીને કામ કરવાનો તકાદો પણ ઊભો થાય છે. વળી, આ પ્રશ્નોનો ઉકેલ શોધવામાં સ્થાનિક ધોરણે લોકોનો સાથ મેળવવો જરૂરી છે. આમ, એકીસાથે તેમાં 'વૈશ્વિક' અને 'સ્થાનિક'નું મિલન થાય છે. વૈશ્વિક કક્ષાએ વિચારણા કરીને તેનો ઉકેલ સ્થાનિક કક્ષાએ શોધવાનો રહે છે.

સંયુક્ત રાષ્ટ્ર સંઘ આ સમસ્યાઓ અંગે ૧૯૭૨થી ક્રિયાશીલ બન્યું છે. એ વર્ષે સ્ટૉકહોમમાં પર્યાવરણના પ્રશ્ન અંગે પહેલી વિશ્વપરિષદ મળી હતી. ત્યાર પછીનાં વર્ષોમાં વિવિધ પ્રશ્નો અંગે ઘણી પરિષદો મળતી રહી છે અને કેટલીક તો એ જ પ્રશ્નો અંગે ફરીફરીને મળી છે. આ પરિષદોની ફલશ્રુતિ શું? પરિષદોમાં થતી ચર્ચાવિચારણાના કારણે તેમના વિશેની જાગૃતિ વધી છે તેમાં બેમત નથી પણ આ જાગૃતિને કાર્યાન્વિત કરવા માટે આ સંસ્થા સત્તા ધરાવતી નથી, જે અમલમાં મૂકવાનું છે તે તો સભ્યરાજ્યોએ કરવાનું છે, અને રાજ્ય સરકારો હજી આ વિશે પૂરી સજાગ નથી. પરંતુ દુનિયાની આશા હવે રાજ્યો ઉપરથી ખસીને લોકો ઉપર, તેમને વાચા આપતાં અનેક બિનસરકારી સ્વૈચ્છિક મંડળો ઉપર મંડાઈ છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘની ચર્ચાવિચારણામાં હવે આ મંડળોને માન્યતા આપવામાં આવી છે. વૈશ્વિક પરિષદોના મિલનના સમયે રાજ્યોના પ્રતિનિધિઓની સરખામણીમાં આવાં મંડળો વધારે ક્રિયાશીલ અને લોકમાનસને સારી રીતે વ્યક્ત કરતાં જણાયાં છે.

આંતરરાષ્ટ્રિય વ્યવસ્થાતંત્ર તરીકે આ સંસ્થા વૈશ્વિક પ્રશ્નો વિશે સજાગ બની છે તે પહેલાં પણ તેનો કાર્યવિસ્તાર ઠીક ઠીક વ્યાપક રહ્યો છે. વિશેષ અગત્યની વાત એ છે કે તેના અંદાજપત્રમાં રાજકીય પ્રશ્નો વિશે હોય એના કરતાં બિનરાજકીય બાબતો વિશે વધારે નાણાં ખર્ચાય છે. આર્થિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, વૈજ્ઞાનિક, આરોગ્યવિષયક, ખેતી અને અન્નવિષયક તેમ જ હવામાન અને અંતરીક્ષ અંગેના પ્રશ્નો વિશે આ સંસ્થામાં પહેલેથી જ વિવિધ પેટાસંસ્થાઓ રહેલી છે, જે જાણે કે નેપથ્યમાં રહીને, દુનિયાનાં લોકોની અનેકવિધ સેવાઓ કરી રહી છે. રોગચાળા સામે પ્રતિકાર, બાળજન્મમરણ અને તે અંગેના ઉપાયો, કુદરતી આફતો સમયે સહાય, શિક્ષણમાં સુધારા, વૈજ્ઞાનિક પ્રગતિ, વિશ્વસમાજમાં વસતા વિવિધ સમુદાયોનું જતન, નિરાશ્રિતોને મદદ, નારીગૌરવ વધારવા માટે પ્રયાસ, વગેરે દ્વારા સમાજનું સ્તર ઊંચું લાવવાનો એક ભવ્ય પુરુષાર્થ આ સંસ્થા દ્વારા અવિરત ચાલી રહ્યો છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ દુનિયાના ખૂણેખૂણે અને પ્રત્યેક ઘરમાં તેનો ઉન્નત સંદેશ પહોંચાડી રહ્યું છે. આ દૃષ્ટિએ જોતાં આ સંસ્થા

૧૯૫૨માં મૅનહટન ખાતે બંધાવાયેલું યુનોનું મકાન



વિશેની જાણકારી લોકસમસ્તમાં પ્રસરે તે જરૂરી છે.

પરંતુ આ સંસ્થા વિશે મધ્યમ અને નાનાં રાજ્યોમાં તથા અલ્પવિકસિત દેશોમાં જેટલી આશા અને શ્રદ્ધા છે તેટલી મહાસત્તાઓમાં નથી. આજે આ સંસ્થાની નાણાંકીય સ્થિતિ નાજુક બની છે તેની પાછળનું મોટું કારણ આ દેશોની બેપરવાઈ છે. જેમ દેશ સમૃદ્ધ તેમ તે આ વિશે વધુ બેદરકાર રહેતો લાગે છે. પરિણામે આ સંસ્થા ટકે અને વધુ કાર્યક્ષમ બને તે અંગે પણ તેમને ચિંતા નથી. આમ છતાં પ્રબળ બનતા લોકઅભિપ્રાયની તેઓ ઉપેક્ષા કરી શકતા નથી. આવતી કાલે આ સંસ્થાનું નવસંસ્કરણ કઈ રીતે થવું જોઈએ તે વિશે ઊહાપોહ ક્યારનો શરૂ થઈ ગયો છે અને તેમ થાય તે યોગ્ય જ છે.

ભવિષ્યમાં આ સંસ્થા મહાસત્તાઓનું સાધન ન રહેતાં સમગ્ર દુનિયાનાં લોકોનું હિત જોઈ-જાળવી શકે તે માટે તેમાં કેટલાક ફેરફાર કરવા જરૂરી છે.

સૌપ્રથમ તો આટલી મોટી સભ્ય સંખ્યા ધરાવતી આ સંસ્થાની કારોબારી એટલે સલામતી સમિતિનું કદ વિસ્તારવાની જરૂર છે. તેના કાયમી સભ્યોમાં ભારત ઉપરાંત એશિયામાંથી ઈન્ડોનેશિયા, આફ્રિકામાંથી ઈજિપ્ત અને નાઈજિરિયા તથા દક્ષિણ અમેરિકામાંથી બ્રાઝિલ અને શક્ય હોય તો આર્જેન્ટિનાનો સમાવેશ કરવો જોઈએ, જેથી તે સમગ્ર દુનિયાનું પ્રતિનિધિત્વ કરી શકે. આ દેશોની વસતિના કારણે પણ તેઓનો સમાવેશ આવશ્યક છે. તે સાથે વિકાસના પ્રશ્નને અગ્રિમતા આપવા માટે આર્થિક અને વિકાસના કાર્ય માટેની જુદી સલામતી સમિતિની રચના થવી જોઈએ. ઉપરાંત સામાન્ય સભાની સાથે સાથે લોકસભાનું નિર્માણ થવું જોઈએ, જે દ્વારા લોકો અને તેમનાં મંડળો પોતાનો અવાજ રજૂ કરી શકે.

સંસ્થાના મહામંત્રીનું સ્થાન ખૂબ અગત્ય ધરાવે છે. દાગ હેમરશલ્ડના શબ્દોમાં આ જગાને ન્યાય આપી શકે એવો કોઈ મનુષ્ય નથી (it is an impossible job). મહામંત્રીને સહાય કરવા માટે ચારેક ઉપમંત્રીઓ નિયત કરવા જરૂરી છે. તેઓ વિવિધ ક્ષેત્રે મહામંત્રીને સલાહસૂચન આપવાં ઉપરાંત મદદ કરી શકે.

૧૯૪૫થી મહાસત્તાઓએ 'વીટો'ની જે સત્તા રાખી છે તે સંપૂર્ણપણે નાબૂદ ન થઈ શકે તો તેનો અમલ અમુક પ્રશ્નો પૂરતો મર્યાદિત રહે અને બીજાં ક્ષેત્રોમાંથી દૂર થાય તેવો પ્રબંધ કરી શકાય. અલબત્ત, આ પ્રકારના સુધારામાં તે મહાસત્તાઓની સંમતિ મેળવવી આવશ્યક રહે છે.

સંસ્થાની વિવિધ શાખા-પ્રશાખાઓ, જેવી કે વિશ્વ આરોગ્ય સંસ્થા, અન્ન અને ખેતીવિષયક સંસ્થા, વચ્ચે ઘણી વાર સંયોજનનો અભાવ રહે છે. આ અંગે પૂરતો પ્રબંધ થાય તે સંસ્થાના કાર્ય અંગે જરૂરી છે.

છેલ્લે, સંસ્થાની નાણાંકીય નિર્બળતા દૂર કરવા માટે આંતરરાષ્ટ્રિય ધોરણે હવાઈ મુસાફરી કરનાર યાત્રાળુઓ ઉપર કે એવા ક્ષેત્રમાં કર નાખીને સંસ્થાની આ અંગેની ચિંતા દૂર કરાવી જોઈએ. આ વિશે વેળાસર વિચાર થાય તે સંસ્થાના અને દુનિયાના હિત માટે આવશ્યક છે.

ઘણી વાર કહેવાય છે કે જો આ સંસ્થા ન હોત તો તેનું નિર્માણ કર્યા સિવાય આજનું માનવજીવન શક્ય નથી. આજના પરિવર્તનશીલ સમાજમાં માત્ર પરિવર્તનને પહોંચી વળવા માટે પણ વિશ્વસંસ્થાની જરૂર રહે છે. દુનિયાની સામે અનેક વિશાળ અને વિકટ પ્રશ્નો ઊભા થતા રહ્યા છે. તેના ઉપાયો યોજવા વૈશ્વિક સ્તર ઉપર સતત વિચાર અને તેને આનુષંગિક કાર્ય થતું રહે તો જ માનવજીવન શક્ય છે. વિજ્ઞાનની અપ્રતિમ સિદ્ધિઓની સાથે તાલ મેળવવા માટે પણ આવી બહુમુખી, બહુલક્ષી સર્વસાધારણ સંસ્થા આશીર્વાદરૂપ છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ આજના માનવ જીવન માટેનો ગુરુતમ સાધારણ અવયવ છે. સૌના કલ્યાણ અને ઉત્કર્ષ માટે તે સદા ઉન્નત સ્વરૂપે કામ કરતું રહે તેમ ઈચ્છીએ. તેના સિવાય દુનિયાનું ભાવિ કલ્પી શકાય તેમ નથી. □



ઝવેરચંદ મેઘાણીનું જીવનચિત્ર

કસુંબલ રંગ [૧૬]

કનુભાઈ જાની

જે આપણા મન, એટલે કે સામાન્ય વાચકને મન, એક આનુષંગિક કે વૈકલ્પિક બાબત છે, એટલે કે લેખક હોય તે લખે ને વાચકે કૃતિ વાંચવી ન-વાંચવી એ તેની મુન્સફી પર છે એવી બાબત હોય, જે સાહિત્યના ઇતિહાસકારને મન નાણી-તોળીને મૂલવવાની બાબત છે, તે જો નવપ્રસ્થાન હોય તો સર્જકને મન તો એના જીવનનો એક મહત્ત્વનો ટુકડો છે. તેમાંય કોઈ નવી દિશાનું પ્રયાણ કરાવનાર કૃતિ તો એના જીવનની બહુ મોટી ઘટના છે. મેઘાણીના કલમજીવનની આવી એક મોટી ઘટના તે 'રસધાર.' કદાચ મોટામાં મોટી ઘટના. પ્રજાજન મેઘાણીને રસધારથી ઓળખે છે. ભાટ-ચારણ-બારોટો ને ડાયરાના વાર્તા માંડનારાઓ માટે તો આ મોટો સંદર્ભ-ખજાનો છે. 'રસધાર', એક રીતે, મેઘાણીના લોકસાહિત્યનું પ્રવેશદ્વાર છે. વળી, મેઘાણીનું સમગ્ર સાહિત્ય, એક રીતે, સૌરાષ્ટ્રની રસધાર જ છે. સૌરાષ્ટ્રની રસધાર એ મેઘાણી-ગાનનો સમ છે. સોરઠી જીવન, એમાંનાં વ્યાપક જીવનમૂલ્યો, એમાંની નીતિમત્તા - એ એ એમનો પ્રધાન કથનવિષય છે. આ 'રસધાર'નો પહેલો ભાગ મેઘાણીના ચિત્તને સતત સાત-આઠ વર્ષ સુધી રોકી રાખનાર ચકમણ બનેલું. સાત-આઠ વર્ષ એટલે લખ્યું કે રસધાર કેમ વહાવવી, આ કથાઓ કેમ કંડારવી, એની મથામણ એ ૧૯૩૦ની બીજી કૃતિ સુધી કરતા રહ્યા છે ! સાત વર્ષ પછીની એ બીજી આવૃત્તિમાં બધી જ વાર્તાઓ ફરી લખી. બે રદ કરી, ત્રણ ન સમાવી, શૈલીની શોધે ચડ્યા. એ માટે ધૂમકેતુને પત્ર પણ લખ્યો. લોકકથામાંની શૈલી તો મૂળ કથકની જ યથાતથ રાખવી જોઈએ એ તારણ પર તો છેક 'જપમાં, 'રંગ છે બારોટ' વખતે, આવ્યા. ત્યાં સુધી ચિત્તમાં આ વાત ઘોળાયા કરી છે. એમાં એક પ્રકારની દ્વિધા હતી. એક તરફથી ચારણી શૈલીનું આકર્ષણ હતું, બીજી તરફથી નવલિકાનો જમાનો હોવાથી એનું આકર્ષણ હતું. વૃત્તિએ સર્જક હતા, તેમ કથ્ય શૈલીમાં પણ ફાવટ હતી. એટલે એમનામાં એ બેનું અજબ રસાયણ છે. વળી જેમ પત્રકારત્વનું, પોતાના કાર્યથી એમણે સાહિત્ય જેટલું ગૌરવ સ્થાપ્યું એમ લોકસાહિત્યને પણ પ્રતિષ્ઠા મળે, ને વિદ્વાનો પણ સ્વીકારે એમ કરવું હતું. શૈલીદ્વિધાનું કારણ આ હતું. એટલે આ ઘટનાને ઝડપથી આંખ ફેરવી, બાજુ પર મૂકી શકાશે નહિ. ત્રણ બાજુથી જોવી પડશે : કેમ બની, કેવી બની, સાહિત્યક્ષેત્રે એના પ્રત્યાઘાતો કેવાક રહ્યા.

કેમ બની ? એ જાણીએ છીએ. મેઘાણીની ગેરહાજરીમાં શેઠે જાહેરાત કરી દીધી કે 'સૌરાષ્ટ્ર' પત્ર 'રસધાર' આપશે. નામ પણ પાડી દીધું ને સૌરાષ્ટ્રના તળપદા સંસ્કાર-રંગોવાળી વાર્તાઓ મળશે, એ વિષય પણ જાહેર કરી દીધો. મેઘાણીએ હવે એ બધું પાર પાડવું રહ્યું. ત્યાં સુધીમાં મેઘાણીનો ખ્યાલ લોકસાહિત્યનું જ ક્ષેત્ર લેવું, એવો હતોયે નહિ. હા, ૧૯૨૨માં 'સૌરાષ્ટ્ર'માં ચાર લોકકથાઓ આપેલી : 'ચાંપરાજ વાળો', 'ભોળો કાત્યાળ', 'આહિરની ઉદારતા' અને 'પ્રબળ પાપનું પરિણામ.' વાચકોને એ ગમેલી. એ ચારેય કથાઓ, લોકસાહિત્યને ક્ષેત્રે જેને મેઘાણી પોતાના 'મુર્શિદ' (ગુરુ) કહે છે તે દરબારસાહેબ વાજસુર વાળાએ આપેલી-લખેલી હતી. એવી કથાઓ એમણે દરબારસાહેબને ત્યાં ચારણો દ્વારા કહેવાતી સાંભળેલી. ત્યારથી પોતાને, જેમ સાહિત્ય-લેખનનો પ્રેમ જાગેલો, તેમ, એવી કથાઓ માંડવાનો પ્રેમ પણ જાગેલો. લોકગીતો તો ગાતા જ. અમદાવાદમાં ભૂલાભાઈ કોલોનીમાં વિદ્યાપીઠ હતી ત્યારે, રા.વિ. પાઠકની ને કાકાની સન્નિધિમાં એમણે લોકસાહિત્યની રજૂઆતના આરંભના પ્રયોગો કરેલા - ૧૯૨૨-૨૩માં. એટલે અમૃતલાલ શેઠે આ કામ સોંપ્યું ત્યારે, એ માટેની ભૂમિકા તો હતી જ. પોતાને નામ આપવું હતું 'કાઠિયાવાડની લોકકથાઓ', પણ એ ય શેઠ જાહેર કરી ચૂક્યા હતા. હવે કામને વળગવું જ રહ્યું.

નવા જોડાયેલા માધવદાનને પણ મદદે લીધા. પોતે તરત જ દરબારસાહેબ પાસે પહોંચ્યા. એ બોલે ને પોતે સાંભળતા જાય ને ઝડપથી ઉતારતા જાય. કઈ રીતે આવું કામે કરતા એ દરબારસાહેબ અને મેઘાણીભાઈ બન્ને પાસેથી સાંભળીએ :

'અહીં આવીને આ વાર્તાઓ લખ્યા પછી ઝવેરભાઈએ ચારણી પ્રયોગો બોલવા-લખવાના પ્રયત્નો કર્યા, પણ શરૂમાં કેમેય કરીને ફાવે જ નહિ. 'દેથળા', 'ભણે', 'થ્યું', 'ગરલઅંડા ઘોડી' એવા એવા ચારણી શબ્દો ટપકાવી લે, ને પછી અમારી સાથેની સામાન્ય વાતોમાં પણ એ વાપરે. વાપરતાં ફાવે નહિ ને કાંઈકનો અર્થ કાંઈક થઈ જાય. અમે બધા ખૂબ હસી પડીએ. ગગુભાઈ તો પેટ પકડીને હસે.' ('ઝ. મે. સ્મરણાંજલિ,' ફૂલછાબ પ્રકાશન, ૧૯૪૭; પૃ. ૭૮) "કાઠી-સંસ્કૃતિથી તેઓ અપરિચિત એટલે ઘણી વાર ભૂલો કરી બેસતા. હું કહેતો : 'ભાઈ, કાઠી આમ ન કહે, આમ ન બોલે. કાઠિયાણી કાઠીને ખોળામાં લઈને ન ચૂમે. બહારવટિયાનો સાંઢિયો કણકણે નહિ. એવું તો એના લોહીમાંયે ન હોય.' પછી તો ધીમે ધીમે કાઠી ભાષા, રહેણીકરણી, સંસ્કૃતિનો એમને પરિચય વધ્યો... 'દરિયાપીરની દીકરી'વાળી વાત પણ અહીં...'૨૨ની સાલ દરમિયાન લખી લીધી હતી. તે પછી છાપવાવાળાએ તેમણે મને મોકલી હતી. મેં કેટલુંક સુધાર્યું

ને કેટલોક ફેરફાર સૂચવ્યો. દુહા અહીંથી ઘણા લઈ ગયેલા.''

પોતાના ક્ષેત્રની લોકસંસ્કૃતિથી આ સંપાદક આમ પળોટાતો જતો હતો - અનાયાસે. આગળ જતાં આ સંપાદક માત્ર નિરીક્ષક (observer) ન રહેતાં, મહીં ભળી ગયેલો અંદરનો જ એક જણ (participant) થઈને રહ્યો. એ અનાયાસ - રૂપાન્તર નહોતું. સંશોધક સભાન હતો. સાહિત્યસેવી મેઘાણીનું લોકસાહિત્યસંપાદકમાં પૂરું રૂપાન્તર થયું એમાં દરબારસાહેબ જેવાનો પૂરો હિસ્સો. શ્રમસાધ્ય વિદ્વત્તાથીયે ભાગ્યે જ મળે તે મેઘાણીને સહવાસ ને નિકટના ઘરોબાથી મળ્યું. પણ આવો ઘરોબો તો મોટી સજ્જતા છે. પણ હજી દરબારસાહેબને સાંભળીએ :

''ઝવેરભાઈની લખવાની ઝડપ તો ગજબની. હું વાતો કરું એ ટપકાવી લે. એક બાજુ જઈને નિરાંતે પૂરી કરી લે. એ પછી કઢાવતાં આવડે - 'હાં પછી... પછી શું એનું થયું ? પછી એ ક્યાં ગયાં ? પછી એમણે ત્યાં શું કર્યું ?..... આમ પછી - પછી તો ચાલતું જ હોય. એમના સંશોધનની ઘણી સામગ્રી આ ભૂમિમાંથી એમને મળી છે.'' ('ઝ. મે. સ્મરણાંજલિ,' ફૂલ છાબ, ૧૯૪૭, પૃ. ૮૧).

અહીં વચમાં જ યાદ આવે છે દુલા ભાયા કાગના શબ્દો : 'એ સાહિત્ય સંપાદન કરવું એટલે તો લંકાથી હેમ લાવવા જેવું કઠણ છે. એવા દોયલા કામને મેઘાણીએ સોયલું કેમ કરેલું ? દિવસોના દિવસો, રાતોની રાત ચારણો સાથે એ વસેલા, આગલાની રીતભાતથી જ એ રહેલા... એમનાં બધાનાં અંતરમાં વસી જઈને એમણે એવું કામણ કરેલું કે પછી તો એને જોઈને કોઈ ચારણ, બારોટ કે વાર્તાકાર, મેને જોઈને મોરલો હરખે તેમ હરખી ઊઠતા.... એ બધા ખાતરના ધૂળના ઉકરડામાંથી સોનું શોધી કાઢવાનો સંચો કુદરતે એમના હૈયામાં ગોઠવ્યો હતો.'' ('ઝ. મે. સ્મ.' ફૂ., ૧૯૪૭; પૃ. ૮૯)

'રસધાર-૧'માં દરબારસાહેબ-દીધી ચારેક વાર્તાઓ છે. પિંગળશીભાઈને મળવાનું પણ દરબારસાહેબે સૂચવેલું. એટલે ભાવનગર ગયા. કપિલભાઈ કહે છે :


'એમને પિંગળશીભાઈનો પ્રથમ પરિચય કરાવવા હું એમની ડેલીએ લઈ ગયો... અને પછી પિંગળશીભાઈ ૧૯૩૯માં વિદેહ થયા ત્યાં સુધી લોકસાહિત્ય, ચારણી સાહિત્ય, લોકગીતો વાર્તા વગેરેમાં મેઘાણીભાઈએ જે જુદી જુદી વાચનાઓ કે જુદાં જુદાં પાઠાંતરો એકઠાં કર્યાં હોય તેમાંથી યોગ્યાયોગ્યની તારવણી કરતા.' ('ઝ. મે. જીવનકથા', લે. કપિલભાઈ ઠક્ક-: ૧૯૮૧; પૃ. ૫૯)

મેઘાણીભાઈ એ મેઘકંઠીલા, ગરવા વ્યક્તિત્વવાળા, વિદ્વાન અને બહુશ્રુત, પ્રેમાળ અને અતિથિપ્રિય, ભાવનગર રાજકુળના દસોંદી, પિંગળશી પાતાભાઈ વિષે લખે છે :

'ભક્તહૃદય ભડપુરુષ સવારે બપોરે પોતાની ડેલીની ચૉપાટમાં બેઠા હોય, હું જઈને ઊભો રહું, જૂની માહિતીઓ માગું. તેના જવાબમાં 'હા..આ...આ...!' એવો અવાજ કરી, આંખ સંકોડી, યાદ શક્તિને ઢંઢોળી, પછી વાતો કરે, પોતાના જૂના ચોપડાના ઢગલામાંથી એમના પિતાએ લખેલ પુરાણા અક્ષરોવાળાં ચારણી કાવ્યોની હસ્તપ્રતો વાંચી મને ઉતરાવે, પ્રોત્સાહન આપે..' ('પરકમ્મા', ૮૧; ૨૦૦)

'રા નવઘણ'ની કથા, તથા 'સેજકજી'માંના છંદો 'રસધાર-૧'માં એમના આપેલા છે. 'આનું નામ તે ધણી' અને 'રંગ છે રવાભાઈનો' એ બે કથાઓ પોપટલાલ વડોદવાળાએ આપેલી છે. કવિ કનરાજના તથા કેપ્ટન જોરાવરસિંહજીના આપેલા દુહા પણ છે. કેપ્ટન સાહેબે અન્ય સામગ્રી પણ અપાવી છે. અન્ય ચારણર ચિત દુહા લોકસાહિત્યમાં ન ગણાય, એવી સ્પષ્ટ દૃષ્ટિ રાખી નથી. પૉપ્યૂલર લિટરેચર (લૌકિક સાહિત્ય) અને ફોક લિટરેચર (લોકસાહિત્ય) વચ્ચેનો ભેદ એ જમાનામાં હજી સ્પષ્ટ જ થયો નહોતો. એની ચર્ચા જ ચાલી નહોતી. એટલે એવું ઘણું લૌકિક સાહિત્ય - ને ખાસ કરીને ચારણી સાહિત્ય - લોકસાહિત્યમાં ત્યારે લેખાતું.





દરબાર વાજસુર વાળા

કોઈને પણ મળ્યા પછી કે

કાંઈક અગત્યનું સાંભળવા મળે કે તરત મેઘાણી એ ટપકાવી લે. વાતોના મુદ્દા નોંધી લે; નોંધપોથી રાખેલી... સંશોધનનો નવોસવો અનુભવ. મૂળ વ્યવસાય તો લીધો હતો પત્રકારનો, ને આ કામગીરી પણ આરંભે આવી પડી તેય એના એક ભાગરૂપે જ. પોતે જ કહે છે :

'જો પત્રકારત્વની સ્ફૂર્તિ ન હોત તો લોકસાહિત્યનો આ રસ જીવતો રહી શક્યો હોત શું ?' (પરકમ્મા; ૮૧;૩)

પણ નોંધપોથી રાખે. કેમ રાખવી એ આરંભે ન જાણે. ટાંચણ અતિસંક્ષેપે હોય, ને જો તરત વાપરી લે તો તો ખપમાં લાગે; નહિ તો જાય ! વળી માહિતીદાતાનાં નામ-ઠામ પણ ક્યાંક હોય, ક્યાંક ન હોય. સામગ્રી ઝટ એકઠી કરી લેવાની ઉતાવળ, એટલે પૂરો પરિચય પણ બંધાવા ન દે ને ઉતારવા માંડે ! પરિણામે ઓછું મળે. પોતે જ, પછી, પોતાની આ બધી મર્યાદાઓ વિષે લખીને, જાતનો પરિચય આપે છે 'અડબંગ અન્વેષક' કહીને. આમાં નિખાલસ મજાક છે, ને આ માર્ગ લેનારને સૂચન પણ છે. પોતે વાત કેમ માંડતા એની વિગતે વાત, જાલમસંગની વાતનું દૃષ્ટાન્ત આપીને કરે છે. પહેલાં મનમાં કહેણી ગોઠવે; વાર્તાનો આરંભ વિચારે; વાર્તાની લીલાભૂમિ રસિક રીતે, બને તો કવિત/દુહાથી રજૂ કરે; પછી પાત્રચિત્ર આવે. એમાં અફીણ કે હોકો કે એવું કાંઈક હોય તો એ વિષયના દુહા આવે; સ્ત્રી કે પુરુષ, ડાયરો કે ચોરો કે રાજભવન.... જે હોય તેનું ચિત્ર; પછી પ્રસંગની માંડણીમાં સુભાષિતો ક્યાં લેવાં ને ક્યાં ક્યાં મૂકવાં એ નક્કી કરી રાખ્યું હોય એમ મૂકતા જાય ને એમ પ્રસંગ જમાવે; પછી સમાપન વિચારી રાખ્યું હોય. આ માટે નોંધોનો ઉપયોગ પણ કરે. કથાનોંધ સંક્ષેપે નોંધપોથીમાં હોય. પણ કરે પેન્સિલથી ! મારતી ટ્રેને કે મોટરે, વાહનગતિએ પેન્સિલના માખટાંગા અક્ષરોએ ટાંચણ કરેલું હોય. કારણ ? 'પોણોસો....નો પગારદાર ઈન્ડિપેન ક્યાંથી વસાવી શક્યો હોય ?' ('પરકમ્મા,' ૮૧;૧૦) અશાસ્ત્રીયતાની ગાળ દેતાં પહેલાં કાળ-પરિસ્થિતિનો વિચાર પણ દેનારે કરવો રહ્યો. ત્યારે ટેપરેકોર્ડરનું નામેય નહોતું. ટાંચણમાં જરૂરી રેખાંકનોય કરે ! નોંધોમાં, નર્મદને જેમ એમનાં પત્ની સવિતાગૌરીએ લગ્નગીતો નોંધવામાં મદદ કરેલી એમ આવી નોંધોમાં ક્યારેક દમયંતીબહેન પણ સહાય કરે.

જરાક કાળવ્યુત્ક્રમ થાય, કારણ કે વાત ૧૯૨૮ની છે; છતાં મધુર દામ્પત્યનાં થોડાંક જે ચિત્રો મળે છે એમાંનું, ને આ નોંધના અનુસંધાને યાદ આવ્યું હોવાથી અહીં મુકાય છે. એક વાર માસાજી શિવલાલ ગોસલિયાને ઘેર, માસીજી સાંકળીબાઈએ વાતવાતમાં 'વેરણ ચાકરી'નું ગીત આખું સંભળાવ્યું ને દમયન્તીબહેને ઉતાર્યું. નોંધપોથીમાંના એ હસ્તાક્ષરો અઢાર વરસ પછી જોઈને, ભીની આંખે કહે છે :

'એ હાથની ઉષ્માને આસ્વાદી હતી ચોવીસ વર્ષ પૂર્વેની જેઠ વદ નોમની રાત્રિએ.' લગ્નતિથિ અહીં મળી. દમયંતીબહેનને જોવા જેતપુર ગયેલા, તે પછીનો પત્ર 'લિ. હું...' માં છે તા. ૧૦-૫-૧૯૨૨નો. જેચંદ તલકશીના '૧૨૫ વર્ષનું પંચાંગ' જોતાં (પાનું ૧૯૦) જેઠ વદ નોમ ત્યારે બે : ૧૮ જૂન રવિવારે અને ૧૯ જૂન સોમવારે. ત્યારે દમયંતીબેન ૧૮ વર્ષનાં. એટલે આ નોંધ લીધી હશે ત્યારે હશે ૨૪ વર્ષનાં.

લોકકથાઓ જો ઐતિહાસિક વસ્તુવાળી હોય તો એની ચકાસણી કરવા પણ મથે. ધક્કા પણ ખાય. આપણે ૧૯૨૩ની સાલની વાત કરીએ છીએ, 'રસધાર-૧'ની કથાઓની. એમાં એક હતી ઘેલા શાહની. એની વિગતો મેળવવા બરવાળા ઊપડ્યા. મનુભાઈ જોધાણી ત્યાં; એટલે એમની સહાય લેવાનો ખ્યાલ.

ભીમનાથને સ્ટેશને ઊતર્યા. ખાદીની સુરવાલ, ઝભ્ભો, જાકીટ, માથે છોગાળો ફેંટો ! ઊતરીને તરત મોટર પકડવા દોડ્યા. ત્યારે એક પ્રાઈવેટ ફોર્ડ ટેક્સી ભીમનાથ-બરવાળા વચ્ચે દોડે. એમાં પંદરેક પેસેન્જર તો ખડકાયેલા જ ! ઘટવટમાં પડ્યા. અકસ્માત મનુભાઈ ત્યાં, પણ એકબીજાને ઓળખે નહિ. છતાં એક સંસ્કારી જુવાન મૂંઝવણ અનુભવે છે તો લાવ મદદ કરું એમ કરીને, મનુભાઈએ ટેક્સીવાળાને સમજાવીને, સાંકડમાંકડ મહીં ઠાંસી દીધા. પોતે ટ્રેનમાં ધંધુકા ગયા. પછી રાત્રે ઘેર પહોંચ્યા તો એ જ યુવાન પોતાને ત્યાં મહેમાન ! ઓળખાણ આપી. હેતુ કહ્યો : ઘેલાશાહ સંબંધી વીગતો મેળવવી હતી, વાર્તા લખવી હતી. મનુભાઈ લખે છે :

'મારી ગેરહાજરીમાં પણ એમણે કોટ જોઈ લીધો, ઘેલા શાહના વંશજોને મળી, અસંબંધ પણ ટૂંકી ટૂંકી વાતો સાંભળી લીધી. એમનું જન્મસ્થાન નીહાળી લીધું...' હતું. ('સ્ત્રીજીવન,' અંક ૮મો, જૂન ૧૯૪૭; પૃ. ૪૮૫)

માત્ર યજમાનનો આભાર માનવા ને રજા લેવા જ રોકાયા હતા. મનુભાઈએ રોકાવાનો આગ્રહ કર્યો, તો કહે, 'કાલ બુધવાર. મારે બુધવાર સવારે કોઈ પણ હિસાબે પહોંચવું જ પડે. તો જ મેટર ગુરુના અંકમાં છપાય.'

જરા થોભો. વિચારો. મંગળની રાતે આ માણસ આમ બોલે છે. બુધ સવારે પહોંચીને લખવાનું બાકી જ છે. એ તો થશે જ એવી પાક્કી ગણતરીને વચમાં લાવવાની એને જરૂર નથી ! પણ આપણે તો એને જોઈએ છીએને !

'હવે, બુધવારે સવારે રાણપુર પહોંચવું શી રીતે ?'

વિચારમાં પડ્યા. નિશ્ચય પાક્કો હતો. મનુભાઈ કહે, 'સવારે ત્રણ વાગ્યે ગાડામાં નીકળી, છ વાગ્યાની વહેલી ગાડી જો ભીમનાથ સ્ટેશનેથી પકડાય તો રાણપુર સવારે નવને સુમારે

પહોંચાય.' નક્કી કર્યું. ગાડાનું કહેવડાવ્યું. પણ ગાડાવાળો ત્રણને બદલે ચાર વાગ્યે આવ્યો ! આઠ માઈલનો રસ્તો. અઢી કલાક તો થાય જ. વખત તો વાતોમાં કપાયો, ને ભીમનાથ સ્ટેશન માઈલેક દૂર હશે ત્યાં તગડીથી ગાડી ઊપડ્યાની વ્હીસલ સંભળાણી. સાંભળી, એવા જ ગાડેથી કૂદીને માંડ્યા ઝડપભેર ચાલવા. મનુભાઈનો પણ છૂટકો નહોતો. ખેતરાં સોંસરા બન્ને દોડ્યા. પણ ગાડી તો સ્ટેશનમાં પહોંચી ગઈ હતી. સદ્‌ભાગ્યે માલગાડીના ડબ્બાને કારણે શન્ટિંગમાં પંદર મિનિટ લાગી, એટલે ગાડી પકડાણી. એક નાનકડી વાર્તાના અંકોડા મેળવવા ને વીગતોની સચ્ચાઈ ચકાસવા બે રાતના ઉજાગરા ને રખડપટ્ટી ! પાછું, પોતાનું સામયિકપત્ર મોડું ન જ પડે તેની ચિન્તા. આવી કાળજીભરી જહેમત પછીયે ક્યાંક કશુંક કાચું કપાયાનું ધ્યાન દોરાય કે કબૂલવાની તૈયારી. બચાવ નહિ. ગુણસ્વીકાર, ઋણ-સ્વીકાર, ભૂલ-સ્વીકાર ત્રણેય પ્રકારનું સૌજન્ય.

એમની આ 'લોકકથા'ઓ કથ્ય શૈલીની ખરી, પણ લોકકથા કરતાં ઢાંચો નવલિકા તરફ વધારે ઢળતો. 'સાહિત્યરંગી તોર' જેમ પત્રકારત્વને લગાડ્યો, ને પત્રકારનું મહત્ત્વ સ્થાપ્યું, એમ લોકસાહિત્ય માટે પણ કરવા મથ્યા. રસધારના પાંચે ભાગોની બધી કૃતિઓને સાથે લઈને જોઈશું, અહીં તો રસધારની ઘટના કેમ બની તે જ જોયું. હવે એને કાળની ફ્રેમમાં મૂકીશું ? લોકકથાને ક્ષેત્રે ત્યારે શી સ્થિતિ-ગતિ હતી ?

૧૯૨૨માં મેઘાણીએ લોકકથાથી કામ આરંભ્યું. '૨૩માં 'રસધાર'નો પહેલો ભાગ પ્રસિદ્ધ થયો. એ તેવીસની સાલ એ માટે મહત્ત્વની, તો બીજી એક બાબતે પણ અવિસ્મરણીય. એ જ સાલ, વિષયદૃષ્ટિએ લોકકથાના જ એકમાત્ર વિષયને આવરી લેતું, એના શાસ્ત્રને સદૃષ્ટાન્ત રજૂ કરતું, કદાચ એ વિષયનું તો ભારતભરમાંનું પ્રથમ પુસ્તક, જેના પ્રત્યે આજ સુધી દુર્લક્ષ જ સેવાયું છે તે, ગિજુભાઈનું 'વાર્તાનું શાસ્ત્ર' બહાર પડ્યું.

એની આગલી સાલ હરગોવિંદ પ્રેમશંકર ત્રિવેદીનું 'કાઠિયાવાડની જૂની વાર્તાઓ ભાગ-૧' મળેલું; એ લોકકથાઓને કારણે નહિ એટલું એમાંની બળવન્તરાય ઠાકોરની પ્રસ્તાવનાને કારણે યાદ કરવા જેવું. મેઘાણીની પહેલાનાં લોકકથા માટે મહત્ત્વનાં નામો ત્રણ : ફ. બ., કવિ રૂસ્તમ ખરશેદ ઇરાની અને ગિજુભાઈ. પારસી વિદ્વાન ફરામજી બહેરામજીએ 'ગુજરાત તથા કાઠિયાવાડ દેશની વારતા'ના પોતાના ત્રણે ભાગોની ત્રણ પ્રસ્તાવનાઓમાં લોકકથાને વિગતે ચર્ચી. એ આપણું પહેલું લોકકથાવિવેચન. ઇરાનીએ ૧૮૮૫ના પોતાના સંગ્રહને 'લોકકથા' એવું નામ આપી, 'લોક'નો ને 'લોકકથા' શબ્દનો પહેલવારકો પ્રયોગ કર્યો. (રણજિતરામે નહિ.) અને કથાશાસ્ત્ર આપ્યું ગિજુભાઈએ - કથાની વાડીનાં રીંગણો ચોરીચોરીને ઘરઘર પહોંચાડ્યાં એ તો વધારામાં !

ગુજરાતમાં લોકકથાના સંગ્રહનો પ્રયત્ન તો થયેલો બહુ વહેલો. ૧૮૩૮માં વિદુષી વિદેશી બહેન મૅરિયન પૉસ્ટન્સનું 'કચ્છ' પુસ્તક બહાર પડ્યું. એમાં આપણી લોકકથા-દંતકથા પહેલીવાર પ્રગટી. દલપતરામ - ફાર્બસે 'રાસમાળા'ની કામગીરીને અનુષંગે થોડુંક એવું કામ - કથાસંગ્રહનું કર્યું ને ૧૮૬૦ના 'બુદ્ધિપ્રકાશ'માં દલપતરામે ત્રણેક લોકવાર્તા આપી. બાકી તો ફ.બ., ઇરાની, ગિજુભાઈ ત્રણ મોટા લોકકથાસંપાદકો. - એ પણ એમાંના એક્કેયે 'લોકકથા-લોકકથા' કરી મૂક્યું નહિ; એમ તો ચોમેર કરી મૂક્યું 'રસધારે.'

એ પહેલો ભાગ પ્રસિદ્ધ થયો ત્યારે એની ઉપર સંપાદક તરીકે મેઘાણીનું નામ નહોતું ! નામ હતું સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિરનું. ઉતાવળને કારણે છપાઈ ભદ્દી; ભૂલો ઘણી. ડિમાઈ કદના ૨૧૬ પાનાંમાં ૨૮ કૃતિઓ; ચોટદાર, છતાં મેઘાણીશૈલીના વિશેષ રંગો વિનાની ! અનાકર્ષક છપાઈવાળી એ આવૃત્તિની પણ અસર જબરી હતી, કલ્પી ન શકાય એવી વ્યાપક અને ઊંડી. લોકસાહિત્યના ક્ષેત્ર તરફ ત્યારથી સૌનું ધ્યાન ખેંચાયું. હિંદીના શ્રી રામનરેશ ત્રિપાઠી લખે છે :

'ઉનકો ગુજરાત ઔર ગુજરાતી સાહિત્ય કે લિયે મૈં ઈશ્વરકી એક દેન માનતા હૂં. હમારી પુરાતન સંસ્કૃતિ કો પ્રકાશમેં લાકર ઉન્હોને વર્તમાન કો સુન્દર ઔર સુખદાયક બનાયા હૈ... મૈં ઔર મેઘાણીજી એક હી માર્ગ કે પથિક થે. વે આગે થે, મૈં પીછે ! હિન્દી પ્રાન્તોં કે ગ્રામગીતો કે સંગ્રહ મેં મૈંને ઉનકા કાફી અનુસરણ કિયા હૈ.' ('સ્ત્રીજીવન', જૂન ૧૯૪૭; ૪૬૪) પણ એની પાછળ પ્રબળ પુરુષાર્થ હતો. એ પુરુષાર્થની વાત તો હજી બાકી છે ! 'પતિલ'ની અંજલિ છે :

'તુજ ભાલનો પરસેવો છે પાવડે ખડકાયો,
ને નામનાને ખોળે તુજ નામની છે લ્હાણી !'

મે ૧૯૨૩માં 'રસધાર-૧' દ્વારા જૂની સંસ્કૃતિનાં જીવનમૂલ્યો કથારૂપે પ્રગટે તે પહેલાં, જાણે આ કથાઓ પ્રત્યેના અભિગમની એક ભૂમિકા બાંધતા હોય એમ, ભલભલાને બિવડાવતા આપણા કવિવેચક બ.ક.ઠા., હરગોવિંદ ત્રિવેદીના (૧૯૨૨ના) સંગ્રહની પ્રસ્તાવનામાં લખે છે :

"એ હીનસમ્પન્ન છતાં માહાત્મ્યબીજ સંસ્કૃતિ'ની 'હેરત થઈએ એવી સચોટતાવાળું આ સાહિત્ય છે... દંતકથાઓ અને કંઠસ્થ સાહિત્યમાં જે કાંઈ સંસારચિત્રો જળવાયાં હોય છે તેનું મૂલ્ય પ્રજાના સમગ્ર ઇતિહાસ માટેનાં આવશ્યક સાધનો તરીકે અનેરું ગણવું પડે એટલું બધું મોટું છે." (ક્રમશઃ)

વુશિના રેલવે-સ્ટેશને ઊતરીને બસમાં બેઠાં કે તરત એ શહેરનું 'પ્રવાસ-દર્શન' શરૂ થઈ ગયું. સીધાં જ અમને શિ-હુઈ ઉદ્યાન તરફ લઈ જવામાં આવ્યાં. બંને બાજુ પર્વતોની હાર હતી. ભયાનક પર્વતો નહિ, પણ રમતિયાળ, જરા ઊંચી ટેકરીઓ હોય તેવા. એક બાજુ શિ હિલ્સ ને બીજી બાજુ હુઈ હિલ્સ. એની વચમાં બનાવાયેલો બાગ તે શિ-હુઈ ઉદ્યાન. આ થઈ એના નામની સીધી સમજૂતી !

ઉદ્યાનમાં જવાનો પથ ટેકરીઓના પરિસરને શોભે તેવો જ હતો. ઢાળ પડતો,



(સ્થિર નદી, સરતાં નીર)

સ્થાનિક સંગીત-નાટ્ય અનુષ્ઠાન

• પ્રીતિ સેનગુપ્તા •

ચડતો-ઊતરતો એ પથ બાગની અંદર ગયો. અંદર તો હતું તસવીર માટે ઊભું કર્યું હોય તેવું - ના, ના, એક મૂર્તિમંત વિસ્તૃત ચિત્ર હોય તેવું દૃશ્ય. કળાત્મકતા અને સુંદરતાની દૃષ્ટિથી એ રચાયું હતું. નાનાં પુકુરોને કિનારે પાષાણો ગોઠવાયા હતા, એમને જોડતા પુલો અને એમની દીવાલોમાં બનાવાયેલી કમાનો. ચીની ઉદ્યાનોનું દર્શન બહુ હૃદ્ય હોય છે. મને તો એ કવિત્વમય લાગે છે. ભૌતિક સ્વરૂપે વિરચન પામેલી કવિતા !

અહીં પણ અમારી આસપાસ થોડા લોકો ભેગા થઈ ગયા ખરા, પણ મોટે ભાગે અમે અમારી મેળે શાંતિથી, આનંદથી, ફરી શક્યાં. વચ્ચોવચ એક ટેકરો બનાવેલો હતો. ઉપર ચડવા માટે પહોળાં પગથિયાં હતાં. એને અંતે એક પૅગોડા દેખાતું હતું. વર્ષો જૂનું હતું, ને ક્યારેક રંગાયું પણ હશે. અત્યારે તો બધા રંગો ઊપટી ગયા હતા અથવા ઊખડી ગયા હતા, અને મૂળ પાષાણો છતા થયેલા હતા. કમનીયતાની વચમાં એ એક અનાકર્ષક અસ્તિત્વ હતું.

બાગના ઝાંપાની બહાર નાની 'ફ્લી માર્કેટ' ભરાઈ હતી. આપણે 'રવિવારની ગુજરી' કહીએ તેવી. બહુ ભીડ નહોતી થઈ. કદાચ વુશિનાં નાગરિકોને ખરીદીમાં રસ નહોતો. જે થોડો સમય અમને મળ્યો એમાં અમે એમાં આંટો માર્યો. અમારે માટે કામનું કશું હતું નહીં. ને રસ મને એક જ ચીજમાં પડ્યો - શાહીના ખડિયામાં ! ચીની શૈલીનાં લાક્ષણિક પાત્ર. ખરેખર તો એમને ખડિયા ના કહેવાય, કારણ કે ખૂબ છીછરાં હોય. એમાં શાહી ભરેલી નથી હોતી, પણ જ્યારે શાહી વાપરવાની હોય ત્યારે કાળા રંગની ટીકડી આ છીછરા પાત્રમાં પાણી સાથે ઘસીને શાહી બનાવવામાં આવે છે. આ પાત્રો ખાસ કરીને ચીની શૈલીનાં ચિત્રો અને લિપિ માટેની પીંછીઓ બોળવામાં વપરાય છે. ચીની ચિત્રની અને લેખનની કળા ખરેખર વિશિષ્ટ છે, અને એવાં જ વિશિષ્ટ હોય છે આ પાત્રો. કાળા, સુંવાળા પથ્થરોમાંથી વિભિન્ન પ્રકારની સુંદર આકૃતિઓ અહીં કોતરાયેલી હતી. કિંમત તો જાણે કાંઈ જ નહીં. નાના પાત્રની તો એક યુઆન જેટલી જ કિંમત હતી. જાપાનથી ખરીદેલું આવું એક પાત્ર તો મારી પાસે હતું, ને તે પણ ક્યાં વપરાતું હતું ? તેથી આ માર્કેટમાંનાં બધાં શાહીનાં પાત્રોને જોઈને કેટલાંકને હાથમાં લઈ એમની સુંવાળપ અનુભવીને સંતોષ મેળવ્યો !

ત્યાંથી બસમાં બેસીને આગળ ગયાં કે તરત પરિસર નૈસર્ગિક થઈ ગયો. હળવો હળવો, મોકળો મોકળો. જુદા જુદા, રંગરંગીન ટુકડા જોડીને બનાવેલી જાજમથી જાણે ધરતી ઢંકાયેલી હતી. ડાંગરની તાજી ધરુથી લહેરાતાં ખેતરો, માછલી પકવવા માટે બનાવેલાં તરવરતાં પુકુરો; હવામાન અને તડકાથી બચાવવા માટે કંત્યાનથી ઢાંકી રાખેલા 'ટૅન્જરીન' સંતરાંના છોડ; રેશમના કીડાને પોષવા માટે ઉછેરાતાં 'મલ્બેરી' શેતૂરીનાં ઝાડવાં, અને પછી એક મોટું, છલોછલ સરોવર. આ 'લી લેક'ની નજીક, વુશિ શહેરની બહાર અમારી હોટેલ આવેલી હતી.

હોટેલ હુબિનના ઊંચા, પહોળા કોઈ બૉક્સ જેવી ઊભી દીવાલો ને આડી છતવાળા આકારમાં કશું સુંદર નહોતું. અંદર જતાં જ કેટલાક ફ્રેન્ડશિપ સ્ટોર્સ હતા - બધામાં વસ્તુઓ તો લગભગ એની એ જ વેચાતી હતી. એમની તરફ જોવામાં કદાચ થોડો રસ હજી હતો, પણ એ માટે સમય એથી પણ

ઓછો હતો. સૂવાના ઓરડા બીજે મળ્યા હતા એનાથી નાના હતા. એમાં ટેલિવિઝન તો શું, પણ રેડિયો ય ન હતો. ચીની પ્રથા મુજબ ચીની ચા હતી, પણ તે પડીકીના રૂપમાં. બીજી હોટેલોના ઓરડાઓમાં ઢાંકણાંવાળા મોટા કપ હતા, અને ચાની છૂટી પત્તીઓ એમાં પહેલેથી જ નાખેલી રહેતી.

છતાં ભોજન-ખંડ પાછા ખૂબ વિશાળ હતા. અમે જેમાં જમવા ગયાં તેની દીવાલો ઘેરા મરુન રંગના પડદાઓથી ઢંકાયેલી હતી. કદાચ એ શોભા ને શણગાર માટે હતા, ને કદાચ એમને ખોલી નાખતાં બે ખંડ જોડી શકાતા હોય એમ પણ બને. ખંડના પ્રવેશદ્વારની પાસે, ચીની શૈલીમાં ચીતરેલા મોટા આવરણ-પટ (સ્ક્રીન) હતા. સામેની તરફની, દૂરની દીવાલ પર એક બૃહત્પ્રમાણ ચિત્ર ફ્રેમ કરીને લટકાવવામાં આવ્યું હતું. આટલી કળા ભોજન-ખંડમાં હતી ખરી, અને એને લીધે નજર તરત ટેબલો પર કે જમનારાં પર જતી નહોતી એ ખરું, પણ ખંડ હતો જ એટલો મોટો કે તોયે ખાલી, ને સાદો, લાગતો હતો. પરંતુ, હંમેશ પ્રમાણે, બધાં ટેબલ પર ચોખ્ખી, ચમકતી સફેદ ચાદરો પાથરેલી હતી, ને બધી જ ગોઠવણી સુવ્યવસ્થિત હતી.

ભોજન-ખંડની વાત કરવામાં જેટલો સમય લીધો તેટલો પણ જમવા માટે અમને મળ્યો નહીં. ખૂબ ઉતાવળમાં જે ખવાયું તે ખાઈને અમને લઈ જવામાં આવ્યાં સ્થાનિક ઑપેરા જોવા. વુશિ ગામમાં નિસર્ગના સૌંદર્ય સિવાય બીજું કશું બહુ સરસ, જોવાલાયક, નહિ હોય કદાચ, પણ ત્યાંની પ્રજા કળા-પ્રેમી હશે એની નિશાનીઓ મળતી જતી હતી. ઉદાહરણ તરીકે આ ઑપેરા. વુશિમાં આ એક જ નહિ, પણ કુલ ત્રણ ઑપેરા કંપનીઓ હતી. ઑપેરાને ટૂંકમાં 'સંગીતમય નાટક' કહી શકાય. પણ નાટ્યતત્ત્વ કે કથાનક કરતાં ગાન અને સંગીતનું જ એમાં પ્રાધાન્ય હોય. ગાયકોના કૌશલ્ય પર જ આખા અનુષ્ઠાનના રસાસ્વાદનો આધાર. પુરુષ અને સ્ત્રી ગાયકો પોતપોતાના સ્વર-સ્થાનવાળા અવાજને કારણે વિભિન્ન નામ-પ્રકારથી ઓળખાય. જેમ કે, પુરુષોમાં 'બારિટોન' ને 'ટેનર' નામ હોય છે, અને સ્ત્રી-ગાયકો માટે 'સોપ્રાનો,' 'આલ્તો,' 'કોન્ત્રાલ્તો' જેવાં નામો વપરાય છે. પાશ્ચાત્ય ઑપેરા અને ચીની ઑપેરા વચ્ચેનો મુખ્ય તફાવત કથાનકની ભિન્નતાનો છે, અને અલબત્ત, શૈલીનો. બાકી, પ્રસ્તુતીકરણની રીતિ અને અનુષ્ઠાનનો આડંબરપૂર્ણ અભિગમ બંને પ્રકારનાં ઑપેરામાં સરખાં છે.

આખા દેશ - ચીન - માં સાડાત્રણસોથી પણ વધારે પ્રકારનાં ઑપેરા જોવા મળે છે. બારમીથી અઢારમી સદીઓની વચ્ચે આ કળા ખૂબ વિકસી. દેશના જુદા જુદા ઇલાકા અને મુલક પોતપોતાની બોલી અને પેટાભાષામાં સ્થાનિક ઑપેરા લખતા, ગાતા, ભજવતા. આમ કરતાં ચીનમાં લગભગ ૩,૩૦૦ કંપનીઓ જાણીતી થયેલી છે, અને સવાબે-અઢી લાખ જેટલાં લોકો એમાં કામ કરે છે. સ્થાનિક ઑપેરા વધુ ભાગે તે તે મુલકમાં જ લોકપ્રિય થઈને રહેતાં હોય છે, જ્યારે 'બેજિંગ ઑપેરા' ધીરે ધીરે કરીને એક વિશિષ્ટ સ્થાન પામ્યું. એની શરૂઆત બસો વર્ષ પહેલાં થઈ. ઓગણીસમી સદીમાં ચીની સમ્રાટોનો અનુગ્રહ મળતાં એ વધારે દૃઢ થયું. આજે તો બેજિંગ ઑપેરા વિશ્વ-વિખ્યાત છે.

અમે નાના શહેર વુશિમાં હતાં, ને ત્યાંનું સ્થાનિક, 'શ્યા જર્યાંગ' શૈલીમાં તૈયાર કરાયેલું ઑપેરા જોવા ગયાં હતાં. આ કંપનીની ખૂબી એ હતી કે એમાં કેવળ સ્ત્રીઓ જ હતી, અને સ્ત્રીઓ જ બધાં પાત્રો ભજવતી હતી. કેટલીક તો ખૂબ નાની દેખાતી હતી, સત્તર-અઢાર વર્ષની હોય તેવી. એ ઑપેરાનું નામ હતું 'પ્રાસાદના અંતઃપુરમાં ભાગ્ય-પરિવર્તન' કે એવા અર્થનું ! એની વાર્તા એક લીટીમાં કહેવાની હોય તો એમ કે એક માતાની તીવ્ર ઇચ્છા એની દીકરીને મહાસમ્રાટ સાથે પરણાવવાની હતી !

પડદો ખૂલતાં જે કાંઈ દેખાયું તે બધું વિસ્મય-વિભોર કરી દે તેવું હતું. મંચ-સજ્જાની પ્રત્યેક વસ્તુ - જાજમ, પડદા, ચિત્રો, શોભાનાં ઉપાદાનો - અત્યંત આકર્ષક હતી. જે બધું ફર્નિચર વપરાયેલું તે કથાને ઉપયુક્ત સમયની શૈલીનું હોય તેવું લાગ્યું. કથામાં જેમ દૃશ્ય બદલાતાં તેમ મંચની પશ્ચાદ્ભૂમાંના પડદા બદલાતા. દરેકે દરેક દૃશ્યને અનુરૂપ ને ચીની ચિત્રકળાની સિદ્ધિ સમાન હતા. આટલું પર્યાપ્ત ના હોય તેમ પાત્રોની વેશભૂષા આંખો આંજી દેતી હતી. ચીની રેશમ, રંગરંગના પોષાક ને ઉપર સોનેરી-રૂપેરી જરીનો ઝળહળહાટ. જેને અતિશય જાજ્વલ્યતા કહીએ તેવું.

જો દૃશ્ય-માધ્યમ આ પરાકાષ્ઠા પર સ્થિત હતું, તો શ્રાવ્ય ક્ષેત્રની કક્ષા કોઈ રીતે ઊતરતી નહોતી. ગાયન તેમજ અભિનય અનિંદ્ય તથા ઉચ્ચ કોટિનાં હતાં. પુરુષ-પાત્રો ભજવતી અદાકારો, ઘણી ખાતરીલાયક હતી. આ ઉપરાંત સંગીત, ચીની વાજિંત્રોના ધ્વનિ આપણા કાનને જુદા લાગે. ઘણાં પશ્ચિમીઓ પૂર્વીય (ચીની, જાપાની ઇત્યાદિ) સંગીત સહન પણ નથી કરી શકતાં, પણ સદ્ભાગ્યે મને એવી કોઈ તકલીફ નથી. મને તો બધા નાદ ને ધ્વનિ ગમે. હું આ ઑપેરાને સંપૂર્ણપણે માણી રહી હતી.

મારી સાથેનાં બીજાં પ્રવાસીઓ કંટાળતાં હતાં, ને લગભગ બધાં ઝોકાં ખાતાં હતાં. વળી, ઠંડી પણ ઘણી હતી. ચીનનાં નાટ્યગૃહોની અંદર 'હીટર'ની સગવડ હોતી નથી, ને કોઈ

(અનુસંધાન પૃ. ૬૧૫ પર)

✞ ગીત ✞ ગાતું ✞ કબ્રસ્તાન ✞

મુકુન્દ પટેલ

ચાલો, તમને એક અનોખા કબ્રસ્તાનમાં ફરવા લઈ જાઉં. પાછા આવીશું ત્યારે લાગશે કે ઘણાં માનવી મૃત્યુમાં પણ મજા માણે છે. આ કબ્રસ્તાન રુમાનિયાના એક ગામનું છે. આશરે પાંચ હજારની વસ્તીવાળા આ ગામનું નામ સંપીતા. રૂમાનિયાની ઉત્તરે ઘાટીલા પર્વતો વચ્ચે આવેલા આ ગામના એક ખૂણામાં ગીચ ઝાડી નીચે એ પથરાયેલું છે. દરેક કબરના માથે અનોખો પથ્થર હોવો અને એના ઉપર મૃતાત્માનો દુનિયાને કે કોઈ વ્યક્તિને આપવાનો છેલ્લો સંદેશો, ગદ્ય કે પદ્યમાં, હોવો જરૂરી. સંદેશવિહીન મૃતાત્મા માટે આ કબ્રસ્તાનમાં કોઈ જગા નથી. ચાલો તો હવે કબ્રસ્તાનનો મોટો આંટો મારીએ. આપણને કોઈ ઉતાવળ નથી.

અહીં મોટા વડ નીચે એક પુરુષની કબર છે. આ વટહુકમી કામધંધે ખેતમજૂર હોવો જોઈએ. એની કબરનો પથ્થર ગાય છે :

'ઓહ મારી પત્ની,
તું રોજ મારું ભાત લઈને,
દોડતી ખેતરે આવતી'તી.
પણ હવે...
અત્યારે જ અહીં આવ,
મારું ભાત લઈને દોડતી
આવ.'

એની પડોશમાં એક સ્ત્રી સૂતી છે. ડાર્વી એનું નામ. ગામની એ રંગીન સ્ત્રી ગણાતી. તેનો સંદેશ તેના વર માટે છે.

'મારી જિંદગીમાં મને ઘણા પુરુષો ગમ્યા છે. મને ખૂબસૂરત પુરુષો સાથે જમવાનો અને દારૂ પીવાનો શોખ હતો; પણ હે મારા કંથ, જ્યાં સુધી તું જીવે ત્યાં સુધી તારે તો મારું જ નામ જપવાનું છે, કારણ કે મારા જેવી પત્ની તને બીજી કોઈ નહીં જ મળે.'

ડાર્વીની બાજુમાં એક કસાઈની કબર છે. એની કબર ઉપર લખાણ છે : 'મેં ઘણાં ભૂંડ કાપ્યાં છે અને ઘણું માંસ ખાધું છે. મારે તો ઘરડા થવું હતું, પણ એ માંસે જ મને ૪૩ વર્ષની ઉંમરે મૃત્યુ ભેગો કર્યો છે.'

કસાઈનો પડોશી જંગલમાં લાકડાં કાપવાવાળો છે. તેનો સંદેશ છે : 'હું દારૂના ઘેનમાં હતો ત્યારે અકસ્માતનો ભોગ બનેલો. એક જંગી ઝાડનું થડ મારા ઉપર પડ્યું અને મને ખબર પણ ન પડી. જેઓ હજુ જીવે છે તેમને મારે કહેવાનું કે ધ્યાનથી જીવજો, અને મેં કરી એવી મૂર્ખાઈ ન કરતા.'

આપણે તો હજુ કબ્રસ્તાનની શરૂઆત જ કરી છે. ખેતી-પ્રધાન આ ગામના કબ્રસ્તાનમાં આશરે છસો કબરો છે. દરેક પોતાનો છેલ્લો સંદેશ આપે છે. ઘણાં છેલ્લી વાર દુનિયાને હસાવવાનો પ્રયત્ન કરે છે. ગામની વસ્તી ગરીબ અને સામ્યવાદી ખેતમજૂરોની છે. ઘરની અંદર બાથરૂમ પણ ન હોય. ગામમાં પાંચ જ ટ્રેક્ટરો. મોટા ભાગે હાથમજૂરી કરવાવાળી પ્રજા બહારની કે પરદેશી અસરથી અલિપ્ત રહેવા પ્રયત્ન કરે. ગામનો પાદરી આ પ્રજાને 'જડ પણ જુદી' તરીકે ઓળખાવે છે. દુનિયામાં ક્યાંય ન હોય તેવું કબ્રસ્તાન કરવાનું તેમને ગર્વ છે. કબરના પથ્થરો કોતરતા કારીગર પાત્રાસે ૧૯૩૨માં ગીત ગાતા પથ્થરો કોતરવાનો ધંધો શરૂ કરેલો. કબ્રસ્તાનમાં જેઓએ જગા લીધી હોય તેઓએ જાતે જ પોતાનું ગીત કે પદ્યસંદેશ લખવો તેવો પાત્રાસ આગ્રહ રાખતો. પણ ગામમાં અભણ ઝાઝાં, એટલે પાત્રાસ એમને મદદ કરતો. ઘણી વાર ઉમેદવારના કુટુંબ પાસેથી માહિતી કઢાવી સંદેશા કોતરતો, અથવા ઉમેદવાર આપેલા સંદેશને કોતરતાં પહેલાં મઠારતો. અવારનવાર એટલું બધું તો એ મઠારતો કે મૂળ સંદેશ જ બદલાઈ જાય. પણ ગામનાં લોકોએ કદી ફરિયાદ કરી નથી. વાંચતાં આવડે તો ફરિયાદ કરે ને!

સમય જતાં સંપીતાના આ અનોખા કબ્રસ્તાનની માહિતી આજુબાજુના પ્રદેશોમાં પણ પ્રસરી. પરદેશવાસીઓ, જેઓને હાસ્યમય સંદેશ મૂકીને આ ફાની દુનિયાની વિદાય લેવી હોય, તેઓ પણ અહીં દફનાવા માટે જગા ખરીદવા લાગ્યા. એટલે તો યુનાઇટેડનેશન્સે આ કબ્રસ્તાનને હવે 'દુનિયાની અનોખી જગા' તરીકે જાહેર કર્યું છે, કારણ કે આવું કબ્રસ્તાન દુનિયામાં બીજે ક્યાંય નથી.

તો હવે આપણે બાકીના કબ્રસ્તાનમાં ફરીએ. પેલાં કબૂતરો એકઠાં થઈ ગયાં છે તે કબર સ્ટીફનની છે. તેના પથ્થર ઉપર સ્ટીફનની છબી છે. છબીમાં પોતે દોસ્તો સાથે એક ટેબલ ઉપર પિકનિકમાં બેઠો છે અને કહે છે : 'મને મારા દોસ્તો સાથે સમય પસાર કરવાનો આનંદ હતો. તો હે જીવતા માનવીઓ, દોસ્તો સાથે મેં જેટલો આનંદ કર્યો છે એટલો તમે પણ કરજો. દોસ્તી એ જ જીવનનો આનંદ છે.'

સ્ટીફનની બાજુમાં ભરવાડ સૂતો છે. તેની વાત છેઃ 'હું તો એક મામૂલી ભરવાડ હતો. એક દુષ્ટ હંગેરિયને મને માથામાં ગોળી મારી ઠાર કર્યો. એનું નખ્ખોદ જાય.'

ભરવાડની બાજુમાં મરિયમ નામની સ્ત્રીએ લાંબી તાણી છે. તે કહે છે : 'બાજુના ગામથી આવેલી પેલી ટેક્સીને ક્યાંય પાર્ક કરવાની જગા ન મળી તે મારા ઘરની સામે જ પાર્ક

(અનુસંધાન પૃ. ૬૧૮ પર)

કુંકાવટી

સુસ્મિતાબહેન મ્હેડ, સ્વ.



અમદાવાદમાં ભોળાનાથ દિવેટિયાના સુપ્રસિદ્ધ નાગર પરિવારમાં સુસ્મિતાબહેનનો જન્મ ૧૯૧૯ના જૂનની ૧૯મી તારીખે થયેલો. ૧૯૩૯માં ગુજરાત કૉલેજમાંથી મુખ્ય ગુજરાતી અને ગૌણ અંગ્રેજી વિષયો સાથે મુંબઈ યુનિવર્સિટીની બી.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી અને હરગોવિંદદાસ કાંટાવાળા પારિતોષિક પ્રાપ્ત કર્યું તેમજ માતૃસંસ્થા ગુજરાત કૉલેજમાં દક્ષિણા ફેલો નિમાયાં. ૧૯૩૮માં પરાશર મ્હેડ સાથે લગ્નગ્રંથિથી જોડાયાં અને મુંબઈ યુનિવર્સિટીની વિશેષ પરવાનગીથી તેમણે નરસિંહરાવ દિવેટિયા પર સદ્‌ગત રામનારાયણ પાઠકના માર્ગદર્શન નીચે મહાનિબંધ તૈયાર કર્યો અને પીએચ.ડી.ની ઉપાધિ મેળવી, અને અમદાવાદમાં ભો.જે. સંશોધન-અધ્યયન મંદિરમાં ગુજરાતીનાં વ્યાખ્યાતા તરીકે જોડાયાં. ૧૯૫૨થી ૧૯૬૩ સુધી અમદાવાદની એલ.ડી. આર્ટ્સ કૉલેજમાં અને ૧૯૬૩થી ૧૯૭૭ સુધી નવગુજરાત આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીનાં અધ્યાપક તરીકે સેવાઓ આપી નિવૃત્ત થયાં.

નિવૃત્તિ બાદ પણ તેઓ જ્યોતિ સંઘ જેવી સામાજિક સંસ્થા સાથે સંકળાયેલાં રહ્યાં. વનિતા વિશ્રામ કન્યાશાળાના મંત્રી તરીકે તેમ જ રાવ બહાદુર રણછોડલાલ છોટાલાલ કન્યા વિદ્યાલયની સંચાલન સમિતિનાં સભ્યપદે સક્રિય રહી શિક્ષણક્ષેત્રે પણ પોતાના અનુભવનો લાભ આપ્યો. પોતાની અધ્યાપકીય કારકિર્દી દરમિયાન અવારનવાર અભ્યાસ લેખો લખતાં રહેલાં, જે 'અધિગમ' શીર્ષકથી ગ્રંથરૂપે ૧૯૭૩માં પ્રકટ થયા હતા. એમણે મૃદુલાબહેન સારાભાઈની જીવનકથા 'વૈતાલિક' નામે ૧૯૮૭માં તૈયાર કરી હતી તો વિકાસગૃહનાં સ્તંભ સમાં પુષ્પાબહેન મહેતાની જીવનકથા 'વડલાનાં વાવેતર' શીર્ષકથી ૧૯૯૦માં તૈયાર કરી હતી. આ ઉપરાંત ગુજરાતનાં સ્ત્રીરત્નોનાં લઘુચરિત્રો તેમણે 'જ્યોતિવિકાસ યાત્રા' ભાગ ૧-૨ (૧૯૭૧, ૧૯૭૮)માં પ્રકટ કર્યાં હતાં. ૧૯૮૫માં શારદાબહેન મહેતાની જીવનકથા 'વાત્સલ્યમૂર્તિ શારદાબહેન' નામે પ્રકટ કરી હતી. એમણે થોડાં રેડિયો નાટકો પણ લખ્યાં હતાં.

સુસ્મિતાબહેનમાં શૈક્ષણિક સજ્જતા, નાગરી સંસ્કારિતા, સુધારકસહજ નીડરતા હતાં. તેઓ મૃદુ અને મિતભાષી હતાં. ઓછું પણ અભ્યાસપૂર્ણ લખવું એ એમની લેખનવિભાવના હતી. તા. ૩૦-૯-૧૯૯૫ના રોજ થયેલા તેમના નિધનથી ગુજરાતનાં સક્રિય અને નિષ્ઠાવાન સ્ત્રીકાર્યકરોમાંના એકની ખોટ પડી છે !

તુલસીનો સૂપ અને શરબત

અંગ્રેજીમાં તુલસીને Basil કહેવામાં આવે છે. Basilના જાતજાતના ઉપયોગ કરે છે. જુદા જુદા સ્વાદ માટે જુદી જુદી વાનગીમાં તુલસીનો ઉપયોગ કરવામાં આવે છે. એમાંથી અહીં 'તુલસીનો સૂપ અને શરબત' બનાવવાની રીત આપું છું.

સામગ્રી : તુલસીનાં પાન - માંજર હોય તો એ પણ લેવાં ૧ ચાનો કપ

વરિયાળીનાં પાન અને સુવાનાં પાન બન્ને મળીને ૧ ચાનો કપ લેવો.

૧ લીંબુ, ૧ કટકી આદું, મરી-મીઠું જોઈએ એ પ્રમાણે. શરબત કરવું હોય તો બે ચમચા મધ લેવું.

રીત : ૨ કપ પાણી કુકરમાં મૂકી અંદર બધાં જ પાન અને આદું નાખીને બાફવા મૂકવાં. એક સીટી વાગે એટલે ગૅસ બંધ કરી દેવો. કુકર ઉપર પાણી નાખી તરત ઠંડું કરવું. પછી એ બધાંને મિક્સ્ચરમાં નાખીને એકરસ કરવું. પછી જોઈતા પ્રમાણમાં મીઠું + મરી + લીંબુ નાખવું. લીંબુ અને મધ નાખી ઠંડું કરીને પીવાના ઉપયોગમાં લેવું.

આ વાનગીમાં ફૂદીનો અને પીપર પણ નાખી શકાય. સૂપને ગરમ ગરમ બ્રેડ કે ભાખરી સાથે ખાઈ શકાય.

નોંધ : ઔષધ તરીકે શરદી, ઉધરસ કે માથાના દુખાવામાં રાહત આપે છે. તુલસીનાં પાન ચાવીને સવારે ખાવાથી ગળામાં રાહત થાય છે.

- તરલિકા આચાર્ય

ટોચની ૧૦ મહિલા ખેલાડીઓ

ડબ્લ્યુ. ટી. એ. મુજબ જુલાઈ ૯, ૧૯૯૫ સુધીમાં વર્લ્ડ રૅન્કિંગ પ્રમાણે નીચે પ્રમાણે ટોચની ૧૦ મહિલા ખેલાડીઓ આવે છે.

ક્રમ	નામ	પૉઈન્ટસ
૧.	સ્ટેફી ગ્રાફ	૩૮૬
૨.	એરાંક્ષા સાંચેઝ	૩૨૫
૩.	કોન્ચિતા માર્ટિનેઝ	૧૯૫
૪.	મેરી પિઅર્સ	૧૮૮
૫.	જાના નોવોત્ના	૧૮૫
૬.	કિમિકો ડેટ	૧૭૨
૭.	માગદાલેના માલિવા	૧૫૮
૮.	ગેબ્રિયેલા સાબાતીની	૧૫૧
૯.	લિન્ડસે ડેવનપોર્ટ	૧૪૩
૧૦.	એન્કી હ્યુબર	૧૧૨

ઈતિહાસધારા



સિરાજઉદ્દૌલા



મીર જાફર

બંગાળના નવાબ સિરાજઉદ્દૌલાના પલાશીના મેદાનમાં પરાજય સાથે ભારતમાં અંગ્રેજી હકૂમતનો પાયો નંખાયો. સિરાજ પ્રત્યેની તેના સેનાપતિ મીર જાફરની બેવફાઈએ તેમાં અગ્રભાગ ભજવેલો. પરંતુ સિરાજ સામેના કાવતરામાં તેની માસી ઘસીટી બેગમનો સક્રિય સાથ અને અઢળક નાણાંસહાય ન હોત તો અંગ્રેજોનું આ મુલ્કના હાકેમ બનવાનું સ્વપ્ન કદાપિ સિદ્ધ થવા ન પામત.

બંગાળના નવાબ અલીવર્દીખાનને ત્રણ પુત્રીઓ હતી – ઘસીટી, મૈમુના અને અમીના. સિરાજની મા અમીના, જેને અલીવર્દીખાને પોતાના મોટા ભાઈના પુત્ર ઝૈનુદ્દીન સાથે પરણાવેલી. આમાંની સૌથી દોલતમંદ ઘસીટી હતી અને સિરાજની દાનત પહેલેથી જ તેની એ દોલત પર મંડાયેલી હતી.

ઘસીટીનું નામ મેહરુન્નિશા ઘસીટીબેગમ ઉપરાંત છોટી બેગમ, મોતીઝીલની બેગમ વગેરે નામે પણ તે ઓળખાતી.

સિરાજના પિતા ઝૈનુદ્દીનની ઈ.સ. ૧૭૪૭માં અફઘાનોના હાથે હત્યા થયા પછી નવાબ અલીવર્દીખાને ઈ.સ. ૧૭૫૨માં સિરાજને પોતાનો ગાદીવારસ જાહેર કર્યો. સિરાજને પોતાની ગાદીના બે હરીફો લાગતા હતા. એક તો ઘસીટીબેગમે દત્તક લીધેલો સિરાજનો નાનો ભાઈ ફઝલ કૂલી અને બીજો એની બીજી માસી મૈમુનાનો પુત્ર શૌકતજંગ. સિરાજે અલીવર્દીખાનના અંતિમ દિવસોમાં જ ઘસીટીનો ખજાનો પડાવી લેવાની પેરવી કરતાં તે રાજવલ્લભ, મીર નઝીર વગેરે પોતાને વફાદાર અધિકારીઓને સાથે લઈ મોતીઝીલના કિલ્લામાં રહેવા ચાલી ગઈ અને ત્યાં શસ્ત્રાસ્ત્રોના મોટા ભંડાર સાથે ૨૦,૦૦૦નું સૈન્ય પણ ઊભું કર્યું. રાજવલ્લભને તો ઘસીટીની દોલતનો પત્તો ન આપવા બદલ સિરાજે એક વાર જેલમાં પણ પૂરી દીધેલો. નિઃસંતાન મરી ગયેલા ઘસીટીના પતિની ઢાકાની સૂબાગીરી વખતે રાજા રાજવલ્લભ તેનો વફાદાર દીવાન હતો. તે ઢાકાનો જ વતની અને ખૂબ વફાદાર હતો. અંગ્રેજોની હાસમબજારની કોઠી સંભાળતા વૉટસન સાથે તેનો સારો સંબંધ હતો.


ઈ.સ. ૧૭૫૬માં અલીવર્દીખાનના અવસાન સાથે જ સિરાજે પોતાને બંગાળનો નવાબ જાહેર કરી પહેલું જ કામ મોતીઝીલને ઘેરો ઘાલવાનું કર્યું. કિલ્લો સરોવરની વચ્ચોવચ્ચ હોઈને જમીનની એક સાંકડી પટ્ટી વડે જ તે કિનારા સાથે જોડાયેલો હતો. સિરાજે તે કિલ્લો અને ઘસીટીની બધી દોલત કબજે કરી લીધી. ઘસીટીએ આ પછી પોતે જમીનમાં દાટી રાખેલું બધું સોનું બહાર કાઢ્યું અને સિરાજ સામે કાવતરું ઘડી રહેલા મીર જાફર અને રાજવલ્લભને જઈ મળી અને કાવતરાને વેગ આપ્યો. એની સહાયે કાવતરું પાર પડ્યા પછી અંગ્રેજોએ બંગાળની ગાદીએ બેસાડેલ તેમના પૂતળા મીર જાફરે સિરાજની મા અમીના અને માસી ઘસીટીને ઢાકા મોકલી આપ્યાં, એમને ખત્મ કરી દેવાની સૂચના સાથે.

આ કામગીરી પાર પાડી પલાશીના યુદ્ધ પછી નાસતાફરતા સિરાજઉદ્દૌલાનું માથું ઉડાવી દેનાર મીર જાફરના પુત્ર મીરને. તેણે બંને બેગમો પાછી મુર્શીદાબાદ લઈ જવામાં આવે છે. એમ જણાવી હોડીમાં બેસાડી, અને હોડી બે માઈલ દૂર જતાં જ અમીના અને ઘસીટીને ઊંચકીને નદીમાં ફેંક દેવામાં આવી. પાણીમાં પડતાં બંને બેગમોએ હોડીને પકડી લેતાં તેમના હાથે લાકડીઓ ફટકારવામાં આવી, તેમ છતાં હાથ ન છોડતાં તેમના હાથ કાપી કાઢવામાં આવ્યા અને બંને નદીમાં ડૂબી જઈ મૃત્યુ પામી.

નરાધમ મીર પણ એ પછી એના પર વીજળી પડતાં મરણ પામ્યો.

— અશોક હર્ષ —

'કુમાર'ના ચાલુ ગ્રાહક એક નવા ગ્રાહક બનાવી આપે તેવો અનુરોધ છે.



સ્વશિક્ષિત છબીકાર

બકુલ કાપડિયા

છબીકાર



ધુમ્મસઘેરું પ્રભાત : પ્રભાતનું પહેલું કિરણ ધરતીને ચૂમે તે પહેલાં 'ધુમ્મસઘેરા પ્રભાતે' નીકળી પડેલા શ્રમજીવીઓ નૃત્ય કરતી નાળિયેરી સાથે કેવો તાલ મેળવે છે !

વ્યવસાયે વિજ્ઞાનના અધ્યાપક બકુલ કાપડિયા મુંબઈની ભવન્સ કૉલેજમાં રસાયણશાસ્ત્રના વિભાગમાંની પોતાની અધ્યાપકીય કારકિર્દીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ હાલ બીલીમોરામાં સ્થિર થયા છે. એમની સ્વૈચ્છિક નિવૃત્તિનું કારણ છે છબીકલાના શોખની એમની પ્રવૃત્તિનું ભારણ.

એમનો જન્મ બ્રહ્મક્ષત્રિય કુળમાં ૨૨મી મે ૧૯૪૫ના રોજ સૂરતમાં થયો હતો. એમ.એસસી. થયા પછી સતત પચીસ વર્ષ લગી અધ્યાપન કાર્ય કરતા રહ્યા. પરંતુ ૧૯૮૩થી એમને છબીકલાનો શોખ વળગ્યો. કોઈના પણ માર્ગદર્શન વગર એમણે એ વર્ષે આગ્ફા આયસોલી જેવા બૉક્ષ કૅમેરાથી પહેલો રોલ શરૂ કર્યો. ધીમે ધીમે પ્રાપ્ય પુસ્તકોના સહારે છબીકલાનો કસબ શીખવો શરૂ કર્યો. છબીકલા શીખવાની એમની પ્રબળ જિજ્ઞાસાએ એમને

વિસામો : સંધ્યાકાળે થાકીને વિસામો લેતા યુગલનું, કોઈ આલીશાન મકાનની બંધ બારીના દૂધિયા કાચમાંથી દેખાતું હોય તેવું આ દશ્ય સૅન્ડવિચ ટેક્‌નિકથી તૈયાર કરેલું 'ટેબલ ટૉપ' ફોટોગ્રાફીનું ઉદાહરણ છે.



અસવાર : કૅમેરાને ઇરાદાપૂર્વક ધીમી ગતિએ ચલાવી ગતિશીલતા દર્શાવતી 'મોટરબાઈક સવાર'ની આ છબીમાં કલાકારની અખૂટ ધીરજ અને અંતરસૂઝ દાદ માગી લે તેવાં છે.



એ રાહે પાવરધા કર્યા. આમ, કોઈ પણ ગુરુના માર્ગદર્શન વગર તેઓ સ્વસહારે આગળ વધેલા સ્વશિક્ષિત છબીકાર છે.

છબીકલાનો વિકાસ અને પ્રસાર થાય તેમાં તેમને ઊંડો રસ છે. નવી પેઢીને માર્ગદર્શન મળી રહે તે હેતુથી તેઓ વર્ષોવર્ષ ફોટોગ્રાફીની કાર્યશિબિરોનું આયોજન કરે છે. એમનામાંનો શિક્ષકજીવ આમ અન્ય ક્ષેત્રે સક્રિય રહ્યો છે. પોતાનું શેષ જીવન છબીકલાના ઉત્કર્ષમાં જ ગાળવું એવો એમનો સંકલ્પ છે.

એમણે રાષ્ટ્રિય તેમજ આંતરરાષ્ટ્રિય સ્તરે યોજાતી ફોટોગ્રાફીની સ્પર્ધાઓમાં સર્જનાત્મક, પ્રકૃતિ, જર્નાલિઝમ, ફોટો ટ્રાવેલ જેવા વિભાગોમાં પોતાની કૃતિઓ રજૂ કરી પારિતોષિકો પ્રાપ્ત કર્યાં છે. આ ઉદ્યમી છબીકારે ૬૦૦થી વધુ પ્રદર્શનોમાં સફળતાપૂર્વક ભાગ લીધો છે. એમની ૧૨૦૦ થી વધુ તસવીરો સ્પર્ધાત્મક કક્ષાએ સ્વીકૃતિ પામી પ્રદર્શિત થઈ છે. એમને નાનાં મોટાં થઈને ૩૦૦થી વધુ પારિતોષિકો અને ચન્દ્રકો પ્રાપ્ત થયાં છે.


ઇંગ્લન્ડની રોયલ ફોટોગ્રાફિક સોસાયટીએ કલર સ્લાઈડ વિભાગના માનદ સભ્ય બનાવી બકુલભાઈને નવાજ્યા છે. આ સન્માન પ્રાપ્ત કરનાર તેઓ ત્રીજા ભારતીય છબીકાર છે. ફોટોગ્રાફિક સોસાયટી ઑફ અમેરિકાએ 'ફોર સ્ટાર પ્રદર્શક'નું બિરુદ આપી એમને સન્માનિત કર્યા છે. આ બિરુદ મેળવનાર તેઓ ભારતના અદ્વિતીય પ્રદર્શક છે. મૉન્ટેજિંગ, સૅન્ડવિચ, સુપર-એમ્પોઝિંગ, મલ્ટિપલ પ્રિન્ટિંગ જેવી ડાર્કરૂપ ટેક્‌નિકના એઓ એક અચ્છા કસબી છે. મુંબઈના 'બૉમ્બે ક્રિએટિવ ફોટોગ્રાફર્સ એસોસીએશન'ના તેઓ માનદમંત્રી છે અને આ સંસ્થા દ્વારા છેલ્લાં આઠ વર્ષોથી તેઓ આંતરરાષ્ટ્રિય સ્લાઈડ સ્પર્ધા અને પ્રદર્શનનું આયોજન કરે છે. છબીકલાની વિવિધ ટેક્‌નિકનો સમુચિત ઉપયોગ કરી સુભગ પરિણામો નિપજાવનાર બકુલભાઈ સ્વભાવે અંતરમુખી, શિસ્તપ્રિય અને હળવા હૈયાના માનવી છે. અહીં એમના કલાકસબને અભિવ્યક્ત કરતી કેટલીક તસવીરો રજૂ કરી છે તે જરૂર આસ્વાદ્ય બની રહેશે.

- નાથુભાઈ ન. મિસ્ત્રી

અમૂર્ત મૃત્યુ : ઝુમ લેન્સના ઉપકરણથી, રાજમાર્ગ પર પડેલી મૃત ગાયને કેન્દ્રમાં રાખી, ખુલ્લી લેન્સ બારીએ જ ઝુમ લેન્સ આગળપાછળ કરી, કુનેહપૂર્વક એક અનોખી 'ઍબસ્ટ્રેક્ટ' કૃતિનું નિર્માણ કર્યું છે.



લાગ્યો દવ ધરતી પર : શ્વેત અને શ્યામ ફિલ્મની ત્રણ નેગેટિવને લીથ ફિલ્મના સહારે એક ઉપર એક છાપી છબીકારે જાણે વેરાન ધરતી પર મૂળમાં રંગીન આ છબી દ્વારા દવ લાગ્યાનો આભાસ ઉત્પન્ન કર્યો છે.



'કુમાર'નું નવું પ્રકાશન : 'પ્રસંગપરાગ'

વર્ષોથી 'કુમાર'ના છેલ્લા પાને જીવનપ્રેરક કોઈ પ્રસંગ અપાય છે. આવા પ્રસંગોમાંથી ચૂંટેલા અઠ્યાસી પ્રસંગોની એક પુસ્તિકા 'કુમાર' દ્વારા પ્રગટ થઈ છે તે 'પ્રસંગપરાગ' નૅચરલ શેઈડના ભારે કાગળ પર, કમ્પ્યૂટર કમ્પોઝ અને ઑફસેટ મુદ્રણના ૧/૩૨ કદનાં ૯૨ પૃષ્ઠોમાં, પાકી અમેરિકન બંધાઈમાં તૈયાર થઈ છે. જોતાં જ ગમી જાય તેવી આ પુસ્તિકા લગ્ન, જન્મદિન, સ્મૃતિદિન આદિ વિશિષ્ટ પ્રસંગોએ આદર્શ ભેટ રૂપે આપી શકાય તેવી છે.

આ પુસ્તિકાની કિંમત માત્ર રૂ. ૧૫ છે, રવાનગી ખર્ચ રૂ. ૧. એકસાથે ૧૦ પુસ્તિકા મંગાવનારને માટે રૂ. ૧૩૦/- રવાનગી ખર્ચ માફ. પુસ્તિકાઓ મર્યાદિત સંખ્યામાં હોવાથી વહેલા તે પહેલા એ ધોરણે અપાશે.

રામની વીંટી

કનુભાઈ જાની

વાલ્મીકિ રામકથા સમેટી લે છે કઈ રીતે? આરંભે જેમ નારદ-બ્રહ્મા વાલ્મીકિને કથા સંભળાવી જાય છે તેમ અંતે, રામનું અવતારકૃત્ય - દૈત્યનાશનું, એકવચનીપણાનું, એક પત્નીવ્રતનું, સત્યપાલનનું, માનવીય ઉચ્ચ-આદર્શોના નમૂનારૂપ વર્તનનું – પૂરું થયાનું, અને તેથી

'અમ સંગે અહીં પાછા આવવાનો સમો થયો'

('કાલોઽયં તે નરશ્રેષ્ઠ, સમીપમુપવર્તિતમ્')

એ કહેવા ખુદ કાલદેવતાને બ્રહ્માજી મોકલે છે – બે શરતો સાથે :

(૧) આ વાત રામને એકલાને એકાન્તમાં જ કહેવી; અને

(૨) આ દરમ્યાન જો કોઈ આવી ચડે તો રામ એને હણે. (ઉત્તરકાંડ, સર્ગો ૧૦૩થી ૧૦૬). રામ બન્ને શરતો મંજૂર રાખે છે. સૌને બહાર કાઢે છે. લક્ષ્મણને કડક સૂચના સાથે બહાર દ્વાર પર ચોકી પર મૂકે છે. પણ, આ તો વિધિના ખેલ! - એ જ વખતે દુર્વાસા આવી ચડે છે! મહાક્રોધી. તેમાં પાછા ઉપવાસી છે. એમને રોકતાં, એ તો શાપથી બધું ભસ્મીભૂત કરવા તૈયાર થયા! ત્યારે, પોતે હણાય છતાં બીજા તો બચશે એ ગણતરીથી, લક્ષ્મણ અંદર રામ પાસે ધસી જાય છે. કાલદેવતાની વાત તો પૂરી થઈ છે. એટલે દુર્વાસાને રામ અંદર બોલાવી, એમને અહીં ઉપવાસ છોડવા છે તે જાણી, ખુશીથી પ્રેમાદરથી પારણાં કરાવે છે. એટલે એ તો વિદાય થાય; પણ પોતે, કાળદેવતાને આપેલ વચન મુજબ તો, હવે લક્ષ્મણને હણવો રહ્યો! હવે? વાત જાણતાં, લક્ષ્મણ તો આગ્રહ કરે છે : 'પ્રતિજ્ઞાં પરિપાલય', 'ધર્મં વર્ધય રાઘવ!' પ્રતિજ્ઞા પાળો, ને ધર્મમાં વધારો કરો જ. પણ, બધું પોતાના તપોબળથી જાણનાર વસિષ્ઠ આગ્રહ કરે છે : 'લક્ષ્મણનો ત્યાગ કરો.' રામને પણ લાગે છે કે, સાધુપુરુષ કોઈનો ત્યાગ કરે તો એ વધ કર્યા બરાબર જ છે. ('ત્યાગો વધો વા વિહિતઃ સાધૂનાં હ્યુભયં સમમ્'.) લક્ષ્મણનો ત્યાગ રામ કરે છે. લક્ષ્મણ રામ વિના જીવી શકે? એ સરયૂતટે જઈ, શ્વાસ રૂંધી, દેહ છોડે છે! કે તરત જ રામ કહે છે :

'હું યે આ હમણાં ચાલ્યો લક્ષ્મણે જ્યાં ગતિ કરી.'

લવકુશને રાજ્ય ભળાવ્યું. ભરત-શત્રુઘ્નના પ્રેમાગ્રહે - ને એમ અન્ય જેને આવવું'તું એ સૌને સાથે લીધાં, અને વિધિપૂર્વક મહાપ્રસ્થાન કર્યું :

'નિર્જગામ્ ગૃહાત્ તસ્માદ્ દીપ્યમાનો યથાંશુમાન્'

જાણે સૂરજે એનું ઘર છોડ્યું! સરયૂના પ્રવાહમાં રામ ભળી ગયા!

'સરયૂસલિલં રામઃ પદ્ભ્યાં સમુપચક્રમે.'

અને પાછળપાછળ આવેલ સૌ પણ હર્ષાશ્રુપૂર્ણનયને સરયૂમાં ડૂબકી દેવા લાગ્યાં :

'ભેજિરે સરયૂ સર્વે હર્ષપૂર્ણાશ્રુવિક્લવા.'

કથા જાણે સરયૂ! કે સરયૂ (જીવન) તે જ કથા? સરયૂતટે ક્રૌંચવધથી આરંભાયેલી કથા, સરયૂમાં રામ સમાયે પૂરી થઈ! પણ આ તો માત્ર એક જ મુખની – વાલ્મીકિમુખની કથા. પરંતુ ભારતમાં તો એની અનેક ભાષાઓમાં, આ કથા અનેક-અગણિત મુખે હજારો વર્ષથી વહેતી આવી છે! એ વાલ્મીકિની કથાની સરયૂના બે કાંઠાની આમન્યા થોડી રાખે? જેવું લોક એવી વાત!

આ અંતનીયે એવી એક વાત લોક કહે છે :

રામ એકલા સિંહાસને બેઠા છે ને પગ પાસે હનુમાનજી! મન જાણે ભૂતકાળને વાગોળે છે : રાવણ સાથેનું યુદ્ધ, દૈત્યોનું દમન, સીતાની પ્રાપ્તિ... ને સીતાનું ધરતીમાં સમાવું! બધું યાદ આવતાં, ઘોર એકલતા વીંટળાઈ વળી છે. શરીર લેવાઈ ગયું છે... ત્યાં આંગળીએથી વીંટી સટાક્ કરતીને સરી પડી, ને પડી તો પડી પણ ખટાક્ કરતું જમીનમાં કાણું પાડતીકને, મહીં ગાયબ! આ એ જ વીંટી જે સીતાની યાદ આપતી! રામનું તો મોં પડી ગયું. હનુમાનજીની સામું જોયું.

'લઈ આવું?'

'કેવી રીતે?'

'સૂક્ષ્મ રૂપ લઈને...'

'ભલે! જા...!'

આ તો હનુમાનજી! રાવણના દરબારમાં પૂંછડાનું મોટું, રાવણના સિંહાસનથીયે ઊંચું, સિંહાસન કરીને બેઠો'તો, એ! આખી લંકા બાળી'તી ને દરિયો તરી ગ્યો'તો એ; પહાડ ઊંચકી લાવ્યો'તો, એ! એને શું અશક્ય. દર જેવડું પોલું કાણું; એમાં એ તો પેઠો...ને ગાયબ! થોડી વાર થઈ ત્યાં લક્ષ્મણજી આવ્યા. કહે, 'બહાર વસિષ્ઠજી ને બ્રહ્માજી પધાર્યા છે.'

'તે, બહાર રખાય? પૂરા સન્માન સાથે મહીં દોરી લાવો.'

લક્ષ્મણ તો બન્નેનો આદરસત્કાર કરી, અંદર લઈ આવ્યો. અર્ઘ્ય ધર્યાં. કુશળ પૂછ્યા. પાયે પડ્યા. બેસાડ્યા. કહે, 'બોલો મહારાજ! શી આજ્ઞા છે? કેમ પધારવું થયું?' કહે, 'આવ્યા છીએ તો ખાસ આપને માટે જ. પણ...' બ્રહ્મા કહે, 'એ વાત તો અમારે તમને એકલાને જ કરવાની છે.' વસિષ્ઠજીએ ઉમેર્યું, 'તદ્દન એકાન્તમાં ને આપણા ત્રણ સિવાયકોઈ જ ન હોય ત્યારે.' 'ભલે.' પછી બ્રહ્મા કહે, 'બીજી એક શરત છે.' 'બોલો.' 'અમે હોઈએ ત્યારે જો કોઈ આપણી વચ્ચે આવી ચડે તો એનો તમારે વધ

કરવો.' 'બેય શરતો કબૂલ.' રામે વચન આપ્યું. અને લક્ષ્મણને તો રામે બહાર બારણે ચોકી કરવા મોકલ્યો. કોઈ કરતાં કોઈને મહીં નહિ આવવા દેવાની કડક આજ્ઞા આપી. લક્ષ્મણ બહાર ગયા.

વાત તો નાનીઅમથી હતી, પણ હતી અગત્યની : 'આપનું અવતારકૃત્ય પૂરું થયું છે. હવે સ્વસ્થાને સિધાવો.'

પણ આ નાની વાત માંડ પૂરી થઈ ન થઈ ત્યાં તો બહાર કોઈ બરાડા પાડતું હતું. વાત એમ હતી કે જેવા લક્ષ્મણ બહાર ઊભા કે ઋષિ દુર્વાસા પધાર્યા! ક્રોધમૂર્તિ! કહે, 'મારે રામને મળવું છે અત્તર ઘડી!' લક્ષ્મણ કહે, 'પણ એ જરૂરી મંત્રણામાં છે; હમણાં થોડી વારમાં જ, હું જઈને ખબર આપું છું.' પણ દુર્વાસા જેનું નામ! માને એ જ બીજા! 'મારે તો હાલ ને હાલ મળવું છે! તું રોકનાર મને કોણ? હમણાં શાપ આપીશને તો આ નગર ને રાજબાજ બધું ખેદાનમેદાન થઈ જશે!...' ઋષિનો ક્રોધ જોતાં ને એમનો સ્વભાવ જોતાં, શાપ આપતાં અચકાશે નહિ, ને બધું નાશ પામે એ કરતાં હું એક છો હણાઉં - એવો વિચાર કરીને, લક્ષ્મણ તો દોડીને અંદર ગયો. પેલાઓની વાત તો પતી ગઈ હતી, ને એ તો ગયા. રામને કહે, 'બહાર દુર્વાસાજી પધાર્યા છે...' 'માનપાન સાથે મહીં લઈ આવો.' લાવ્યા. એ ય સત્કાર પામ્યા, ને ગયા.

ત્યારે લક્ષ્મણ કહે, 'હવે મારો શિરચ્છેદ કરો.'

'કેમ?'

'તમે બ્રહ્માજીને વચન આપ્યું છે. તમારા વચનની કિંમત છે.'

'પણ....'

'પણ ને બણ. તમે ધર્મને ખાતર તો અવતાર લીધો છે. લોક શુ કહેશે? કે ભાઈની વાત આવી એટલે વચનને વહેતું મૂક્યું. એ ન ચાલે.'

એણે તો બરાબરની રઢ લીધી. કહે, 'ધર્મને ખાતર તમે સીતાજી જેવાં સીતાજીને બે વાર હેરાન કર્યાં. એક વાર તપાવ્યાં ને બીજી વાર વનમાં ધકેલ્યાં. એ ભૂલી ગયા? આ મોહ કેવો? મને મારા આ કૃત્યની સજા થવી જ જોઈએ. તમે ન કરો તો, લો, હું આ ચાલ્યો!' કહીને એમણે તો ચાલતી પકડી. એ તો હતા શેષાવતાર પોતે. સરયૂમાં પાછા શેષરૂપે સમાઈ ગયા.

હવે પેલી બાજુ હનુમાનજીનું શું થયું? જેવા દરમાં ગયા કે નીચે પડતા જ ગયા, પડતા જ ગયા! ઊંડે ને ઊંડે, ઊંડે ને ઊંડે. ધડાક્ કરતા એ તો પાતાળમાં જતાકને પછડાયા! ત્યાં તો ભૂતણીઓ ફરી વળી! 'લો, આ તો નાનકડું વાંદરું! આ જ તો આપણા રાજાને શાક ભેગું આ અથાણુંય ભચડવા મળશે!' એ ભૂતણીઓ ભૂતનાથ માટે જમણનો થાળ તૈયાર કરતી હતી. જાતજાતની વાનગીઓ ને શાકપાનથી ખીચોખીચ ભરેલા એ મોટા થાળમાં જગા કરીને હનુમાનજીને ય બેસાડ્યા!

થાળમાં બેઠા બેઠા હનુમાનજી વિચાર કરે છે કે હવે? જે થાય તે ખરું! રામ રામ રામ રટ્યા કરવું! ભૂતણીઓ તો થાળ લઈને પહોંચી ભૂતનાથ પાસે. ભૂતનાથે આને જોયો. આશ્ચર્ય સાથે પૂછ્યું : 'આ શું?' ભૂતણીઓ કહે : 'શી ખબર! આ વાંદરું ઉપરથી પડ્યું!' પૂછ્યું : 'અલ્યા! તું ક્યાંથી? કોણ છો?'

'હનુમાન.'

'કેવા માન? હનુ-માન?' ભૂત તો ભેંકાર રીતે હસી પડ્યો. 'કેમ અહીં આવ્યા છો ભૈ? કે પછી વાનરવેડા?' એને જરા દયા પણ આવી. આ તોફાનમસ્તીમાં જ પડી ગયો હશે, એમ લાગ્યું. 'અલ્યા, તને ખબર છે? અમને માણસ ને વાંદરાં બહુ ભાવે! ભચડ ભચડ કરડી ખાઈશ, હા! કેમ અહીં આવ્યો?' 'હું તો મારા રામની વીંટી પડી ગઈ છે તે લેવા આવ્યો છું.'

ભૂતનાથ પાછો હસી પડ્યો. 'વીં...ટી...!?' કહીને પાછો કહે, 'આમ આવ મારી સાથે. બતાવું.' કહીને એ તો એને એક મોટા તાછ આગળ લઈ ગયા. મહીં હજારો વીંટીઓ! બધી યે રામની! કહે, 'જો જોઈ! આમાં તારા રામની કઈ વીંટી છે?' 'આમાંથી તો કળવું મુશ્કેલ છે. આ તો બધીયે સરખી છે!' હનુમાનજી ખરેખર મૂંઝાયા. એકેએક વીંટી રામની જ હતી; ને વીંટીઓનો પાર નહોતો! હનુમાન વિસ્ફારિત નેત્રે વીંટીઓ જોઈ રહ્યો'તો ત્યાં ભૂતનાથ કહે, 'જો, મારા ભૈ! આમાં જેટલી વીંટી છે ને, એટલા રામ થઈ ગયા! સમજ્યો? દરેક અવતાર પૂરો થાય એટલે વીંટી અહીં પડે; અને મારે - ભૂતભૈએ - એ સાચવવાની. સમજ્યો? તારા રામનો અવતાર પણ પૂરો થઈ ગયો છે. હવે જા પાછો. તું ત્યાં પહોંચીશ ને, ત્યારે ત્યાં નહિ હોય તારા રામ કે નહિ હોય એનાં હગાં-વા'લાં! સમજ્યો? જા, જવા દઉં છું. મારે તો અહીં આ પાતાળલોકમાં, બધાની વીંટીઓ સાચવવાની છે! જાવ! થાવ વિદાય!'

(નોંધ : આ લોકકથામાંના ઉપલક અર્થોની પાછળ ઊંડાં રહસ્યો છે. વાલ્મીકિ કાળદેવતાની વાત કરે છે ત્યાં લોક ભૂતની! 'ભૂત' પણ કાળવાચક જ છે ને? અહીં અસંખ્ય રામની વાત છે; સહસ્ર શીર્ષ: પુરુષ:! દરેક પ્રજાને, જાતિને એની આગવી જ - ને સંકુલ 'રામાયણ'! એ જ તો આપણું વ્યવહારાવલોકન છે! 'સરયૂ' જાણે જીવનનું પ્રતીક છે. નદી તો વહ્યાં જ કરે છે, જીવનપ્રવાહ પણ એમ જ અસ્ખલિત વહ્યા કરે છે, લોક આવે ને જાય. ઈશ્વર જો અવતાર લે તો એનેય મૃત્યુ કે કાળદેવતાની અવધિ તો માનવી જ પડે. સૌને કાંઈક અવતારકૃત્ય હોય ને એ જ જીવન; એ જ એમની કથા; એ જ એમની અલગ પિછાણ; એ જ identity, અભિજ્ઞાન. મૃત્યુ સાથે એ અભિજ્ઞાન અળપાઈ જાય. પછી વળી અલગ વીંટી કેવી ? લોકકલ્પના પણ કેવી ધ્વનિપૂર્ણ છે!) □

અતીતમાં

અવગાહન

તારુણ્યની તકલીફો

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

તરુણો જ્યારે સોહામણા દેખાવ માટે ઝંખતા હોય છે ત્યારે જ ખીલ તેમના ચહેરાના સૌંદર્યને બગાડવા માંડે છે ! તરુણાવસ્થા વીત્યા બાદ ખીલ તો નથી થતા, પણ અગાઉ તે થઈ ગયાની નિશાનીઓ ચહેરા પર રહી ગઈ હોય છે. ખીલ દ્વારા ચહેરાનું સૌંદર્ય બગડવાથી તરુણને સમાજમાં હળતાંભળતાં સંકોચ થાય છે અને તરછોડાએલો ને એકાકી બની ગયા જેવું વર્તન દાખવે છે.

ખીલ એ કંઈ માત્ર ચામડી ઉપરની પીડા નથી, પણ જિંદગીના પરિવર્તનકાળે ચામડીથી યે ઊંડે શરીરની અંદર થતા જટિલ રાસાયણિક ફેરફારોનું એ પરિણામ છે. તરુણ વયે કન્યા અને કિશોરને સ્ત્રી અને પુરુષમાં જાતીય સ્રાવોની કામચલાઉ અસર નીચે ચામડીમાં વાળનાં મૂળ પાસે આવેલી, ચહેરા, છાતી અને બરડાની મેદસ્વી ગ્રંથિઓના સ્રાવથી ચામડીનાં પડ અને વાળનું સ્નેહાંજન થાય છે, જેનાથી એ બંને રેશમ જેવાં સુંવાળાં ને ફૂલપાંદડી જેવાં મુલાયમ બની તરુણ-તરુણીને કાંતિ અને લાવણ્ય આપે છે. પણ મેદસ્વી ગ્રંથિઓનો વધુકો સ્રાવ ચામડીના મૃત કોષો સાથે ભળીને સુકાવાથી ચામડીનાં છિદ્રો બંધ થઈ, વાળની નલિકાઓમાં તે સુકાઈને જવ આકારના બીજ રૂપે એકઠો થવાથી મેદસ્વી ગ્રંથિઓ પણ બંધ થાય છે. રાસાયણિક પ્રક્રિયાના કારણે એ બીજની ઉપરની ચામડીનો ભાગ કાળો દેખાય છે તેથી એને અંગ્રેજીમાં 'બ્લૅક હેડ' કહે છે. ખીલની આ શરૂઆત છે.

ચામડીનાં છિદ્રો પુરાવાથી ચામડી પરના જીવાણુઓ પણ અંદર પુરાય છે. આ જીવાણુઓનો ચેપ લાગવાથી ચામડી ઉપર ફૂણસીઓ અને ફોલ્લી થાય છે. ચીકણી ચામડીમાં બ્લૅક હેડ વધારે થાય છે ને જો તેની બરાબર દરકાર ન લેવાય તો ખીલ (એકની વલ્ગારિસ) થાય છે. ખીલ ચહેરા ઉપરાંત ગરદન, ખભા, છાતીને વાંસા ઉપર પણ થાય છે.

ખીલ એ તારુણ્યની એક બાહ્ય' નિશાની છે. આથી તો આયુર્વેદમાં તેને 'તારુણ્ય પીટિકા' જેવું સૂચક નામ આપ્યું છે. કન્યા કરતાં કિશોરને તે વધુ થાય છે. ચહેરાની સુંવાળી ચામડી પર ઊપસતી ફોડકીઓને હટાવવા તરુણ તેને ચપટીમાં દાબે કે નખ વતી ખોતરે છે. દર્પણ સામે ઊભા રહી સોય વતી ટોચે છે. આમાં ચામડી પરના જીવાણુઓના સ્રાવ પાછળનાં સ્ટેફિલોકોકાઈ જીવાણુઓની ક્રિયા થવાથી ફૂણસી ગૂમડાનું રૂપ પકડે છે, જે ફૂટવાથી ચામડી પર ઘા અને ખાડા પડે છે. ખીલ ચૂંટવા એ ખોટો ને ઉગ્ર ઉપચાર છે. એથી ગાલ પર તેનાં નિશાન રહી જાય છે.

ખીલ નિવારવાનો અને મટાડવાનો સરળ ઉપચાર સ્વચ્છતાનો છે. સાબુ અને પાણી વતી ચહેરાની ચોખ્ખાઈ રાખવાની છે. દાક્તરની સલાહ હોય તો ખાસ સાબુ વાપરવો, બાકી નાહવાનો સામાન્ય સાબુ પૂરતો છે. ગરમ પાણીમાં સાબુનું ફીણ બનાવી, ચહેરા ઉપર પાંચદસ મિનિટ સુધી હળવું માલિશ કરી, ઠંડા પાણીથી ધોઈ નાખી, સુંવાળા ટુવાલથી કોરું કરવું. આથી બ્લૅક હેડ પોચા પડે છે, વધારાની ચીકાશ હઠે છે ને ચામડીનાં છિદ્રો ખુલ્લાં થઈ બી બહાર નીકળી જાય છે. આપમેળે ખરીદેલાં ક્રીમ, મલમ કે લોશનથી ચામડી તતડી ઊઠે છે. જો કોઈ દવા લગાડવી હોય તો દિવસમાં બેત્રણ વાર સાબુ ને પાણી વતી મોઢું ધોયા બાદ ઑલિવ ઑઈલમાં ઝિંક ઑક્સાઈડ ચાર ભાગ, સેલિસિલિક ઍસિડ બે ભાગ, સલ્ફર (ગંધક) બે ભાગ અને બે ભાગ કેલેમાઈનનો બનાવેલો પેસ્ટ લગાડવો. ઔષધમાં 'વિટામિન એ' ને 'વિટામિન સી'નાં ઇન્જેક્શનો લઈ શકાય. ખીલની શરૂઆતમાં રોજ 'વિટામિન સી'ની પાંચસો મિલિગ્રામની ત્રણ ગોળી પંદરેક દિવસ લેવાથી ફાયદો થાય છે. ન મટે એવા ખીલ માટે અલ્ટ્રા વાયોલેટ કિરણોનો શેક અપાય છે. ખીલના ખાડાખૈયા માટે 'ડર્મોએબ્રેજન' કે 'સેન્ડપેપર સર્જરી' નામની શસ્ત્રક્રિયા દ્વારા ચહેરાની ચામડી ઘસી નાખી સુંવાળી અને એકસરખી બનાવાય છે.

ખીલને અંકુશમાં રાખવા માટે ખોરાકનું પથ્ય પાળવું પણ જરૂરી છે. ખોરાકમાં કાર્બોહાઈડ્રેટ પદાર્થો (ખાસ કરીને ખાંડ-ગોળ) ઓછા કરવા. સાથે અજીર્ણ ટાળવા તળેલા ખોરાક પણ ત્યજવા જોઈએ. ચરબી અને ગળપણથી ખીલમાં વધારો થાય છે, માટે ચૉકલેટ, કોકો, પનીર, ક્રીમપેસ્ટ્રી, મગફળી વગેરે ખાવા પર અંકુશ રાખવો. ખાટાં ફળ અને લીલોતરી શાકભાજી ખાઈ બંધકોશ નિવારવો. ઋતુસ્રાવની અનિયમિતતા હોય તો તે ઔષધોપચારથી સુધારવાની છે. કોઈક કિસ્સામાં ચિંતાફિકર પણ ખીલમાં વધારો કરનારાં બને છે. સૌંદર્ય માટે ચિંતાતુર યુવતીઓને ટ્રાન્ક્વીલાઈઝર કે શામક ઔષધો આવશ્યક છે. નાક, ગળા કે દાંતના ચેપથી ખીલની પીડા બલવત્તર થવા સાથે જાશુકની બને છે અને એ ચેપની નાબૂદી સાથે ખીલ પણ મટે છે.

આમ, ચામડીની માવજત સાથે સમતોલ આહાર, ખુલ્લામાં કસરત અને પૂરતી ઊંઘથી ખીલની સ્થિતિમાં સુધારો થાય છે. તંદુરસ્ત શરીરમાં ચામડીની અનારોગ્યતા રહી શકતી નથી. અંગકાંતિને બગાડનાર ખીલ એ તરુણ વયની સામાન્ય સમસ્યા છે. તેના તરફ દુર્લક્ષ રાખવાથી ચામડી ઉપરાંત મન પર ભારણ રહ્યા કરે છે. પણ સાદી સારવાર ને ચોખ્ખાઈની

ચીવટથી સૌંદર્યને બગડતું અટકાવી શકાય છે. પંદર-સોળ વર્ષની વયથી થવા માંડતા ખીલ ઓગણીસ-વીસ વર્ષની વયે શરીરની અંદરના રાસાયણિક ફેરફારો ચામડીને સાનુકૂળ નીવડવાથી બંધ પડે છે.

ચહેરાના સૌંદર્યનાં બીજાં બે અંગ માથાના વાળ ને દાંત છે. જોકે વાળ લાંબા કે ટૂંકા રાખવાની વિવિધ ફેશનો છે, પણ જો તેને બરાબર જાળવવામાં ન આવે તો કોકને માથામાં ખોડો થાય છે. આમ તો દરેકને ઓછેવત્તો ખોડો થાય છે જ. ખોપરીની ચામડીનું ઉપલું ખરતું પડ તે ખોડો. તેની સૂકી પોપડીઓ ગરદન અને ખભા પર ખરે છે. માથાની ચામડીની મેદસ્વી ગ્રંથિઓના બગાડાથી પુષ્કળ ખોડો થઈ ખજવાળ અને તેના કારણે સોજો પણ આવે ત્યારે દાક્તરી સલાહ લેવી આવશ્યક છે.

સાધારણ રીતે રોજ થોડા વાળ ખરે એ સામાન્ય છે, પણ જો વધુ પડતા ખરીને ચોટલો પાતળો બનવા લાગે તો ચિંતાનું કારણ છે. વાળ ખરવામાં ચોટલો વાળવાની રીત પણ કારણભૂત બને છે. પૉની ટેઈલ જેવા ખેંચીને વાળ બાંધવાની રીત અને રોલર ઉપર સખ્તાઈથી વાળ બાંધીને સૂવાની ટેવથી વાળ ખરવાનું સામાન્ય બને છે. આધુનિક જીવનની ચિંતા અને અશાંતિથી પણ વાળ ખરવા માંડે છે. ફેશન ખાતર બ્લીચ કરતા કે રંગાતા હોય તેવા વાળનું ખરવાનું પ્રમાણ પણ વધુ રહે છે.

વાળના આરોગ્ય અને વૃદ્ધિ માટે તંદુરસ્ત લોહી અને પ્રાણવાયુ જરૂરી છે. જો લોહી પોષણદાતા ન હોય તો વાળ ધોળા થવાથી માંડી વધુ ખરવા માંડે છે. લોહીમાં અમ્લતા પેદા કરનાર ખાદ્યો ખાતા રહેવાથી પણ વાળ ઉપર માઠી અસરો ઊપજે છે. જૂના વાળ ખરીને નવા વાળ આવવાની કુદરતી કરામત છે. પણ પુષ્કળ ખરતા વાળ માટે માથામાં ખોડો થતો હોય તો તે પ્રથમ મટાડવો જોઈએ. સમતોલ અને પોષણદાયી ખોરાક સાથે માથામાં કોપરેલ કે બદામનું તેલ માલિશ કરવાથી વાળનાં મૂળ મજબૂત થઈ વાળની સુંદરતા અને લંબાઈ જળવાઈ રહે છે.

અઢી સો ગ્રામ કોપરેલમાં સોએક ગ્રામ ચૂનાનું નીતર્યું પાણી અને થોડી રાળ નાખી ફીણીને બનાવેલા તેલનું માલિશ કરવાથી ઘણોખરો ખોડો નાબૂદ થાય છે. સામાન્ય ખોડા માટે લીંબુના રસ કે ચિકાખાઈના સાબુ વતી નિયમત માથું ધોવાથી તે અંકુશમાં રહે છે. વાળ ઓળવાની રીતથી પણ ચહેરાની સુંદરતામાં વધારો કરી શકાય છે. પણ તે બાબત આજનાં તરુણ-તરુણીઓને સમજાવવાની જરૂર નથી.

બહુ ખરતા વાળ અને તાલ તેમજ અકાળે દેખાતા ધોળા વાળ પણ ચિંતાજનક બને છે. ધોળા વાળ જો કે ઘડપણ આવ્યાની નિશાની છે, પણ યુવાનીમાં વાળ ધોળા થવાનું રહસ્ય હજી બરાબર ઉકેલાયું નથી. આ દિશામાં થયેલાં સંશોધનોનું તારણ આ પ્રમાણે છે : દંતવિજ્ઞાનીઓનું કહેવું છે કે દાંતના સડાથી ચહેરાના જ્ઞાનતંતુઓ ઉપર અસર પડી લમણાના વાળ એકદમ ધોળા થવા માંડે છે. વળી, દાંતના રોગોને લીધે પણ વાળ ખરવા લાગે છે. થાઈરૉઈડ ગ્રંથિની વધારે કે ઓછી ક્રિયાશીલતા, ચિંતા, ભય અને વધુ પડતા માનસિક કામથી વાળ સફેદ થાય છે. તબિયત બગડવાથી વાળ સફેદ થયા હોય તો શરીર સુધરતાં વાળનો અસલ રંગ પણ આવી જાય છે. કદીક જુવાનીમાં ધોળા થયેલા વાળ ફરી આપોઆપ શ્યામ બની જાય છે.

વિટામિન એ, બી જૂથનાં વિટામિનો અને સી વિટામિન, લોહ, તાંબુ, આયોડિન અને ઍમાઈનો ઍસિડ વાળ ઊગવાનું અને તેના રંગનું નિયમન કરનાર દ્રવ્યો છે. આ દ્રવ્યોવાળા (લાલ તલનું તેલ, ગૉળ, આમળાં, યિસ્ટ, કોપરું વગેરે) સપ્રમાણ લેવાથી વાળ ધોળા થતા અને ખરતા અટકે છે. દિવસમાં એક વાર વાળ આંગળીઓ વતી ખેંચવા-તાણવા પણ જોઈએ, જેથી તેના મૂળમાં લોહીનો પ્રવાહ વધી તેને પોષણ મળે. સફેદ વાળ માટે રોજ વીસેક મિનિટ માથાનું માલિશ કરવું લાભદાયી છે. કોપરેલ ને દિવેલમાં દૂધી ને ભાંગરાનો રસ મિલાવી બનાવેલું તેલ રોજ ઘસીને લગાડવાથી સફેદ વાળનો રંગ બદલાય છે.

નાયલૉન-ટેરિલીનનાં કપડાંનો વપરાશ વધ્યો છે. આ કાપડ છિદ્રાળુ ન હોવાથી શરીરનો પરસેવો શરીર ઉપર જ રોકાતો હોવાથી એવાં કપડાં પહેરનાર તરુણ પરસેવાની ગંધથી મહેકતો હોય છે ! પરસેવો પોતે તો ગંધ રહિત છે, પણ ચામડી ઉપરના જીવાણુઓ પરસેવાનું વિઘટન કરી અપ્રિય વાસ પેદા કરે છે.

સારા સાબુ વતી શરીર ચોળીને બરાબર નાહવાથી જીવાણુઓ સાફ થાય છે. રોજ એક વાર તો નાહવું જ જોઈએ. રમત અને કસરતના શ્રમ પછી પણ સ્નાન કરવું જોઈએ. નાહતી વખતે શરીરનાં વળાં અને ખાડા, કાન અને તેનો પાછલો ભાગ, બગલ, ગુહ્યાંગો અને પગનાં આંગળાં ખસૂસ ધોવાવાં જોઈએ. નાહ્યા પછી શરીર પર સાબુ જરા પણ ન રહે એ રીતે પૂરતા પાણીનો ઉપયોગ કરવો જોઈએ. પગનાં આંગળાં વચ્ચેનો મેલ બરાબર દૂર કરી ટુવાલ વતી એને કોરાં કરી નાખવાં જોઈએ. ભીનાશમાં ફૂગનો વાસ થવાથી ખજવાળ અને લાહ્યનાં લક્ષણો પેદા થાય છે. વળી, પગનાં મોજાં પણ રોજ ધોવાયેલાં પહેરવાં જોઈએ. ગંદાં મોજાં પહેરવાથી દુર્ગંધ મારવા સાથે ફૂગનો ચેપ પણ લાગુ પડે છે.

બોલતી અને હસતી વખતે દેખાતા ચમકતા સફેદ દાંત મુખકાંતિમાં વધારો કરે છે. વાળના જેટલી દાંતની દરકાર રખાતી નથી એ હકીકત છે. સવારે ને રાત્રે સૂતા અગાઉ અને ખાધા પછી તુરત બ્રશ

કે આંગળીનાં ટેરવા વતી દાંત સાફ કરી પાણીના કોગળા કરતા રહેવું જોઈએ. એથી દાંતની વચમાં ભરાઈ રહેલા ખોરાકના કણ નીકળી જઈ મોં દુર્ગંધરહિત સ્વચ્છ રહેશે અને દાંત સડતા અટકશે. પાન-તમાકુના વ્યસનથી દાંત ગંદા થયા વિના રહેતા નથી ને જોનાર કોઈનેય ગંદા દાંત ગમતા નથી.

તરુણ-તરુણીઓએ તંદુરસ્ત શરીર અને સોહામણા દેખાવ માટે સમતોલ આહાર અને ખુલ્લામાં રમતગમત કે વ્યાયામ સાથે અંગાંગોની ચોખ્ખાઈ રાખવાની છે.

વૈતાળ પચ્ચાસી

શ્રેષ્ઠ કોણ ?

વિનોદ ભટ્ટ

- અને મસાણમાંથી મડાને કાંધે લઈને મૂગા મૂગા ચાલતા વીર વિક્રમને મડાએ આ પ્રમાણે વારતા કહી :

'કોઈ એક નગરમાં સાહિત્યના નામે એક પરિષદ ભરાતી હતી. આ પરિષદમાં ભાગ લેવા દેશદેશાવરથી લેખકો, પ્રકાશકો, ગ્રંથપાલો, પ્રૂફરીડરો, કૉમ્પોઝિટરો, ફોલ્ડરો, બુકબાઈન્ડરો અને પસ્તીવાળાઓ વગેરે જઈ રહ્યા હતા. કન્સેશન ટિકિટનો લાભ લઈને ટ્રેનના ત્રીજા વર્ગના એક કમ્પાર્ટમેન્ટમાં બેઠેલા ચાર લેખકો, તેમનામાંથી શ્રેષ્ઠ લેખક કોણ છે એ વિષય પર ચર્ચા કરતા હતા.

પહેલા લેખકે, પોતાના ખિસ્સામાંથી થોડાક દાળિયા કાઢી, બીજા લેખકના હાથમાં મૂકતાં આ પ્રમાણે કહ્યું : 'મારી દૃષ્ટિએ તો આપ જ ગુજરાતી સાહિત્યના શ્રેષ્ઠ લેખક છો...'

'કયા કારણસર તમે મારા પર આવું તોહમત મૂકો છો ?' બીજા લેખકે પહેલા લેખકને રમૂજમાં પૂછ્યું. જેનો ખૂબ જ ગંભીરતાપૂર્વક જવાબ આપતાં પહેલો લેખક બોલ્યો : 'ગુજરાત સરકારે આપને બેત્રણ વખત ઈનામો આપ્યાં છે એ પરથી હું તો કહું છું...'

'ના, ના; એવું નથી...' કહી એ ત્રીજા લેખકે બીજા લેખકે આપેલી સીંગમાંથી થોડા દાણા ચોથા લેખકને આપતાં નમ્રતાથી કહ્યું : 'સાચું પૂછો તો તમે જ શ્રેષ્ઠ લેખક છો. ગઈ કાલે તમારો પ્રકાશક મળ્યો હતો. તમારાં ભરપેટ વખાણ કરતાં એ કહેતો હતો કે તમારું એક પુસ્તક, કોઈ એક યુનિવર્સિટીમાં પાઠ્ય પુસ્તક તરીકે માન્ય થવામાં છે.'

'અરે, એવું તો હું ય છેલ્લાં સાત વરસથી સાંભળતો આવ્યો છું.' કહી ચોથો લેખક પહેલા લેખક પાસે દાળિયા માગતાં બોલ્યો : 'પણ હકીકતમાં શ્રેષ્ઠ લેખક તો તમે જ છો. વિવેચકો તો તમારાં વખાણ કરતાં ધરાતા નથી...' આ સાંભળીને પહેલા લેખકે, ચોથા લેખકના હાથમાં દાળિયા આપવાને બદલે તાળી આપી.

વારતા પૂરી કરતાં વૈતાલે વીર વિક્રમને પૂછ્યું : 'અહો રૂપમ્ અહો ધ્વનિ કરતા આ ચારે લેખકોમાં શ્રેષ્ઠ લેખક કોને કહેવો ?'

પળનો ય વિચાર કર્યા વગર વીર વિક્રમે જવાબ આપ્યો : 'વિવેચકે જેનાં વખાણ કર્યાં હોય એ જ; કેમ કે વિવેચક ક્યારે ય શ્રેષ્ઠ લેખક બની શકતો નથી, પણ તે ધારે તેને બનાવી શકે છે ખરો !'

'શાબાશ !' કહીને મડદું ઊડીને ઝાડ પર લટકી ગયું. (સળંગ અંક ૫૭૬)

સાહિત્યસંપર્ક



સદ્ગત પિનાકિન્ ઠાકોર

સ્વાતંત્ર્યોત્તર કાળના પ્રથમ તબક્કે જેમની કવિતાએ સમકાલીનોમાં વિશિષ્ટ સ્થાન લીધું હતું તે પિનાકિન્ ઉદયલાલ ઠાકોરનો જન્મ ઈ.સ. ૧૯૧૬ના ઑક્ટોબરની ૨૪મી તારીખે બ્રહ્મદેશના મ્યોંગ્મ્યોં શહેરમાં થયો હતો. પિતાના એકના એક સંતાન તરીકે લાડકોડમાં એમનો ઉછેર. માધ્યમિક શિક્ષણ વડોદરામાં પૂરું કરી ૧૯૩૪માં મૅટ્રિકની પરીક્ષા પસાર કરી, ત્યાંની કૉલેજમાં જોડાયા અને એક વર્ષ બાદ ખેતીવાડીના અભ્યાસ માટે પૂના ગયા ને ૧૯૩૮માં ત્યાંથી બી. એસસી. થયા. ૧૯૪૦માં વેપાર અર્થે ફરી બર્મા ગયા પણ ત્યાં ઠરી ઠામ થયા નહિ. વતન અમદાવાદમાં પાછા ફરી ૧૯૪૧માં રતનપોળ ખાતે ઝવેરાતની દુકાન શરૂ કરી. ૧૯૫૬ સુધી તેઓ આ દુકાને વેપારમાં સક્રિય રહ્યા અને એ સાલથી આકાશવાણીના અમદાવાદ કેન્દ્રમાં નાટ્યવિભાગમાં જોડાયા તે ૧૯૭૭માં નિવૃત્ત થયા ત્યાં સુધી એ વિભાગને પોતાની સૂઝશક્તિથી સમૃદ્ધ બનાવ્યો.

એઓ કૉલેજમાં ભણતા હતા ત્યારથી જ કાવ્યલેખન અને નાટ્યપ્રવૃત્તિમાં રસ લેતા હતા. એમાં કૉલેજકાળ દરમિયાન સહાધ્યાયી રાજેન્દ્ર શાહની મૈત્રીથી કાવ્યપ્રવૃત્તિમાં વેગ આવ્યો. તેમનું કાવ્ય પ્રથમ વડોદરા કૉલેજના મૅગેઝિનમાં છપાયું અને ૧૯૩૫માં 'પ્રસ્થાન'માં પ્રથમ વાર એમની કાવ્યકૃતિઓ છપાઈ ત્યારથી કાવ્યભાવકોનું ધ્યાન ખેંચાયું હતું. એમની કવિતામાં ગીત-સૉનેટનું પ્રકારવૈવિધ્ય છે તો છંદોલયનું માધુર્ય અને પ્રશિષ્ટતા છે. એમણે વિકસતી કાવ્યવિભાવના અને કવનપ્રવૃત્તિ સાથે કદમ મિલાવ્યાં છે. ગદ્યકાવ્યો અને થોડી ગઝલો પણ રચી છે. પ્રેમ, પ્રભુ અને પ્રકૃતિ જેવા સનાતન વિષયોની સાથે સાથે એમણે આધુનિક ચેતનાની પણ જિકર કરી છે. ક્યારેક તેઓ હળવી વ્યંગ્યાત્મક રચનાઓ લઈને પણ આવે છે. એમણે નૃત્યનાટિકાઓ પણ રચી છે.

એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'આલાપ' ૧૯૫૨માં પ્રકટ થયો હતો. ત્યાર પછી 'રાગિણી' (૧૯૬૬), 'ઝાંખી અને પડછાયા' (૧૯૭૧), 'ફોરાં અને ફૂલ' (૧૯૭૫) છે. પોતાની સુમધુર કાવ્યબાની અને એવા જ સુમધુર સ્વભાવથી તેઓએ બહોળો ભાવક-ચાહક વર્ગ મેળવ્યો હતો. ૨૪મી નવેમ્બર ૧૯૯૫ના રોજ હૃદય રોગના હુમલાથી એમનું અવસાન થતાં આપણા સાહિત્યે એક સહૃદય સજ્જન ગુમાવ્યા છે ! – ધી.પ.

કવિ-ક્રાન્તિકાર વિવાને ફાંસી



હજી ગઈ સાલ તો શાન્તિ માટેના નોબેલ પારિતોષિક માટે એનું નામ ગાજતું હતું, એ કવિ-નાટ્યકાર કેન સારો-વિવાને (Ken Saro-Wiwa) ૧૭ મહિનાના કારાવાસ બાદ હમણાં જ દેહદંડ અપાયો. શબ્દ ખાતર એ શહીદ થયો ! નાઈજિરિયામાં નદીમુખે નાનકડી વસતી છે ઑગોનોય જાતિની. ત્યાં તેલની ફૅક્ટરીઓનો કચરો ઠલવાય છે ને ગંદકીનો પાર નથી. એની સામે એણે અવાજ ઉઠાવ્યો : 'કચરો બંધ કરો, ને તેલની આવકનો થોડો હિસ્સો પણ આ લોકોના ભલા માટે વાપરો.' એટલે ત્યાંના લશ્કરી સરમુખત્યાર જનરલ સાની અબાચાએ (Sani Abacha) એની જીભ કાયમ માટે હવે બંધ કરી દીધી ! એ પ્રત્યે વિશ્વભરના લેખકોનું ધ્યાન ધીરેધીરે દોરાતું જાય છે. ત્યાંની જેલો આવા વિરોધી મતદર્શીઓથી ઊભરાતી જાય છે. વિરોધી મત પર પ્રતિબંધ છે ! આવા ઘણા 'સારા-વિવા'ઓ ત્યાં જેલમાં છે ને બીજા ભાગતા ફરે છે. અબાચા 'અવાચા'માં માને છે ! ત્યારે આ શહીદ કેન સારો-વિવાનો મિત્ર નવલકથાકાર બેન ઓકરી (Ben Okri) કહે છે : લેખકો તો કાળની કુંડળી વાંચનાર છે; આવી પડનાર ભૂકંપોની ભયંકરતા ભાખનાર યંત્રો જેવા છે :

'Writers are seismographs that calibrate impending earthquakes in the spirit of times.'

Wole Soyinka - વોલ સૉયિન્કા- નામે એક શરણાર્થી લેખક કહે છે કે સારો-વિવાનો જાન લેવાય એ તો એક 'Lethal Charade.' મૃત્યુસૂચક મૂક-અભિનયની રમત (શરાદ્ઝ) છે - મોતનું ઉખાણું. (શરાદ્ઝની લોકરમતમાં રમનાર અભિનયથી જ એકએક અક્ષર સૂચવે એ સામેનાએ ઉકેલવાનો હોય.) લેખકો ચેતે. પણ કેન સારો-વિવાએ તો અદાલતને, મક્કમતાથી છતાં નમ્રતાથી જે સંભળાયેલું તેના છેલ્લા બોલ હતા : 'નામદાર ! ન્યાય તો આપણા સૌનો આજે તોળાય છે, કારણ કે આપણાં કરતૂતોથી આપણે દેશને તો બદનામ કર્યો જ છે પણ આપણાં બાળકોના ભવિષ્યને પણ બદતર કરી મૂક્યું છે.' -

'We all stand on trial,
my lord, for, by our actions we
have
denigraded our country and
jeopardised
the future of our
children.'

ભાઈ વિવા ! અમારાં ય બે આંસુ
તારી શહીદી પર ! - 'ઉપમન્યુ'
('ઇન્ડિયન એક્સપ્રેસ'ના આધારે)

અવલોકન

અનુપ્રેક્ષા : વિવેચનનું વિવેચન જેવા સ્ટંટમાં પડ્યા વિના ડૉ. હસમુખ દોશીએ વિવેચનની નથી તરાહ ઊભી કરવાનો પ્રશંસનીય પ્રયાસ કર્યો છે. આ વિવેચન લેખોનો સંગ્રહ જોતાં ચિંતનાત્મક અભિગમ તેમ જ કેટલીક સાહિત્યિક સમસ્યાઓ અંગેની ચિંતા વર્તાય છે.

વિવેચન સંદિગ્ધતાઓ દૂર કરવા માટે હોવાનો મોટો પુરાવો 'અનુપ્રેક્ષા' દ્વારા મળી રહે છે. સર્જકકર્મ પૂર્ણ થતાં ત્યાંથી વિવેચન કર્મ આરંભાય છે. એની સંશોધનાત્મક પ્રતીતિ અહીં મળી રહે છે. વિવેચક માત્ર છિન્દ્રાન્વેષી (cynic) ન બની જતાં એનું દોષ દર્શન સૌન્દર્ય-શોધની અતૃપ્તિ અંગે હોવું જોઈએ. લેખકનો આ અભિગમ યોગ્ય જ છે.

સાત વિભાગમાં વહેંચાયેલા આ પુસ્તકનું વિવેચન ફિલસૂફીની પશ્ચાદ્‌ભૂમાંથી આવે છે. એના પ્રથમ વિભાગમાં વિવેચનની વિકાસશીલતા રજૂ કરતાં એનાં અંગો તપાસ્યાં છે. બીજા વિભાગમાં સાહિત્યમાં નૈતિકતા, સાહિત્ય અને નૈતિક મૂલ્યો 'વર્તમાનપત્રો અને સાહિત્ય', 'સાહિત્યકલા અને વાસ્તવિકતા,' 'સાહિત્ય અને સામાજિક ઉત્તરદાયિત્વ', 'દાર્શનિક સાહિત્ય' જેવા વિષયોની ખણખોતર થઈ છે. જોકે આ વિષયો વિવેચનથી જુદા નથી જ. ત્રીજા વિભાગમાં કોમેડિ અને નવલકથાની સ્વરૂપચર્ચા થોડા પ્રમાણમાં મળી આવે છે. ચોથા વિભાગમાં જ્યોર્જ બર્નાડ શોનું જીવન અને નાટ્યકાર તરીકેનો પરિચય સુપેરે રજૂ થયો છે.

વિભાગ પાંચમામાં સુરેશ જોષી, સ્વ. ચીમનભાઈ, શિવકુમાર જોશી અને રામપ્રસાદ બક્ષીનો સર્જક ચિંતક તરીકેનો પરિચય સાંપડે છે. વિભાગ છઠ્ઠામાં લેખકનું આધ્યાત્મિક ચિંતન અને આક્રોશ જોવા મળે છે. સાતમા વિભાગમાં 'નામરૂપ', 'શબપેટીમાં મોજું', 'ઊડી ઊડી

ગઝલના ગગનમાં - ૧૨



હર્ષદેવ માધવ

ગગનમાં માત્ર સૂરજ અને ચંદ્ર એ બે જ તારાઓ નથી. એથી પણ વધારે તેજસ્વી અને એથીય વધારે મોટા અનેક તારાઓ બીજા હશે. ક્યાંક આઘે ટમટમતો નાનો તારો એ નાનો તો નથી જ. એનું પણ એક અલાયદું સ્થાન છે. ગુજરાતી ગઝલના ગગનમાં પણ આવા અનેક તારકો છે.

વ્યવસાયે અમદાવાદની એચ.કે. આર્ટ્સ કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક એવા ડૉ. હર્ષદેવ મનસુખલાલ જાનીને સાહિત્યરસિકો હર્ષદેવ માધવ તરીકે જાણે છે. છેલ્લાં ઘણાં વર્ષોથી ગઝલ અને ગીત બન્નેમાં સર્જન કરતા હર્ષદેવ માધવનો જન્મ તા. ૨૦-૧૦-૧૯૫૪ના રોજ થયો હતો. ગુજરાતીથી પણ વિશેષ કાવ્યસર્જન અને ગ્રંથલેખન તેમણે સંસ્કૃતમાં કર્યું છે. તેમનાં સંસ્કૃત પુસ્તકોએ સંખ્યા અને ગુણવત્તા એમ બંને દૃષ્ટિએ સંસ્કૃત ભાષાના વાચકોનું ધ્યાન ખેંચ્યું છે. ગઝલની બાબતમાં હર્ષદેવની ગઝલો તેની વિશિષ્ટ રદીફોને લીધે ધ્યાન ખેંચે છે. એમ કહી શકાય કે રદીફની બાબતમાં તેમણે પ્રયોગના સ્તરે ઘણું કામ કર્યું છે.

હર્ષદેવનાં ગીત-ગઝલ સંગ્રહનું નામ છે 'હાથ ફંફોસે આંધળા સુગંધને' (૧૯૮૫), હર્ષદેવની ઘણી ગઝલો હજુ ગ્રંથસ્થ થવાની રાહ જોતી ઊભી છે ત્યારે તેમનાં થોડાક શે'ર માણીએ.

શેરીઓ ઘડ જેમ રખડે જેમ તેમ,
એને માણસ ક્યાં મળે છે કે નહે?

*

વૃક્ષોના કોરા કાગળે કરશે વસંત!
ને ત્યાર બાદ રંગની જુદી જુદી!

*

શ્વાસ, થોડા શ્વાસ છે તે એક દૂજે કે લિયે,
શ્વાસનો ઇતિહાસ છે તે એક દૂજે કે લિયે.

*

હર નજરમાં આમ તો એકાદ સપનું હોય છે,
હર નજરમાં રાત છે જાહેર અથવા ખાનગી.

*

બહાવરી દોડી જતી મનની નદી,
મોસમી વાતાવરણ દરિયા સુધી.

*

ચાલો પ્યારાં લાડી આપણ ઘેર પરણ્યાં એટલે
આપણે શરણગારવાં ખંડેર પરણ્યાં એટલે.

*

ખભે હોય ઝોળી, ખભે હોય ગઠરી, ખભે હોય માથું,
બધે ચીંથરાઓ, બધે એ લબાચા, સુનો ભાઈ સાધો.

*

રમત છે, જગત છે, ગલત છે, અલગ છે, અસત્ હમ કહત હૈ,
બધે એ જ માટી, ઘડા એ જ કાયા, સુનો ભાઈ સાધો.

*

નામ તો મારું લખેલું બારણા ઉપર હશે,
ઘર ખરું જોવા જશો તો ત્યાં વ્યથાનું આવશે.

- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

જાવ પારેવાં' કૃતિઓનાં અવલોકનોનો એ તટસ્થ પરિપ્રેક્ષ્ય સાંપડે છે. એકંદરે આ પુસ્તકમાંથી એવું ફલિત થાય છે કે લેખક કૌતુકરાગિતાના ભોગે સૌષ્ઠવપ્રિયતા ગુમાવવા માગતા નથી. આ વિવેચન સંગ્રહમાં ઠેકઠેકાણે વિવેચનીય તાજગી જોવા મળે છે.

('અનુપ્રેક્ષા,' લે. ડૉ. હસમુખ દોશી, પ્રકા : પોતે, 'સંદીપ', સેતુબંધ સોસાયટી, મા.વી. મહિલા કૉલેજ પાછળ, કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦,૦૦૧, પ્ર. આ. સપ્ટેમ્બર-૧૯૯૪, પૃ. ક્રાઉન-૧૨૮, રૂ. ૪૮ - ૦૦)

અમથાભરણ : અસ્તિત્વની ઓળખ કે માનવીય અસ્તિત્વ પર થતો કટાક્ષ બની ગયું છે. ભૌતિક દોડે માનવીની જીવંતતા અને વાસ્તવિક્તા છીનવી લીધાં છે. કવિ કદાચ પોતાના જીવન સાથે જ વ્યંગમુદ્રાથી પેશ આવે છે. મેઘનાદ ભટ્ટનો અમથો વ્યંગપાત્ર રૂપે ઊપસી આવે છે.

આભરણનો અર્થ જ શણગાર થાય. અહીં અમથારૂપ અસ્તિત્વનો શણગાર બેતાલીસ કાવ્યોમાં રજૂ થયો છે. આ કાવ્યસંગ્રહમાંના અમથા... આખરે તું આગમાં કૂદી જ પડયો '(પૃ. ૬), 'અમથો એક ડેમીગોડ' (પૃ. ૮), 'શોભિભા આઈનો અને પાત' (પૃ. ૧૨), 'એક કાવ્ય યાને વિલીન થયેલા કાળ પર દષ્ટિપાત' (પૃ. ૧૯), 'મુદ્રારાક્ષસ' (પૃ. ૨૪), '૧૯૯૯ વર્ષ પહેલાંની મારી (ઇકેરસના) જન્મની ગ્રીકકથા' (પૃ. ૨૭) 'અમથા-ભરણ' (પૃ. ૩૩), 'રંગમંચનું અમથાભરણ' (પૃ. ૪૩), 'સંહાર' (પૃ. ૪૭) 'આ નનામી પસાર થઈ જવા દો અમથાલાલ' (પૃ. ૫૩), 'એક છિનાળની પ્રાર્થના' (પૃ. ૫૯), કાવ્યો માણવા જેવાં છે. એમાં કાવ્યની ઊંચાઈને કવિ જાળવી શક્યા છે. અમથાની દુર્દશા એ કોઈ પણ માનવીની દુર્દશા કોઈ શકે. માટે જ કવિ કહે છે. 'હે હતભાગી અમથાલાલ, રંગમંચને હવે સૂત્રધારની જરૂરત પણ નથી. રંગમંચનું આજે અમથાભરણ થઈ ગયું છે.'

આમ આ સંગ્રહમાં કવિએ કટાક્ષનો પ્રલંબ સૂર કાઢ્યો છે, એ દૂરગામી બનો ! એમના જ કાવ્યોના વિવિધ આસ્વાદો પાછળ આપ્યા છે, જે માણવા જેવા છે.

('અમથાભરણ' : લે. મેઘનાદ હ. ભટ્ટ, પ્રકા. રન્નાદે પ્રકાશન, ૫૮/૨, બીજે માળ, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧, પ્ર.આ. ૧૯૯૪, પૃ. ડેમાઈ-૧૧૨, રૂ. ૪૧-૦૦)

ડૉ. નલિન પંડ્યા

પ્રાપ્ત પ્રકાશનો

મહાભારતનાં ઉપાખ્યાનો : મહાભારતનાં ઉપાખ્યાનો આધુનિક સંદર્ભે આલેખીને તત્ત્વજ્ઞાનના પાયાના સિદ્ધાંતો લેખકે રજૂ કર્યાં છે. લેખક : બાલકૃષ્ણ વૈદ્ય, કિં. રૂ. ૩૦, પૃ. ૧૫૧, પ્રકાશક : બાલગોવિંદ પ્રકાશન ટ્રસ્ટ, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

પર્યાવરણની સમસ્યાઓ : આજના ઔદ્યોગિક તેમજ પ્રદૂષિત વાતાવરણથી બચવા માટે ઉપયોગી થઈ રહેતી માહિતી પૂરી પાડતું પુસ્તક, જેમાંથી શહેરીકરણની સમસ્યાઓનું નિરાકરણ અમુક અંશે મળી રહે છે. લેખક : એમ. જી. પારેખ, કિં. રૂ. ૭૦, પૃ. ૨૧૦, પ્રકાશક : ઉપર મુજબ.

પ્રસૂતિનો આનંદ : સગર્ભાની તકલીફો અને ઉપાય, શારીરિક સંભાળ, આહાર, કસરત, પ્રસૂતિ, સ્તનપાન, શિશુસંભાળ જેવી માહિતી આપતું પુસ્તક. લેખક : ડૉ. ઝરીન દેસાઈ, ઊર્મિ દેસાઈ, કિં. રૂ. ૫૦, પૃ. ૬૮, ડબલ ક્રાઉન, પ્રકાશક : ઉપર મુજબ.

અપંગની આરાધના : ચૅંગ કુંગ કસ્તનું ફાધર અમલાદાસના હિન્દી અનુવાદના આધારે અનુવાદિત પુસ્તક. અનુવાદક : બિપિન આઝાદ, મૂલ્ય : નિ:શૂલ્ક, પૃ. ૬૪, પ્રકાશક : બ્લાઈન્ડમેન એસોસીએશન, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫


વાતડિયું વગતાળિયું : કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતની લોકવાર્તાઓનો સંગ્રહ. લેખક : કાનજી ભુટા બારોટ, મૂલ્ય : ૨૦૦, પૃ. ૪૬૬, પ્રકાશક : કાનજીભાઈ બારોટ સાહિત્ય પ્રકાશન સમિતિ, પોસ્ટ બૉક્સ-૪૬, મહાત્મા ગાંધી રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

તરંગની સૂરાવલી : બાળકોનાં માનસ સમજી ચૂકેલાં લેખિકા તરલિકાબહેન શાહે આ પુસ્તકમાં ગીતોને સંગીતની સૂરાવલીમાં સરસ રીતે ઝડપીને કુતૂહલવૃત્તિ, જિજ્ઞાસાવૃત્તિ અને કલ્પનાસૃષ્ટિને ધરતી પર ઉતારી લેખન-શક્તિનો આબાદ પરિચય કરાવ્યો છે. કિં. રૂ. ૨૪, પૃ. ૮૪, પ્રકાશક : તરલિકાબહેન શાહ, ૨૪, શાંતિ ટાવર્સ, માણેકબાગ હોલ પાસે, નેહરુનગર ચાર રસ્તા, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫

અવસર : કવિતાના આ સંગ્રહમાં ગીતો છે, ગઝલો છે, મુક્તકો છે અને અછાંદસ કાવ્યો પણ છે. આમ કાવ્યનાં વિવિધ સ્વરૂપમાં કવિએ હાથ અજમાવ્યો છે, જોકે ગઝલ-સ્વરૂપમાં કવિ વધુ સફળ રહ્યા છે. લેખક : અરવિંદ ઉપાધ્યાય 'અનુરાગી', કિંમત રૂ. ૨૫, પૃ. ૬. પ્રકાશક : ભાવના ઉપાધ્યાય, ત્રિકમ મોદીની ખડકી, બજાર, બાલાસિનોર-૩૮૮ ૨૫૫.

અર્ધી કિંમતે

'અખાની કાવ્યકૃતિઓ' ખંડ ૧, (છપ્પા), નવી સંશોધિત-સંવર્ધિત આવૃત્તિ, સં. શિવલાલ જેસલપુરા, પૃ. ૪૪૮, ઓફસેટ પ્રિ., પાકું બા. કિંમત રૂ. ૧૨૦. પરંતુ સાહિત્યરસિકોને તેમજ સંસ્થાઓને તે અર્ધી કિંમતે એટલે કે રૂ. ૬૦માં નીચેના સરનામેથી મળશે. ૧૩, તેજપાલ સોસાયટી, ફતેહનગર, બસ-સ્ટોપ પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭.



વિલુપ્ત ગુંજનો થતાં રહ્યાં પ્રસન્ન રાગનાં,
લહર ગઈ સમેટી શ્વાસ મ્હેકતા પરાગના;
છેલ્લું આ કિરણ જતાં સુધી જ બસ ઉજાસ છે,
નિગૂઢ સ્પર્શ પાનખર તણો શું આસપાસ છે !

- હરીન્દ્ર દવે

કર્ટ શ્યૂમાખર

સ્વરાજ્યની લડતમાં આપણે ગાતાં:

'અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે !
ભલે કાયાના કટકા થાય ! અમે....'

પણ કાયાના કટકા થયા હોય છતાં એ જ ખંડિત કલેવર પાસેથી કામ સતત ને સખત લેતી રહી હોય એવી વ્યક્તિ જોઈ છે ? જયપ્રકાશ યાદ આવે. એવી જ યાદ કરવા જેવી વ્યક્તિનું આ જન્મશતાબ્દીવર્ષ જર્મની ઊજવી રહ્યું છે : કર્ટ શ્યૂમાખર (Kurt Schumacher) દેશપ્રેમની ઝળહળતી મશાલ જાણે ! ૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધ વખતે તો ૧૯ની વયનો તરુણ. આપણે ત્યાંની 'મૅટ્રિક'ની સમકક્ષ પરીક્ષા આપવાટાણે જ વિશ્વયુદ્ધ ખાબક્યું. પરીક્ષા ઝટપટ પતાવતોક ને એ રણમોરચે સ્વયંસેવક તરીકે પહોંચી ગયો. ડિસેમ્બરમાં ગંભીર રીતે ઘવાયો. જમણો હાથ છેદાયો !

હાથ ગયો, હામ ન ગઈ. હવે અભ્યાસને મોરચે મચી પડ્યો. ૧૯૧૫ થી ૧૯૨૦ : કાયદા ને રાજશાસ્ત્ર. પારંગત થઈ, ડૉક્ટરેટ પણ મેળવી - પી.એચ.ડી. થયો. પણ દેશની અવદશા ખટકતી હતી. ત્યાંના સમાજવાદી લોકશાહી જૂથ (SPD)માં જોડાયો. એક દૈનિકના રાજકીય વિભાગનો તંત્રી બન્યો. ૧૯૩૦માં SPD પક્ષનો પ્રમુખ બન્યો. ત્યારે નાઝીવાદ તપતો હતો. આ તો લોકશાહીનો પ્રબળ સમર્થક, એકાધિકારી સત્તાનો વિરોધી. ૧૯૩૨ના ફેબ્રુઆરીની ૨૩મી તારીખે જર્મન સંસદમાં એણે જે વ્યાખ્યાન આપ્યું તે, એ સંસદના ઇતિહાસમાં આજ સુધી અજોડ ગણાય એવું હતું. હિટલર સત્તા પર આવ્યો કે તરત જ શ્યૂમાખરે નાઝી સત્તાનો વિરોધ કર્યો. એટલે છઠ્ઠી જુલાઈ ૧૯૩૩ને રોજ એની ધરપકડ થઈ;ને પછી, બંદીખાનું ને એથી યે બદતર 'કૉન્સન્ટ્રેશન કેમ્પ'! અત્યારચારોનો પાર નહિ. હાથ તો નહોતો જ, પણ બાકીની કાયાના સાંધેસાંધા ઢીલા થઈ ગયા. શી રીતે એ કાયા ટકી તે સવાલ થાય. સતત અત્યાચારભરી સતામણીમાં પણ એક દસકો એ કયા ટકી. બીજું વિશ્વયુદ્ધ વીત્યું. જેલમાંથી એ છૂટ્યો. પણ જુલ્મખાનાએ એની તંદુરસ્તી કાયમ માટે હરી લીધી હતી. એ સમાજવાદી લોકશાહીનો સમર્થક હતો. ૧૯૪૬માં SPD -પક્ષે સર્વાનુમતે એને પ્રમુખ તરીકે ચૂંટ્યો ત્યારથી મૃત્યુપર્યંત એ પક્ષનો વડો રહ્યો. સખત કામ કરતો રહ્યો. ૧૯૪૮માં તબિયત એવી બગડી કે, ૫૩ની ઉંમરે ડાબો પગ કપાવવો પડ્યો ! એક હાથ નહિ, એક પગ નહિ, કાયાના કટકા થયા - છતાં એ પૂર્વવત્ ધગશને વળગી રહ્યો. સરમુખત્યારશાહી સામે જાહલદેહે ઝૂઝ્યું



શ્વાનસૃષ્ટિ

ગ્રેહાઉન્ડની અન્ય બે જાતો વિશે અહીં મિતાક્ષરી પરિચય મેળવીએ.

૧. અફઘાન ગ્રેહાઉન્ડ • અફઘાનિસ્તાનનો આ પ્રાચીન શિકારી શ્વાન ૨ ફુટ ૪ ઇંચ ઊંચો હોય છે. તેનું વજન સામાન્ય રીતે ૬૫ રતલ હોય છે. મહદંશે એનો રંગ રાતો,



આછો બદામી, સોનેરી હોય છે. એની રુવાંટી મુલાયમ રેશમી હોય છે. આ રુવાંટી પીઠના ભાગ ઉપર ટૂંકી હોય છે, પણ થાપા અને કાન પર તે પ્રમાણમાં લાંબી હોય છે.

૨. બૉર્ઝોઈ • વરુને મળતો રશિયાનો શિકારી શ્વાન. તેની ઊંચાઈ ૨ ફુટ પાંચ ઇંચ અને વજન લગભગ ૮૦ રતલ હોય છે.



સામાન્યતઃ તે સફેદ રંગનો હોય છે અને એમાં રાતા, નારંગી કે લિંબોઈ રંગના મોટા છાંટણા કે ડાઘ હોય છે. તેની રુવાંટી રેશમી અને લાંબી હોય છે.

સહેલું નહોતું. વળી, યુદ્ધમાં કહેવાતાં લોકશાહી બળો જીત્યાં છતાં દેશને તો મળ્યા ભાગલા જ !

એ ભાગલા એને ખટકતા રહ્યા. અખંડ જર્મનીનું સ્વપ્ન હવે એને વળગ્યું. ભાગલા કે અખંડતાનો નિર્ણય વિજેતાઓ નહિ, પરરાજ્યો નહિ, લોકો કરે એવો એનો આગ્રહ રહ્યો. પણ યુરોપમાં ત્યારે ઘણાં તડાં હતાં. એ બધાં વિપરીત બળોની વચ્ચે રાત-દી એ જર્મનીના એકીકરણ માટે મથતો રહ્યો. ૧૯૫૧માં હૃદયરોગનો હુમલો થયો. રક્તાભિસરણ ઘડીભર મુશ્કેલ બન્યું; પણ એનું અભિસરણ તોય વણથંભ્યું રહ્યું. '૫૧માં તો મૃત્યુને પણ એણે ઠેલ્યું. કામ ન છોડ્યું. લોકોને પણ લાગ્યું કે આ કાયા જુદી જ માટીની છે ! કંઈ નહિ થાય એને. એટલે જ, ૧૯૫૨ના ઑગસ્ટની વીસમીએ એ દેહ પડ્યો ત્યારે લોકો માનવા તૈયાર નહોતા. અખંડ જર્મનીનું એનું સ્વપ્ન આખરે ફળ્યું જ; ભલે એ જોવા એ ન રહ્યો, પણ એના ઘડતરના પાયામાં એનો પુરુષાર્થ હતો. મૌતને હંફવતા માનવીઓની યાદીમાં એક આખું પાનું એના નામનું હશે. ('જર્મન ન્યૂઝ'ને આધારે) - 'ઉપમન્યું'

અરડૂસી

અરડૂસી બારે માસ લીલીછમ રહે છે. તેનાં આસોપાલવ જેવાં લાંબાં પર્ણો અને આછાં જાંબુડિયાં શ્વેત પુષ્પો મન અને ચક્ષુમાં વસી જાય એવાં હોવાથી તથા તુલસીની જેમ જ તેમાં પણ અનેક ઔષધીય ગુણો હોવાથી તેના બેચાર છોડ ઘરઆંગણે વાવી ઉછેરવા જેવા છે.

અરડૂસીનો તાજો રસ બેથી ચાર ચમચી જેટલો સવારે અને રાત્રે પીવાથી નસકોરી ફૂટતી નથી. માત્ર નસકોરી જ નહિ મુખથી તે મળમાર્ગ સુધીના કોઈ પણ સ્થાનનો રક્તસ્રાવ અરડૂસી મટાડે છે. એટલા માટે જ ક્ષય, ઉધરસ, લોહીવા, અત્યાર્તવ, આંત્ર વ્રણ-એલ્સરેટિવ કોલાયટીસ, મસા, હાઈ બ્લડ પ્રેશર વગેરેમાં વૈદ્યો તેનો વિભિન્ન રીતે ઉપયોગ કરે છે. એલર્જિક ખાંસીમાં ડૉક્ટરો પણ 'સીરપ વસાકા' વાપરે છે. આ વસાકા એ જ વસા અથવા અરડૂસી અને હજારો વર્ષોના અનુભવે જણાયું છે કે ખાંસીમાં અરડૂસી ઉત્તમ છે.


પંડિત ભાવમિશ્રે પોતાના ગ્રંથ 'ભાવપ્રકાશ'માં અરડૂસીના ગુણધર્મો વિષે લખ્યું છે કે, અરડૂસી વાયુ હરનાર, વાયુ માટે હિતકર, કફ, પિત્ત અને લોહીની વિકૃતિને મટાડનાર, કડવી, તૂરી, હૃદયને હિતકારી. પચવામાં હલકી, શીળસ, દમ, ઉધરસ, જ્વર, ઊલટી, પ્રમેહ, કોઢ, ક્ષય અને રક્તસ્રાવ મટાડે છે.

અરડૂસીને આયુર્વેદમાં શ્રેષ્ઠ કફનાશક કહી છે, કારણ કે અરડૂસીમાં રહેલો કડવો અને તૂરો રસ કફનો નાશ કરે છે. કડવા રસવાળા ઔષધોમાં લેખન અને વિશદ બે ગુણકર્મ રહેલા છે. લેખન અને વિશદ આ બે આયુર્વેદીય પરિભાષાના શબ્દો છે. આમાં લેખનનો અર્થ થાય ખોતરવું. શરીરમાં ચોંટી જામી ગયેલા કાચા કફને ખોતરીને બહાર કાઢવાનું કાર્ય અરડૂસીનો કડવો રસ કરે છે. તૂરો રસ તેની રુક્ષતા અને શુદ્ધતાને લીધે ઉખડેલા કફને ફરી ચોંટવા દેતો નથી. આમ, અરડૂસીનો રસ કફને ખોતરીને બહાર કાઢવામાં એકબીજાને સહાયક બને છે. પિત્તપ્રકોપથી શરીરના કોઈ પણ અવયવમાં ચાંદુ, દાહ, તાવ કે રક્તસ્રાવ થાય છે. રક્તસ્રાવ બંધ કરવાનો અરડૂસીમાં એક વિશિષ્ટ ગુણ છે. તૂરા રસવાળાં ઔષધો રક્તસ્રાવ બંધ કરે છે. શરીરના કોઈ પણ અવયવમાંથી રક્તસ્રાવ થતો હોય તો ચારથી છ ચમચી જેટલા અરડૂસીના રસમાં થોડી સાકર નાખી (ખાંડ નહીં) દિવસમાં બેથી ત્રણ વાર પીવો જોઈએ. જો પ્રાપ્ય હોય તો ઉપરથી બકરીનું દૂધ પીવામાં આવે તો ખૂબ જ ઝડપી પરિણામ મળે છે, કારણ કે બકરીના દૂધમાં પણ વ્રણ રુઝવવાનો અને રક્તસ્રાવ બંધ કરવાનો વિશેષ ગુણ છે.

અરડૂસી કફ નિઃસારક અને સંકોચવિકાસ પ્રતિબંધક છે. તેનાં ફૂલો તીખાં, કડવાં, તૂરાં, મૂત્રજનન, કફઘ્ન, જ્વરઘ્ન અને લોહીની ઉષ્ણતા ઓછી કરનાર છે. - વૈદ્ય મનુભાઈ ગૌદાની ('સંદેશ'માંથી)

સુપર રાઈસના સુપર વિજ્ઞાની ડૉ. ખુશ

પંજાબના રૂરકી ગામે ૨૨ ઑગસ્ટ ૧૯૩૫ના દિને તેમનો જન્મ થયો. બાળપણથી જ નિશાળમાં હોશિયાર વિદ્યાર્થી ગણાય. પંજાબ યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષામાં આગલી હરોળમાં પાસ



થયા. ૧૯૫૫માં પ્રથમ વર્ગમાં કૃષિ સ્નાતકની ઉપાધિ મેળવી. તેમને અમેરિકાની કેલિફોર્નિયાની ડેવિસ યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ મળી. ૧૯૬૦માં જનીનશાસ્ત્ર-જિનેટિક્સમાં ડૉક્ટરેટની ઉપાધિ મેળવી. તેમની બુદ્ધિપ્રતિભા જોઈને યુનિવર્સિટીએ તેમને જનીનશાસ્ત્રના મદદનીશ સંશોધન વિજ્ઞાનિની જવાબદારી સોંપી. સાત વર્ષ સુધી સંશોધનક્ષેત્રે બહોળો અનુભવ મેળવ્યો. ૧૯૬૭માં આંતરરાષ્ટ્રિય ડાંગર સંશોધન કેન્દ્ર – ઈરી – ફિલિપાઈન્સમાં વનસ્પતિ પ્રજનનશાસ્ત્રી તરીકે પસંદગી થઈ.

ઈરી એ દુનિયાનું ડાંગરતીર્થ છે. દુનિયાના ચાલીસ જેટલા દેશોના ઉત્તમ વિજ્ઞાનીઓ ૧૯૬૦થી દુનિયાને ભરપેટ ચોખા ખવડાવવા માટે પાયાનું સંશોધન કરે છે. ડૉ. ખુશ ઈરીમાં છેલ્લાં ૨૮ વર્ષોથી ધૂણી ધખાવીને બેઠા છે. ઋષિ વિજ્ઞાની ડૉ. ખુશને ૧૯૭૨ થી ૧૯૮૫ સુધી વનસ્પતિ પ્રજનનશાસ્ત્રના વડા બનાવ્યા, ૧૯૮૬થી આજદિન સુધી તેઓ (બાયોકેમેસ્ટ્રિ,

જિનેટિક્સ અને પ્લાન્ટબ્રીડિંગ) સજીવરસાયણશાસ્ત્ર, જનીનશાસ્ત્ર અને વનસ્પતિ પ્રજનનશાસ્ત્ર એમ ત્રણ-ત્રણ વિભાગના વડા વૈજ્ઞાનિકની જવાબદારી સંભાળે છે. તેઓની એકધારી સેવાઓને પરિણામે તેમને મળેલ બિરુદ અને પારિતોષિકો નીચે પ્રમાણે છે : ૧) ૧૯૫૫માં પંજાબ યુનિવર્સિટીના શ્રેષ્ઠ સર્વોત્તમ વિદ્યાર્થીનું બિરુદ. ૨) ૧૯૭૭માં દુનિયાના ઉત્તમ વનસ્પતિ પ્રજનનશાસ્ત્રનું ડૉ. બોરલોગ પારિતોષિક. ૩) ફિલિપાઈન્સનું વનસ્પતિ ઉદ્યોગમંડળ (પ્લાન્ટ ઇન્ડસ્ટ્રિ બ્યુરો)નું પારિતોષિક. ૪) ૧૯૮૬માં ફિલિપાઈન્સના પાક વિજ્ઞાનમંડળ (ક્રોપ સાયન્સ સોસાયટી)નું સભ્યપદ. ૫) જાપાનના (સાયન્સ એન્ડ ટેક્નોલોજી ફાઉન્ડેશન) વિજ્ઞાન અને ટેક્નિક પ્રતિષ્ઠાનનું પારિતોષિક. ૬) ૧૯૮૭માં અમેરિકન કૃષિવિજ્ઞાન (અમેરિકન સોસાયટી ઑફ એગ્રોનોમી)નું માનદ સભ્યપદ. ૭) પંજાબકૃષિ વિશ્વવિદ્યાલયે તેમને માનદ ડૉક્ટરેટની ઉપાધિ આપી. ૮) ૧૯૮૯માં અમેરિકન કૃષિવિજ્ઞાન મંડળનો પુરસ્કાર. ૯) અમેરિકાના કૅલિફોર્નિયાની ડેવિસ યુનિવર્સિટીએ ૧૯૯૦માં આંતરરાષ્ટ્રિય ઇમર્ક પુરસ્કાર આપ્યો. ૧૦) (ઇન્ડિયન સોસાયટી ઑફ જિનેટિક્સ ઍન્ડ પ્લાન્ટ બ્રીડિંગ) ભારતીય જનીનશાસ્ત્ર અને વનસ્પતિ પ્રજનનશાસ્ત્ર મંડળે ૧૯૯૧માં પુરસ્કાર આપ્યો. આ ઉપરાંત :.

૧) જિનેટિક સોસાયટી ઑફ અમેરિકા, ૨) બોટાનિકલ સોસાયટી ઑફ અમેરિકા, ૩) ક્રૉપ સાયન્સ સોસાયટી ઑફ અમેરિકા, ૪) ક્રૉપ સાયન્સ સોસાયટી ઑફ ફિલિપાઈન્સ, ૫) ઇન્ડિયન સોસાયટી ઑફ જિનેટિક્સ એન્ડ પ્લાન્ટ બ્રીડિંગ, ૬) સોસાયટી, ફોર ધી એડવાન્સમેન્ટ ઑફ બ્રીડિંગ રિસર્ચ ઇન એશિયા ઍન્ડ ઓસાનિયાએ તેમનું આજીવન માનદ સભ્યપદ આપીને ગૌરવ કર્યું છે. હાલ તેઓ આ મંડળના ઉપપ્રમુખ બન્યા છે. તેમના સંશોધનની કદર કરીને ૧) ૧૯૭૫માં ઍકેડેમી ઑફ સાયન્સીસ, ૨) ૧૯૭૭માં ઇન્ડિયન નેશનલ સાયન્સ ઍકેડેમી, ૩) ૧૯૮૯માં ફોરિન એસોસીએટ નેશનલ ઍકેડેમી ઑફ સાયન્સીસ, અમેરિકા, તથા ૪) ૧૯૯૦માં થર્ડ વર્લ્ડ ઍકેડેમી ઑફ સાયન્સીસ, ૫) ૧૯૯૧માં ઇન્ડિયન એકેડેમી ઑફ સાયન્સીસ, ૬) ઇન્ડિયન એકેડેમી ઑફ એગ્રિકલ્ચર સાયન્સીસ, ૭) ૧૯૯૫માં રોયલ સોસાયટી ઑફ લંડને પોતાના કાયમી સભ્યપદનું બિરુદ આપીને તેમનું બહુમાન કર્યું છે.

ડૉ. ખુશ દેશ-વિદેશના વૈજ્ઞાનિક સંશોધન પ્રકાશનોના સંપાદક મંડળના સભ્ય છે. જેવા કે ૧. જર્નલ ઑફ થીઍરેટિકલ એન્ડ એપ્લાઈડ જિનેટીક્સ 'ટાંગ', અમેરિકા, ૨. ભારતનું જિનેટિક્સ એન્ડ પ્લાન્ટ બ્રીડિંગ, ૩. જીનેટીક્સ એન્ડ પ્લાન્ટ બ્રીડિંગ એબ્સ્ટ્રેક્ટ, ફિલિપાઈન્સ, ૪. ક્રૉપ ઇમ્યુવમેન્ટ, ફિલિપાઈન્સ, ૫. ઓરાઈઝ્રા, જાપાન, ૬. રાઈસ જિનેટિક ન્યૂઝ લેટર, ઇરી-ફિલિપાઈન્સ... વગેરે

દુનિયાના ડાંગર પકવનારા આગળ પડતા દેશોની સરકારે ડૉ. ખુશને ડાંગરના તજ્જ્ઞ વૈજ્ઞાનિક સલાહકાર નીમ્યા છે, તેમાં

૧) ચીન, ભારત, બંગ્લાદેશ, ભૂતાન, માઈનામાર, કમ્બોડિયા, ઇન્ડોનેશિયા, ઇજિપ્ત, ઇરાન, કોરિયા, મડાગાસ્કર, નેપાલ, શ્રીલંકા, વિયેટ્નામ, ઑસ્ટ્રેલિયા છે.
૨) અમેરિકાના રોકફેલર ફાઉન્ડેશનની રાઈસ બાયો-ટેકનોલોજીની સલાહકાર સમિતિનાં તેઓ સભ્ય છે.
૩) અમેરિકાની મિશિગન સ્ટેટ યુનિવર્સિટીની એગ્રિકલ્ચર બાયોટેકનોલોજીના સલાહકાર મંડળના સભ્ય બનાવ્યા છે.
૪) થર્ડ વર્લ્ડ ઍકેડૅમી ઑફ સાયન્સીઝના તેઓ સલાહકાર છે.

અનેક પ્રકારની વિવિધતાવાળી જવાબદારીઓ સાથે સાથે દુનિયાના બીજી પેઢીના વિજ્ઞાનીઓને તાલીમ આપવામાં તેઓ જાગ્રત છે. તેમના માર્ગદર્શન હેઠળ (૧) પોસ્ટ ડૉક્ટરેટ-૨૦, (૨) પી.એચ.ડી. - ૧૩, (૩) એમ.એસ.સી.-૨૫, (૪) નૉન ડિગ્રીવાળા - ૬૦, (૫) ડાંગરના પ્લાન્ટ બ્રીડર-૨૧૦ વિદ્યાર્થીઓને તૈયાર કર્યા છે અને તે પ્રક્રિયા ચાલુ છે.

દુનિયાના ઉત્તમ વિજ્ઞાનીઓના પાયાના સંશોધનમાં ડૉ. ખુશનો ફાળો ઘણો મોટો છે. તેમણે ૧. ધાન્ય પાકોની ખાવાની અને જંગલી જાતોના કોષવિજ્ઞાન સંબંધી શોધ કરી છે. ૨. ટામેટના દ્વિતીય, તૃતીય અને પ્રતિકારક એકાધિસૂત્રના ગુણધર્મો નક્કી કરી તેમનું સ્થાન દર્શાવતા નકશાઓ તૈયાર કર્યા છે. ૩. ટામેટામાં કૃત્રિમ ઊણપની પદ્ધતિથી રંગસૂત્રોનાં સ્થાન નક્કી કર્યાં છે. ૪. ડાંગરના પ્રાથમિક પ્રતિકારક રંગસૂત્રોને શોધવામાં પહેલ કરી અને તેના જુદા જુદા સમૂહોનું જોડાણ કર્યું છે. ૫. ડાંગરના રોગ અને જીવાત સામે ટક્કર ઝીલી શકે એવાં પ્રતિકારક જનીનની શોધ કરી છે. ૬. ડાંગરની જંગલી જાતો અને ખાઈ શકાય તેવી જાતોનું સંકરણ પદ્ધતિથી તથા ગર્ભરોપણ પદ્ધતિથી નવી નવી જાતો પેદા કરી છે તે વધુ ઉત્પાદન આપે તેવી છે.

તેમના આ પાયાના સંશોધનનાં પરિણામો આશ્ચર્યજનક મળ્યાં છે. એશિયાના દેશો દુનિયાની ૯૦ ટકા જેટલી ડાંગર પકવે છે. તેનો ઉતારો સરેરાશ ૧૯૬૦-૬૧માં ૧-૩ ટન હેક્ટરે હતો જે ૧૯૯૦માં વધીને ૩ થી ૫ ટન થયો છે. પરિણામે ૧૯૬૬માં દુનિયાનું ડાંગરનું ઉત્પાદન ૨૫૬ કરોડ ટન હતું તે વધીને ૧૯૯૦માં ૫૧૮ કરોડ ટન થયું છે. ૧૯૬૦માં એશિયાના ઘણા દેશો ચોખા આયાત કરતા હતા તે હવે નિકાસ કરતા થયા છે. દુનિયાના ચોખા ખાનારાઓને માથાદીઠ મળતી કૅલરીમાં છેલ્લાં ૨૫ વર્ષોમાં વધારો થયો છે, જે ઇન્ડોનેશિયામાં ૮૧ ટકાથી વધીને ૧૨૦ ટકા, ચીનમાં ૮૬ ટકાથી વધીને ૧૧૧ ટકા ફિલિપાઈન્સમાં ૮૨ ટકાથી વધીને ૯૯ ટકા અને ભારતમાં ૮૯

ટકાથી વધીને ૯૪ ટકાનો વધારો નોંધાયો છે.

ડૉ. ખુશ અને તેમના મદદનીશ વિજ્ઞાનીઓના સહિયારા પ્રયત્નોથી છેલ્લાં ૨૫ વર્ષોમાં ડાંગરની નવીનવી ૩૦૦ જાતો શોધાઈ છે. આજે દુનિયાના ડાંગરના ૫૦ થી ૬૦ ટકા વિસ્તારમાં આ નવી જાતોની ખેતી થાય છે. પરિણામે ડાંગરનું સરેરાશ ઉત્પાદન બમણું થયું છે. તેમ વસતિવધારો પણ બમણો થયો છે.

પાણીપિયતની જ્યાં વ્યવસ્થા છે તે દેશોમાં ડાંગરના એકને બદલે બે કે ત્રણ પાક લેવાય છે. ગંગા-જમનાના બાંગ્લાદેશમાં આવેલા ડુબત વિસ્તારો, થાઈલૅન્ડ-ઇન્ડોનેશિયાના ડૂબત વિસ્તારોમાં જ્યાં ૧ થી ૩ મીટર પાણી ભરાઈ રહે છે ત્યાં તરતી ડાંગરની નવી જાતો બમણું ઉત્પાદન આપે છે. ટૂંકા ગાળાની, વધુ ઉત્પાદન આપતી, પહાડી પ્રદેશોની નવી જાતો બમણી પાકે છે. પરિણામે ડાંગરની ખેતીના ખર્ચમાં ઘટાડો થયો છે. એક મોસમને બદલે બે કે ત્રણ મોસમમાં વધુ ડાંગર પાકવાથી વધુ રોજી મળતી થઈ છે. ડાંગરનું કુલ દુનિયાનું ક્ષેત્રફળ ઘટતું હોવા છતાં ઉત્પાદન વધ્યું છે. વીસમી સદીમાં દુનિયાને ભરપેટ ચોખા ખાવા મળ્યા છે. પણ એકવીસમી સદીમાં વસતિ વધારો અનહદ થશે ત્યારે માનવજાતને પૂરતા ચોખા ખવડાવવા માટે આવતાં ૨૫ વર્ષોમાં બમણા કરતાં વધારે ચોખા જોઈશે.

તે માટે ડૉ. ખુશે છેલ્લાં પાંચ વર્ષોમાં એક સુપર રાઈસની નવી જાત શોધી છે. તેમાં ફૂટની સંખ્યા ૧૦ થી ૧૫ હશે. દરેક ફૂટને મોટી ભરાવદાર કંટી હશે. જેમાં રોગકિટકોની પ્રતિકારકતા હશે. દાણાનું વજન વધારે હશે. ઝીણી તેમજ જાડી ડાંગરની સુગંધિત જાતો પણ મળશે, જેનાથી આવતાં ૫-૭ વર્ષોમાં ડાંગરનું સરેરાશ ઉત્પાદન ૧૦ થી ૨૫ ટકા વધશે. આ નવી જાતો ખેડૂતોનાં ખેતરોમાં પ્રાયોગિક ધોરણે આપવામાં આવી છે અને તેમાં સફળતા મળી રહી છે.

આજે દુનિયાની ૭ અબજ જેટલી વસતિને ભરપેટ ચોખા ખવડાવનાર ડૉ. ખુશને આવતી કાલે એકવીસમી સદીમાં ૧૦-૧૫ અબજની વસતિને ભરપેટ ચોખા મળી રહે એવી આશા છે.

તેમના જીવનની પ્રગતિનાં અનેક સોપાનોના પાયામાં તેમનાં ધર્મપત્ની ડૉ. હરવન્તબહેન ખુશનો મોટો ફાળો છે. તેમને એક દીકરો રણજીવ છે. મંજીવ, સોનિયા અને કિરણ ત્રણ દીકરીઓ છે. દિનરાત ગળાડૂબ સંશોધન માટે તેઓ રોજના ૧૦ થી ૧૫ કલાકો પોતાની પ્રયોગશાળામાં ગાળે છે. દર મહિનાનો એક રવિવાર મનીલાની આસપાસ વસેલા શીખ કુટુંબો સાથે શબદકીર્તનમાં સપરિવાર ગાળે છે. ગોકુળઅષ્ટમી, નાનકજયંતી, રામનવમી, દિવાળી જેવા જાહેર ધાર્મિક તહેવારોના જાહેર કાર્યક્રમોમાં હોંશેહોંશે ભજનકીર્તન કરવાનું ચૂકતા નથી.

૧૯૯૪ના ડિસેમ્બરના 'ટાઈમ' મૅગેઝિનના છેલ્લા અંકમાં ઈરીના સુપર રાઈસના સુપર વિજ્ઞાનીનું બિરુદ આપી તેમનું બહુમાન કર્યું છે. દુનિયાના અબજો ગરીબ-તવંગર ચોખા ખાનારાઓને ભરપેટ ચોખા ખવડાવનાર ગઈ કાલના, આજના અને આવતી કાલના આપણા લાડીલા ભારતીય સુપર રાઈસના સુપર વિજ્ઞાની ડૉ. ખુશને આપણા બધાનાં હાર્દિક અભિનંદન !
('ઈરી ન્યૂઝ લેટર ૧૯૯૫, તથા તેમના બાયોડેટામાંથી સાભાર')

- રાજુભાઈ જંત્રાણિયા

ભારતીય અવકાશ કાર્યક્રમની નોંધપાત્ર સિદ્ધિઓ

ભારતીય અવકાશ સંશોધન ક્ષેત્રે નીચે મુજબની ઘટનાઓ અને વર્ષો નોંધપાત્ર ગણાય છે :

૧૯૬૯ : ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઇસરો)ની સ્થાપના.

૧૯૭૫ : પ્રથમ ભારતીય ઉપગ્રહ, આર્યભટ્ટ, સોવિયેત યુનિયન ખાતેથી છોડવામાં આવ્યો.

૧૯૭૯ : પૃથ્વી નિરીક્ષણ માટે દ્વિતીય ઉપગ્રહ ભાસ્કર-૧ સોવિયેત સંઘ ખાતેથી છોડાયો.

૧૯૮૦ : ભારતનું પ્રથમ ઉપગ્રહ પ્રક્ષેપણ વાહન (એસએલવી-૩) રોહિણી ઉપગ્રહ સહિત શ્રીહરિકોટા ખાતેથી છોડવામાં આવ્યું.

૧૯૮૧ : પ્રથમ પ્રાયોગિક ભૂ-સ્થિત સંચાર ઉપગ્રહ એપલ, ફ્રાન્સના કોઉરોઉ ખાતેથી છોડાયો.

૧૯૮૧ : ભાસ્કર-૨ ઉપગ્રહ સોવિયેત સંઘ ખાતેથી છોડાયો.

૧૯૮૩ : રોહિણી-૨ ઉપગ્રહ સાથે એસએલવી-૩ યાન શ્રીહરિકોટા ખાતેથી છોડવામાં આવ્યું.

૧૯૮૩ : બહુલક્ષીય ઉપગ્રહ ઈન્સેટ-૧બી અમેરિકા ખાતેથી છોડાયો.

૧૯૮૪ : પ્રથમ ભારત-સોવિયેત સ્પેશ મિશનનો આરંભ.

૧૯૮૮ : ભારતનો પ્રથમ દૂર સંવેદન ઉપગ્રહ, આઈઆરએસ-એક 'એ' સોવિયેત સંઘમાંથી તરતો મુકાયો.

૧૯૯૦ : ઈન્સેટ-૧-ડી ફ્રાન્સના કોઉરોઉ ખાતેથી છોડાયો.

૧૯૯૧ : આઈઆરએસ-એક 'બી' સોવિયેત સંઘમાંથી તરતો મુકાયો.

૧૯૯૨ : એસએલવી-ડી-૩ યાનને સોસ-સી ઉપગ્રહ સાથે શ્રીહરિકોટા ખાતેથી છોડાયું.

૧૯૯૨ : ઈન્સેટ શ્રેણીમાં પ્રથમ સ્વદેશનિર્મિત સેકન્ડ જનરેશન ઉપગ્રહ ઈન્સેટ-૨ ફ્રાન્સના કોઉરાઉ ખાતેથી છોડાયો.

૧૯૯૩ : ઈન્સેટ-૨-બી કોઉરાઉ ખાતેથી છોડાયો.

મે ૪, ૧૯૯૪ : શ્રી હરિકોટા રેન્જથી સોસ-૨ ઉપગ્રહ સાથે એએસએલવી-ડી ૪ યાન છોડાયું.

ડિસે. ૭, ૧૯૯૫ : ફ્રેન્ચ ગયાનામાં કુરુ ખાતેથી ઈન્સેટ-૨-સીને અવકાશમાં તરતો મુકાયો. □

સ્વારથ કો સબ કોઈ સગા, જગ સગલા હી જાંનિ,
બિનસ્વારથ આદર કરૈ, સો હરિ કી પ્રીતિ પિછાંની.

— કબીર

ઈટાલીના એસીસી નગરના ધનાઢ્ય વેપારી પિએટ્રોનો પુત્ર ખૂબ ઉડાઉ અને મોજીલો હતો. એક વાર દુશ્મનોને હાથે કેદ પકડાયો. કારાવાસમાં એની આંખ ઊઘડી અને આત્મચિંતન કરવા લાગ્યો. પરિણામે કારાવાસમાંથી છૂટ્યા પછી એણે પિતાનું ધન છુટ્ટે હાથે ગરીબોને વહેંચવા માંડ્યું. પિતાએ કોર્ટમાં પુત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી પોતાના વારસામાંથી મુક્ત કરી દીધો. તેણે પિતાને સંભળાવી દીધું, 'આ તમારું ધન અને આ તમારાં વસ્ત્રો. મારા પિતાનું નામ તો ઈસુ છે.' અને તે ગરીબોની સેવાર્થે સાધુ બની ચાલી નીકળ્યો. એણે ખૂબ ભ્રમણ કર્યું, દીનદુખિયાંની સેવાચાકરી કરી. એમની ભલામણથી ત્યારે પોપે સ્ત્રીઓને પણ સાધ્વીજીવન ગાળવાની છૂટ આપી. એમનો ઉપદેશ હતો : પ્રભુમાં શ્રદ્ધા, અકિંચનતા અને શીલસંયમ. આ વ્યક્તિ તે એસીસીના સાદાસીધા વિખ્યાત સંત ફ્રાન્સિસ.

સ્વીડન અને ઑસ્ટ્રિયામાં નાતાલના પર્વ દરમિયાન મા-બાપ જો પોતાના બાળકને મારે અને તે બાળક જો ફરિયાદ નોંધાવે તો મારનાર મા-બાપને જેલની સજા ભોગવવી પડે છે.

ઈસુએ મોત્રીસને જ્યાં ઉપદેશ આપ્યો હતો તે સિનાઈ પર્વતના પુસ્તકાલયમાં ત્રણ હજાર અપ્રાપ્ય હસ્તલિખિત ગ્રંથો છે. આ પુસ્તકાલયમાં સોનાઝવેરાતથી જડેલા 'બાઈબલ'થી માંડીને તાડપત્ર પર લખેલા ગ્રંથો છે, જેમાંના કેટલાક ગ્રીક અને લૅટિન ભાષામાં લખાએલા ચોથી સદીના છે.

ઑસ્ટ્રેલિયામાં 'ગ્લાસ ઇલ' નામની માછલી થાય છે. તેનું શરીર એટલું બધું પારદર્શક હોય છે કે એની આરપારથી કોઈ પુસ્તકનું પાનું વાંચી શકાય છે.

રાજકોટ પાસેના વીરવા ગામના દરબાર ત્રાંબાના કે પિત્તળના મજબૂત ત્રાંસને કાગળની માફક બે હાથે ચીરી નાખતા !

ઈ.સ. ૧૮૯૦ માં તૈયાર થયેલા વાન ગોઘના જાણીતા ચિત્ર Sous Bois (The Thicket-ઝાડી) 'સધેબિઝ ઑક્શન




હાઉસ' ખાતે ૨૭ મિલિયન ડૉલર(૨૭૦૦૦૦૦૦)માં વેચાયું !

ઈંગ્લન્ડના ડ્યૂક નામના કારીગરે બનાવેલા ક્રિકેટના 'એ' ગ્રેડના દડા રૂ. ૧૨૦૦નો એકના ભાવે વેચાય છે.

સ્વિટ્ઝર્લૅન્ડમાં સાત ગ્રામ કરતાં પણ ઓછા વજનનું દુનિયાનું સૌથી નાનામાં નાનું ઘડિયાળ છે.

અમેરિકામાં મળી આવતું 'હમિંગબર્ડ' પંખી તેની પાંખોના ઝડપી ફડફડાટથી જન્મતા ગુંજનાત્મક રવને કારણે આ નામાભિધાન પામ્યું છે. એ સુંદર રંગનું હોય છે અને તેની તીણી લાંબી




ચાંચમાંની જીભથી પુષ્પોમાંનું મધુ ગ્રહણ કરે છે. તે જંતુઓને પણ આ ચાંચથી પોતાનો શિકાર બનાવે છે. આપણે તેને ગુંજન પંખી કહીએ છીએ અને તે લગભગ પતંગિયા જેવડું ટચૂકડું જ છે.

ઈઝરાયલના તેલ નામી ખાતે હાઈફા યુનિવર્સિટીના 'ધ મૅરિટાઈમ સિવિલાઈઝેશન ઍન્ડ ઇઝરાયલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ



આર્કિઑલૉજી' વિભાગે તાજેતરમાં હાથ ધરેલ ખોદકામ દરમિયાન મળી આવેલું ઈ.સ. પૂ. ૧૩મી સદીનું પિત્તળનું સ્ત્રી-આકારનું ધૂપદાન.



કલાકણિકા. ચીનમાં શાંગ વંશ દરમિયાન તૈયાર કરવામાં આવેલો ખાદ્ય સામગ્રી રાખવાનો પિત્તળનો સુશોભનમંડિત દાબડો.

લહર વારિની

જૂઈ સમી ક્યારી મહીં ખીલી તું,
હું સૂર્યના કર થઈ વરસ્યા કરું છું.
જાગે હવે સ્વપ્ન ઉરે સુવાસિલું
કે મૃત્તિકા, પાન અનેક પુષ્પ શું

આષાઢીલા મેઘ સમો હું વર્ષું.
ઘેને ભર્યા મુક્ત સહુ કણેકણ,
જલો સરે મૂળની ઘૂંટ સોબતે,
પ્રસ્પંદ થૈ નીરવ ડાળડાળીએ

નીલી નસો મહીં હસું કલનાદ સંગે.
હું બારમાસી થઈ મેઘ, ને દ્રવું,
સદા નવેલે અવતાર સંચરું,
ને ધૂલિમાં આત્મવિહાર આદરું.

રૂપાન્તરે લહર એક જ વારિની લસે,
માટી મહીં ગગનની ભર વાદળી હસે !

(વ્રજલાલ દવેનું એક અપ્રકટ કાવ્ય)



બિલ્લી અને બાળા] [ફોટો : પ્રાણલાલ પટેલ

બિલાડીને ખવડાવી રહેલી બાળાની આ તસ્વીરમાં છાયા-પ્રકાશની સંરચના તસ્વીરકારના કસબની દ્યોતક છે. પાછળથી ફેંકાતો પ્રકાશ બિલાડીના કાન-મસ્તક અને બાળાના બે હાથની આંગળીઓની જે આકૃતિ રચે છે તે તસ્વીરનું કેન્દ્ર બની રહે છે.